# રૂહ શું છે ?

(રૂહના વિષય પર
૧૦૦ સવાલ અને જવાબ)

લેખક :
અલ્લામા નસીરૂદ્દીન "નસીર" હુંઝાઇ

ખાનાએ હિકમત–ઇદારાએ આરીફ

# રૂહ શું છે ?

## (રૂહના વિષય પર
## ૧૦૦ સવાલ અને જવાબ)


લેખક

**અલ્લામા નસીરૂદ્દીન હુંઝાઈ**


◻


અનુવાદક

**અકબર હબીબ રાજન**



પ્રકાશક

**ખાનાએ હિકમત–ઈદારાએ આરીફ**

૩–A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી–૩.



ISWLS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# અનુક્રમણિકા

પાના નંબર


(૧) આરંભના શબ્દો ........ ૩
(૨) પ્રથમ પ્રકરણ :
૧ વનસ્પતીની રૂહ ........ ૯
૨ હૈવાની રૂહ ........ ૯
૩ ઈન્સાની રૂહ ........ ૯
૪ પવીત્ર રૂહ ........ ૧૦
૫ રૂહની વહેંચણીનો કોયડો ........ ૧૧
૬ રૂહ અને નૂર ........ ૧૨
૭ કુરાનની રૂહ ........ ૧૨
૮ ખુદાની રૂહ ........ ૧૩
૯ કાયનાતની રૂહ ........ ૧૩
૧૦ દરેક વસ્તુમાં રૂહ ........ ૧૪
૧૧ ઈમાનની રૂહ ........ ૧૪
૧૨ સ્વપ્ન અને રૂહ ........ ૧૫
૧૩ ઝીકર અને રૂહ ........ ૧૫
૧૪ રૂહનો રસ્તો ........ ૧૬
૧૫ બોલતી રૂહનું મૂળસ્થાન ........ ૧૬
૧૬ રૂહોની ગોઠવણી ........ ૧૭
૧૭ નફસ કે રૂહ ........ ૧૭
૧૮ રૂહ અને લોહીનું દાન ........ ૧૮
૧૯ રૂહના દરજ્જાઓ ........ ૧૮
૨૦ મારફતની રૂહ ........ ૧૯
(૩) પ્રકરણ બીજું
૨૧ અસંખ્ય રૂહો ........ ૨૦
૨૨ શબ્દ "રૂહ" કેટલીવાર ........ ૨૦



ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
a united humanity

પાના નંબર


૨૩ રૂહનું ખાસ સ્વરૂપ ....................................... ૨૧
૨૪ રૂહાનીયતનો અનુભવ ....................................... ૨૨
૨૫ રૂહનું બદલી થવું ....................................... ૨૨
૨૬ તાજગી અને નવું કરવું ....................................... ૨૩
૨૭ રૂહ ક્યારથી છે ? ....................................... ૨૩
૨૮ નફસે વાહીદા ....................................... ૨૪
૨૯ ઈસ્મે આઝમ ....................................... ૨૪
૩૦ ખુદાઈ રૂહ ફુંકી દેવું ....................................... ૨૫
૩૧ "અરવાહ" કેમ નહિ ? ....................................... ૨૫
૩૨ ફરીશ્તાઓનું લશ્કર અને સરદાર ....................................... ૨૬
૩૩ રૂહ અને ફરીશ્તા ....................................... ૨૭
૩૪ પ્રગતિ પામેલ રૂહ ....................................... ૨૮
૩૫ ખાસ રૂહ ....................................... ૨૯
૩૬ શબ્દ (ઝુર્રીયત) વંશની હિકમત ....................................... ૩૦
૩૭ નૂહનું વહાણ અને રૂહાની રજકણ ....................................... ૩૨
૩૮ આપણે પહેલાં હતા કે આદમ ....................................... ૩૨
૩૯ લોકો બાબા આદમ (અ.સ.)થી પહેલાં ....................................... ૩૪
૪૦ ક્યામતનો સૂર ....................................... ૩૫

(૪) <u>ત્રીજું પ્રકરણ</u>

૪૧ રૂહની તસ્વીર (છબી) ....................................... ૩૮
૪૨ સ્પર્શથી (અડકવાથી) કે અક્લથી ....................................... ૩૯
૪૩ રવ અને રૂહ ....................................... ૪૦
૪૪ ઈમામનું નામ "અર્રૂહ" ....................................... ૪૧
૪૫ રૂહના આશીક ....................................... ૪૨
૪૬ પાક રૂહ ....................................... ૪૪
૪૭ આકાશી શરીર ....................................... ૪૬
૪૮ જીબ્રાઈલની શક્તિ ....................................... ૪૬


ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

પાના નંબર


૪૯ રૂહ અને શરીરનું એક સરખું હોવું ........................૪૬
૫૦ પક્ષી અને ફળની તાવીલ ........................................૪૭
૫૧ મડદાઓનું દુનિયાને નિરખવું ..................................૪૮
૫૨ ઝુલ્કરનૈન અને યાજૂજ માજૂજ ...............................૫૦
૫૩ રૂહાની ખોરાક ......................................................૫૨
૫૪ રૂહની ઝરુરાત .......................................................૫૩
૫૫ રૂહની તજલ્લીઓનો હેતૂ ..........................................૫૪
૫૬ નૂરની બદલી ........................................................૫૪
૫૭ સગપણનો અંત .....................................................૫૫
૫૮ પક્ષીઓની બોલી કે રૂહોની ભાષા ..........................૫૬
૫૯ રૂહાની હુદ હુદ .....................................................૫૮
૬૦ કઇ રૂહની કઇ આદત ? ........................................૬૦

(૫) <u>ચોથું પ્રકરણ</u>

૬૧ દીવો અને દીવાની ચીનગારી ...................................૬૧
૬૨ હઝરત મૂસાની માતા .............................................૬૨
૬૩ નીચલા ફરીશ્તા ....................................................૬૩
૬૪ મોમનનું ઉડ્ડયન ....................................................૬૩
૬૫ બહેશ્તમાં ઇબાદત .................................................૬૪
૬૬ જન્નતમાં ઉડ્ડયન કેવું ? .........................................૬૫
૬૭ ઉડતી રકાબી ........................................................૬૭
૬૮ અર્શ (સિંહાસન) કે રૂહ ...........................................૬૮
૬૯ રૂંવાટા ઊભા થઇ જવા ..........................................૬૯
૭૦ જીન્નાત અને ઇન્સાનનો સંબંધ ...............................૭૦
૭૧ ટેલીપેથી ...............................................................૭૨
૭૨ રૂહાનીયતનો વસીલો .............................................૭૩
૭૩ બે (૨)ની મહત્વતા ...............................................૭૫
૭૪ ખુદાને ત્યાં ભુત અને ભવિષ્ય કાળ નથી .............૭૬

પાના નંબર


૭૫ સુક્ષ્મ અને ઘટ્ટનું વર્તુળ ..........૭૭
૭૬ એક આશ્ચર્ય પમાડનારી હિકમત ..........૭૯
૭૭ અતીશય મહાન ભેદ ..........૮૦
૭૮ સીતારાઓની રૂહ ..........૮૧
૭૯ કીડા અને પતંગીયાનું વર્તુળ ..........૮૨
૮૦ રૂહના છેડા બે છે ..........૮૪

(૬) <u>પાંચમનું પ્રકરણ</u>

૮૧ ખાકી શરીર (માટીનું શરીર) હંમેશનું નથી ..........૮૬
૮૨ જન્નતની મારફત ..........૮૭
૮૩ પરીવર્તન પામેલું (પાછું વળેલું) નૂર ..........૮૮
૮૪ અઝરાઈલ અને રૂહનું કબ્જે કરવું ..........૯૦
૮૫ નફસની મોત અને શરીરની મોત ..........૯૧
૮૬ કણોનું જગત (આલમે ઝર) ..........૯૨
૮૭ રૂહાની યુધ્ધ ..........૯૩
૮૮ ખુદાઈ લશ્કર ..........૯૪
૮૯ શેતાન ક્યા હથીયારથી ડરે છે ..........૯૫
૯૦ યૌમે અકીમ (ક્યામતનો દિવસ) ..........૯૬
૯૧ ઈબ્રાહીમ (અ.સ.)ના ચાર પક્ષી ..........૯૬
૯૨ સલમાન - બેહશ્તનો દરવાજો ..........૯૭
૯૩ તખ્લીક (રચના)ની કલ્પના ..........૯૯
૯૪ કુરાનની રૂહાનીયત ..........૧૦૦
૯૫ ઈસા(અ.સ.)નો મોઅજીઝો ..........૧૦૧
૯૬ ઝાડ અને નૂર ..........૧૦૨
૯૭ આસમાની આગ ..........૧૦૩
૯૮ મલ્કુત - રૂહાનીયત ..........૧૦૪
૯૯ દુનિયાઓ ..........૧૦૫
૧૦૦ યદુલ્લાહની હિકમત ..........૧૦૬

# આરંભના શબ્દો

"રૂહ શું છે ?" જેવા સૌથી મુશ્કીલ વિષય ઉપર ૧૦૦ સવાલ અને જવાબ"નું ખુલાસાઓથી ભરપૂર અને ફાયદામંદ પુસ્તક જે રીતે સંપૂર્ણ થયું છે તે ખરી રીતે આ નાચીઝ બંદાના પ્રયત્નોનું પરિણામ હરગીઝ નથી, બલ્કે તે તો ખુદાવંદની મહેરબાનીઓનો ઈલ્મી ચમત્કાર છે જે દૂર અને નજીકના ઘણા પાક અને પવિત્ર દીલોની પાક દુઆઓ થકી અસ્તીત્વમાં આવ્યો, આ વાત મારી મૂળ માન્યતાઓમાંથી છે, હું ઈમાની લોકોની દીલથી માગેલી દુઆને રૂહાની મદદનું સાધન સમજું છું.

ઈમામે ઝમાન (અ.સ.)ના આ અદના સેવકને જોઈએ કે તે પોતાની નમ્ર રૂહના સઘળા કણોને ભેગા કરીને હજારગણી આજીઝી અને નમ્રતાની સાથે સીજદામાં માથું નમાવીને ખુદાવંદ મહેરબાનના મહાન ઉપકારોનો પાડ માને. જો આ અદના સેવક પોતાના શરીર અને જાનના અસંખ્ય કણોનો એવો મેળાપ પ્રાપ્ત કરવામાં સફળ પણ થઈ જાય તો પણ મારા માલિક અને મૌલાની હિકમત ભરપૂર ન્યામતો એટલી વધારે અને એટલી આલીશાન છે કે તે તેનો આભાર માનવાનો હક કોઈ પણ રીતે અદા નહી થઈ શકશે.

રહેમતની વર્ષાના આ મોસમમાં પણ હંમેશની જેમ ઈમામતના આકાશે આપણા દરેક ઉપર જે રીતે બરક્તવંતો વરસાદ વરસાવ્યો છે અને તેનાથી મિત્રોના દીલોના બાગમાં જે રૂહાની ખુશહાલીઓ અને

ઉમેદોની વસંત આવી છે તેના પરિણામે અમો કદરદાની અને ઉપકારની લાગણીઓથી ભરાઇ તો જરૂર ગયા છીએ, પરંતુ એ સઘળી મહેરબાનીની શુકરગુઝારીના માટે અમો આપણા આસ્માની બાદશાહની સેવામાં શું નજરાણું રજૂ કરી શકીએ છીએ ? જો આપણે આપણી અદના જાનો તેના રસ્તામાં કુરબાન કરીએ તો પછી પણ હકીકતમાં ક્યું પરાક્રમ થઇ શકે છે કારણ કે આપણી જાન પણ તો તેની જ છે ને !!

"રૂહ શું છે ?"ની ચર્ચા બેહદ રસમય પણ છે અને અતીશય ફાયદામંદ પણ છે, અને આ સૌથી ઊચ્ચ કિમતનો વિષય એવોજરૂરી છે કે તેની તરફ જ્ઞાની અને અક્કલમંદ લોકો જેટલું ધ્યાન આપે તેટલું ઓછું છે. કદાચ કોઇ મિત્ર મને પૂછશે કે આ વાત એટલી મહત્ત્વતા વાળી ક્યા કારણે હોઇ શકે છે ? તો હું એ જણાવીશ કે શું રૂહની મારફત (ઓળખાણ) ખુદાની મારફત નથી ? જેમકે મૌલા અલી (અ.સ.)નું ફરમાન છે કે :

"મન અરફા નફસહુ ફકદ અરફા રબ્બહુ" "જેણે પોતાની રૂહને ઓળખી લીધો તેણે પોતાના પરવરદીગારને ઓળખી લીધો," તો તે આ મુબારક ફરમાનને જરૂર સ્વીકારશે.

જ્યારે આ એક સર્વસામાન્ય સત્ય છે કે મોમનને પોતાને ઓળખવામાં જ ખુદાની ઓળખાણનો મહાનતમ ભંડાર મળી જાય છે, તો તેનો અર્થ એમ થયો કે ખુદા અને ખુદાઈનો આ ભંડાર રૂહની ગુપ્તતા અને રૂહાનીયતના આનંદ-ઈશારાથી ભરપૂર છે. તેમાં કુરાન અને ઈસ્લામની અક્લ અને જાન પણ છે અને નબુવ્વત તથા ઈમામતનું ચમકદાર નૂર પણ છે. અલ્લાહ તઆલાના મહાન અને પ્યારા ભેદોનો આ કિમતી ખજાનો, જેમાં અઝલ અને અબદની સચ્ચાઈઓ અને

મારફતો એકઠી થયેલી છે, તે જ્યારે રૂહાનીયતમાં છે તો પછી રૂહનો વિષય શા માટે મહત્ત્વનો અને જરૂરી ન હોય.

હવે આપણે આ પ્યારા પુસ્તકના સવાલોના વિષે વાત કરીએ કે તે કઇ રીતે તૈયાર થયા અથવા એકઠા થયા. વાત એમ છે કે લાંબા સમયથી રૂહ અને રૂહાનીયત ઉપર જે સવાલો સામાન્ય શબ્દોમાં થતાં આવ્યા છે, એક તો તેને જ શિસ્તબદ્ધ રીતે ગોઠવવામાં આવ્યા છે અને બીજું અહી એ સવાલો છે કે જે અમારા ઘણા જ વહાલા પ્રેસીડેન્ટ ફતેહઅલી હબીબ, બીજાં અમલદારો અને સભ્યોની ઇચ્છા અને ફરમાઇશ ઉપર ખાનાએ હીકમતે બનાવ્યા છે. યાદ રહે કે સામાન્ય અને તર્ક વગરનો સવાલ કોઇ પણ કરી શકે છે પણ એવો સવાલ હકીકી અને રૂહાની જ્ઞાનની ઊંચાઇઓને સ્પર્શી નથી શક્તો, અને ન તો તે હકીક્તો અને મારફતોને દોરી શકે છે માટે વ્યાજબી સવાલ હોવો જોઇએ કે જે કોઇ ઇમારતના વ્યાજબી નકશાના જેવો હોય છે, જે ઉપર હિક્મતથી ભરપૂર જવાબની સુંદર ઇમારત બની શકે છે.

અહી હું મારાં દીની ભાઇઓ, મિત્રો અને વહાલા દોસ્તોને એક જરૂરી સલાહ દેવા ઇચ્છું છું. તે એ છે કે આ પુસ્તક દ્વારા વધુમાં વધુ ઇલ્મી ફાયદો મેળવવાને માટે ખાનાએ હિક્મતના અન્ય પુસ્તકોનો પણ અભ્યાસ કરવામાં આવે, ખાસ કરીને તે પુસ્તકોનો કે જે રૂહ અને રૂહાનીયતના સંબંધમાં છે, કે જેથી તે વિશાળ અભ્યાસ થકી એક તરફ તો વાંચનાર ઉપર આ પુસ્તકના સઘળા અર્થો સ્પષ્ટ થઇ જાય અને બીજી તરફ તેની જાણકારીના ખજાનામાં સારો એવો વધારો થાય.

આ દરવેશ કે જે દુનિયાની અતી ઘણી તકલીફોથી થાકી ગયેલો છે, ખાનાએ હિક્મતના વૃક્ષની છાયા હેઠળ પોતાનું નમ્ર કાર્ય

કરી રહ્યો છે. ખુદા તઆલા આ મેવાથી ભરેલ અને ઘટાદાર વૃક્ષ અને તેની લીલીછમ ડાળીઓને બંને જહાનમાં હંમેશાં હર્યુંભર્યું અને લીલુંછમ તથા ઊચ્ચ–ઉન્નત રાખે!! તેના સ્વાદિષ્ટ અને સુગંધિત ફળોમાં ઉમેદ રાખી હોય તેથી વધારે બરક્ત પેદા કરે, અને તેને પ્રત્યેક સવાર અને સાંજ ધરતી પરના મોમીનો અને મોમીનાતની નેક દુઆઓમાંથી ભાગ મળતો રહે !!

"ખાનાએ હિકમત" ભલે એક નાનકડી, વ્યક્તિગત પ્રકારની સંસ્થા રહી પણ જ્યારે તમો હક પસંદી અને જ્ઞાનને પોષણ દેવાની દૃષ્ટિએ તેની મહત્વતા અને તેના ફાયદાને જોશે તો તે વખતે તમોને એ વાતથી ઘણી અજાયબી થશે કે ઈમામે ઝમાન (અ.સ.)નો ઈરાદો અને હિકમત તથા નૂરાની હીદાયત પ્યારી જમાતની પ્રગતી તથા મજબૂતીના માટે જાહેરમાં પણ તથા બાતિનમાં પણ કેવી રીતે પોતાનું કામ કરતી રહે છે. અલહમ્દોલિલ્લાહ આપણે જમાતની દરેક વ્યક્તિઓ એ વાતને માનીએ છીએ કે આપણો પવીત્ર મઝહબ બાતિની અને રૂહાની છે માટે આપણે હીદાયતના નૂરના મૂળ મારફત જાહેર ઉપરાંત બાતિનના વસીલા ઉપર પણ વિશ્વાસ રાખીએ છીએ અને આપણે બાતિનના ફાયદા તથા રૂહાની સદ્બુદ્ધિ અને મદદના માટે દરેક વખતે દુઆ કરતા રહીએ છીએ. ખાનાએ હિકમતના હોદ્દેદારો તથા સભ્યો ઉપર ખુદાવંદે મહેરબાનની રહેમતની નજર છે, કે તેઓ શીસ્ત અને ઈમાનના નૂરથી શણગારેલાં છે તેઓમાં નમ્રતા અને આજીઝી, ત્યાગભાવના અને દીનદારીની સઘળી ખૂબીઓ મૌજૂદ છે. આ દરેકથી મોટી આરઝુ અને ખુશી એ વાતમાં છે કે તેઓ પોતાના પવીત્ર ઈમામના વહાલા મુરીદોની કોઇ ઈલ્મી સેવા કરી શકે, તેઓ એ જ

ઉચ્ચ હેતુને દૃષ્ટિ સમક્ષ રાખીને વિચારે પણ છે, અને તેને અમલમાં લાવવાના પ્રયત્નો પણ કરે છે. આ પ્રસંગે અમો "આરીફ"ની સંસ્થાને કેમ ભૂલી શકીએ છીએ. આ ખૂબ જ સુંદર સંસ્થા છે. તેણે પશ્ચિમમાં ઈસમાઈલી જમાતના માટે જે અમલી પરાક્રમો (યાદગાર કામો) કરી દેખાડ્યાં છે તે ઘણા જ સંતોષ દેનારા છે અને તેના ભાવિમાં ઘણા ફાયદા થશે. તેના સભ્યો ઘણી ઊંચ્ચ હિમ્મત અને ઉત્સાહ ધરાવે છે. તેમણે સદ્દભાગ્યે ઝમાનાના માલીક સલ્વાતુલ્લાઅલૈહીથી પોતાની આ નિ:સ્વાર્થ ઈલ્મી સેવાને માટે હિકમત ભરપૂર રજા (ઈજાઝત) અને દુઆ મેળવી લીધી છે.

"આરીફ"નું આ સુંદર નામ કેટલું મનગમતું છે, જુઓ તેમાંથી મારફતની સુગંધ આવે છે, કારણ કે આ શબ્દોમાં મારફતની કલ્પના છે અને તેની સગાઈ મૌલા અલી અલૈહીસ્સલામના મુબારક કલામથી છે એટલે કે "મન અરફા નફસહુ ફકદ અરફા રબ્બહુ"ની અસલીયત ઉપર સ્થાએલ છે, માટે ઉમેદ છે કે આ સંસ્થા આગળ જતાં ઘણી જ ફાયદામંદ સાબિત થશે.

મૂળમાં 'ખાનાએ હિકમત' અને 'આરીફ' બેઉ મિત્ર-સંસ્થાઓ છે, બલ્કે કહેવું જોઈએ કે આ એક જ ઈલ્મી હસ્તીના બે નામ છે. ત્યાં પણ અને અહી પણ અમલદારો અને સભ્યો દરેક વખતે એમ જ ઈચ્છે છે કે દીનના જ્ઞાનનો ફેલાવો વધારેથી વધારે થાય. કારણ કે આ મઝહબમાં હીદાયતના નૂરનું મૂળ મૌજૂદ છે તો પછી અહી કોઈ પણ રીતની અજ્ઞાનતા અને નાદાનીના અંધારાને શા માટે રાખવો જોઈએ ?

હૈયાત અને હાજર ઈમામની મહેરબાનીઓ થકી "ખાનાએ

હિકમત" તથા "આરીફ"ની પાસે હાલ બધા મળીને (૧૦૦) એકસો પુસ્તકો મૌજૂદ છે, જેમાંથી લગભગ અર્ધા પુસ્તકો છપાઇ ચૂક્યા છે. આ સઘળા પુસ્તકો ઈસમાઈલી મઝહબ ઉપર છે જે સૌથી મહત્ત્વના વિષયો ઉપર આધારિત્ત છે જેમકે "તૌહીદની કલ્પના (તસવ્વુરે તૌહીદ") "એક હકીકત" (**MONO REALISM**), કુરઆનની હિકમત અને તાવીલ, ઈસ્મે આઝમ, ઝીક્ર બંદગી, (માઆરૂફે ઈસ્લામ) ઈસ્લામની ઓળખ, (હકાઈકે બૈયત) બૈયતની હકીક્ત, અસરારે ઈમામત, (નઝરીયાએ ક્યામત) ક્યામતની માન્યતા, રૂહની મારફત અને રૂહાનીયત, ખુદીની ફીલ્સુફી, મઝહબ અને વિજ્ઞાન, જમાતી ખીદમત, નૂરની હકીક્ત, ઈમામતની સાબિતી, મએરાજની કેફીયત વિગેરે, આ પુસ્તકો ઈન્શાઅલ્લાહ હાલ અને ભવિષ્યમાં જ્ઞાન-ઈલ્મ વાળાઓના માટે મદદગાર સાબિત થઇ શકે છે.

છેવટમાં આજીઝી સાથે દુઆ છે કે પરવરદીગાર પોતાની અગણિત રહેમતોથી 'ખાનએ હિકમત' અને 'આરિફ'ના નેક અમલદારો તથા સભ્યોને મઝહબ અને કોમની ઈલ્મી સેવાના માટે દરેક વેળાએ નૂરાની તૌફીક અને ઉચ્ચ હિમ્મત અર્પણ કરે ! તેમને દુનિયા અને આકબતની સફળતા અને સરફરાઝી અર્પણ કરે ! ખુદાવંદ બરહક્ક જુમલે જમાતને રૂહાની જ્ઞાન અને નૂરાની મારફતની અનંત દોલતથી માલામાલ કરી દીયે ! આમીન ! !

**વખતના ઈમામનો કમઝોર ગુલામ,**

**નસીરૂદીન નસીર હુંઝાઈ**

મંગળવાર, ૨૦ શાબાન ૧૪૦૧ (૨૩ જૂન ૧૯૮૧)

# પ્રથમ પ્રકરણ

**વનસ્પતીની રૂહ :**

<u>સવાલ ૧ :</u> વૃક્ષ, ઝાડ, ઘાસ અને દરેક પ્રકારની વસ્તુ (વનસ્પતી)માં જે રૂહ મૌજૂદ હોય છે. તેનું શું નામ છે ? શું વનસ્પતીઓમાં ફક્ત એક જ રૂહ હોય છે ?

<u>જવાબ :</u> દરેક ઉગવાવાળી વસ્તુ, જે વનસ્પતી કહેવાય છે તેમાં વનસ્પતીની રૂહ હોય છે જેને રૂહે નામીયા પણ કહે છે. હા, વનસ્પતીઓમાં ફક્ત એક જ રૂહ હોય છે.

હેવાની રૂહ :

<u>સવાલ ૨ :</u> જનાવર કે જેઓ ખામોશ હેવાન છે, તેમાં કેટલી રૂહો હોય છે ? તેના કેન્દ્રો ક્યાં ક્યાં છે ? દરેકના નામ અને કામ બતાવો ?

<u>જવાબ :</u> જનાવરોમાં બે રૂહો હોય છે એકનું કેન્દ્ર જીગર છે, તે રૂહ વનસ્પતીની છે, જેને કારણે શરીર પોષાય છે (વૃદ્ધિ પામે છે) અને બીજી રૂહનું કેન્દ્ર દિલ છે જેમાં હેવાની રૂહ લાગણી તથા હલન ચલન સંબંધે સઘળા કામ કરે છે, હેવાની રૂહનું બીજું નામ (રૂહે હીસ્સી) લાગણીની રૂહ છે.

**ઈન્સાની રૂહ :**

<u>સવાલ ૩ :</u> ઈન્સાની હૈયાતી તથા બકા એટલે કે બાકી રહેવું, કેટલી રૂહો પર કામ કરે છે ? આ રૂહો કઇ કઇ છે, અને શરીરના

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ક્યા ક્યા ભાગોમાં રહીને કામ કરે છે ?

જવાબ : ઈન્સાની જીંદગીનું કાયમ રહેવું ત્રણ રૂહો ઉપર છે, તે ક્રમ પ્રમાણે વનસ્પતીની રૂહ, હેવાની રૂહ, અને ઈન્સાની રૂહ છે. વનસ્પતીની રૂહનું ઠેકાણું જીગર, હેવાની રૂહની જગ્યા દિલ અને ઈન્સાની એટલે કે બોલવાની શક્તિ વાળી રૂહનું કેન્દ્ર મગજના આગલા ભાગમાં છે. પહેલી રૂહથી શરીર વૃદ્ધિ પામે છે, બીજી રૂહ લાગણી તથા હલન ચલનનું મૂળ છે અને ત્રીજી રૂહ બોલચાલ (વાત) તથા ઓળખ (અકલ)નો ભંડાર છે.

નોંટ : (૧) વનસ્પતી રૂહના વિષે ફરમાવેલું છે કે "અને ખુદાએજ તમોને ધરતી ઉપર વનસ્પતી તરીકે ઉગાવી છે. (૭૧/૧૭)

(૨) બીબી મરીયમના પવીત્ર વ્યક્તિત્વમાં વનસ્પતીની રૂહનું જે સુંદર કામ હતું તેના વિષે ખુદાવંદી ફરમાન છે કે :- "ખુદાએ તેને સુંદરતા અને ખૂબી સાથે ઉગાવી છે (પોષણ કર્યું છે)."

**પવિત્ર રૂહ :**

સવાલ ૪ : એ સાફ વાત છે કે એક સામાન્ય માનવી તો શું બલ્કે પ્રત્યેક દરજ્જાનો માનવી ઈન્સાને કામીલ એટલે કે સર્વજ્ઞાનસંપન્ન અથવા સંપૂર્ણ માનવીથી ઊતરતો છે. આ રૂહાની તફાવતનું કારણ શું છે ? શું સંપૂર્ણ માનવીમાં ફક્ત રૂહની પવીત્રતા વધુ છે કે પછી કોઈ ઊચ્ચ અને ખાસ તથા પાક રૂહ પણ છે ?

જવાબ : ઈન્સાનીયતના જગતમાં જે રીતે ઈન્સાને કામીલ સૌથી જુદો (અલગ વ્યક્તિત્વવાળો) અને પ્રખ્યાત છે, તેનું કારણ પવીત્ર રૂહ છે, કે જે ઈન્સાને કામીલને અર્પણ કરેલી હોય છે જેનાથી

ચોક્કસપણે, એ જરૂરી છે કે રૂહની પવીત્રતા કાયમ રહે છે. કારણ કે પવીત્ર રૂહ (ઊચ્ચ રૂહ) તો પાક હોવાની સાથે પાક કરી દેવાના સઘળા અર્થોમાં છે. આ પવીત્ર રૂહનું સ્થળ ઈન્સાની રૂહની ઉપર છે માટે ઈન્સાની રૂહના કેન્દ્રની ઉપર આનું કેન્દ્ર છે અર્થાત (પેશાની) કપાળમાં, કે જે માનવીના વ્યક્તિત્વમાં સૌથી ઉચ્ચ સ્થાન અને રૂહાની મોઅજીઝાની જાહેર થવાની જગ્યા છે.

## રૂહની વહેંચણીનો કોયડો

<u>સવાલ ૫ :</u> **શું ઈન્સાની રૂહ અને બીજી નાની મોટી રૂહો દરેકે દરેક કણો અને નાના-મોટા ભાગો ઉપર સ્થાયેલી છે કે તેમાંથી પ્રત્યેક એવું અનોખાપણું અને અલગતા ધરાવે છે કે જેનાથી તે જુદી જુદી ન થઇ શકે, તેની વહેંચાણી ન થઇ શકે એવી સ્થિતિમાં આવી જાય ?**

<u>જવાબ :</u> રૂહ કોઈ પણ હોય, તેની વહેંચાણી (વિભાજન) નથી થઇ શક્તી પરંતુ સુક્ષ્મ (લતીફ) શરીરના વસીલા થકી દરેક દરજ્જાની રૂહના અસંખ્ય રૂહાની કણો હોય છે અને તેમાં દરેક કણ પોતાની રીતે એક જીવંત રૂહ છે દાખલા તરીકે કોઈ નાનાથી નાના છોડમાં વનસ્પતીની રૂહના અસંખ્ય કણો મૌજૂદ હોય છે પણ દરેક લગભગ એક જેવા હોય છે અને તેનું કામ પણ એક જ પ્રકારનું છે, જેથી કહેવાય છે કે વનસ્પતીની રૂહ એક છે અથવા એમ સમજી લ્યો કે તે સઘળા કણોની અલગતા (અનોખાપણું) વનસ્પતીની રૂહ છે અને હેવાન તથા ઈન્સાનના રૂહમાં પણ એ જ વાત છે.

**રૂહ અને નૂર :**

<u>સવાલ ૬ :</u> ઈન્સાને કામીલ (એટલે કે પયગમ્બર તથા ઈમામ અ.સ.)માં જે મહાન અને પાક રૂહ મૌજૂદ હોય છે, શું તેજ રૂહ નૂર કહેવાય છે કે પછી નૂર તેથી અલગ (ત ઉપરાંત) હોય છે ? આવી મહાન–શાનવાળી રૂહ ક્યાંથી આવે છે ?

<u>જવાબ :</u> ઈન્સાને કામીલમાં જે મહાન–પવીત્ર રૂહ છે તે જ નૂર પણ છે, કેમકે તે જ મહાન રૂહને ખુદાવંદ તઆલાએ જ્ઞાન અને હિકમત તથા હીદાયતનું નૂર બનાવ્યું છે. આ નૂર સદા પાછળથી આગલામાં બદલી થતું રહે છે.

<u>નોટ :</u> પાછલાથી મતલબ છે કે તે પ્રત્યેક વિતી ગયેલાં ઈન્સાને કામીલ અને આગલાનો મતલબ છે જાનશીન–વારસદાર, હઝરત આદમ કસ્તાં પહેલાં પણ આ ક્રમ ચાલતો હતો કેમકે દીનની અસલ–મૂળ બાબતોમાં ક્યારેય ફેર બદલી નથી થતી તે ખુદાની આદત મુજબ છે. (૧૭/૭૭)

**કુરાનની રૂહ :**

<u>સવાલ ૭ :</u> શું પવીત્ર કુરાનની કોઈ મહાન રૂહ છે ? જો એમ કહેવામાં આવે કે કુરાનની એક ચમત્કાર (મોઅજીઝાવાળી) રૂહ છે તો સવાલ ઉદ્‌ભવે છે કે કુરાનમાં કે બીજે ક્યાંય ?

<u>જવાબ :</u> જી હા, કુરાનની રૂહ છે, જે જીવંત છે એટલે કે નૂર છે, એ વિષે તમો પોતે કુરાનમાં (૪૨/૫૨) આપેલી સાબિતી તપાસી શકો છો, કે ખુદાવંદ આલમે કુરાનને એક આલીશાન જીવંત રૂહ

સ્વરૂપે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) ઉપર નાઝીલ કર્યું અને તે જ પવીત્ર રૂહને નૂર ગણાવ્યું, અને એ જ નૂર પવીત્ર રૂહ પણ છે જેનો ઉલ્લેખ આથી અગાઉ પણ થઇ ચૂક્યો છે કે તે રૂહ હઝરત પયગમ્બર (સ.અ.સ.) પછી ક્રમવાર પવીત્ર ઈમામોમાં મૌજૂદ રક્ષિત છે.

**ખુદાની રૂહ :**

<u>સવાલ ૮ :</u> શું એ સત્ય છે કે ખુદાવંદ તઆલાની પણ એક પાક, મહાન અને મોટી રૂહ છે ? વળી એ પણ જણાવો કે હઝરત ઈસા ક્યા અર્થમાં રૂહુલ્લાહ (ખુદાની રૂહ) હતા ? શું આ દરજ્જો ફક્ત હઝરત ઈસા (અ.સ.)ને જ પ્રાપ્ત હતો કે પછી આ મરતબો સઘળા અંબીયાઓ (અ.સ.)માં એક જેવો (સામન્ય) છે ?

<u>જવાબ :</u> હા, એ સત્ય છે કે પાક પરવરદીગાર (ખુદા)ની રૂહ છે, જે સૌથી મહાન અને નૂરે દાયમ એટલે કે સદા રહેનાર નૂર છે. પણ એ રીતે નહી કે બારીતઆલાની (ખુદાની) હસ્તી એ રૂહ થકી અથવા એ રૂહ વડે અસ્તિત્વમાં આવે એટલે કે કાયમ થાય કેમકે તે પાક હસ્તી–તે પવીત્ર જાત તો સઘળી વસ્તુઓથી બેનીયાઝ છે (થી ઉપર છે) અને પવીત્ર અર્થે ઊચ્ચ છે, બલ્કે ખુદાની રૂહ અને તેના નૂરનો દરજ્જો કેટલાયે પ્રકારે અંબીયાઓ અને ઈમામો સલ્વતુલ્લાહ અલેહીમને જ પ્રાપ્ત છે અને હઝરત ઈસા (અ.સ.) આ હકીકતનો એક નમૂનો છે જ્યારે સાચું એ છે કે દરેક પયગમ્બર અને દરેક ઈમામ ખુદાના રૂહ અને ખુદાના નૂરનો મરતબો ધરાવે છે.

**કાયનાતની રૂહ (બ્રહ્માંડની રૂહ) :**

<u>સવાલ ૯ :</u> કહેવાય છે કે આ કાયનાત (આ બ્રહ્માંડ)ની એક

એવી રૂહ છે જે તેના ઉપર છવાયેલી છે, તેનું શું નામ છે ? શું એ સત્ય છે કે આપણે બ્રહ્માંડની એ રૂહના સમુદ્રમાં એ રીતે રહી રહ્યા છીએ કે જેમ પાણીમાં માછલી રહે છે ?

જવાબ : જી હા, એ એક વ્યાજબી હકીકત છે કે જમીન અને આસમાનની એક મહાન રૂહ છે જેના કેટલાયે નામો છે જેમ "નફસે કુલ્લી" "રૂહે અરવાહ" "કુરસીએ ખુદા" "લોહે મહેફૂઝ" વિગેરે. નિ:શંક આપણે સર્વવ્યાપક રૂહના ઊંડા સમુદ્રમાં ડૂબેલાં છીએ પરંતુ રૂહાની મેળાપનો સવાલ આનાથી જુદો છે.

**દરેક વસ્તુમાં રૂહ :**

સવાલ ૧૦ : ફરમાવવામાં આવ્યું છે કે કોઇ પણ વસ્તુ રૂહ વગરની નથી. તમો, એ જણાવી શકો છો કે પથ્થર અને માટી જેવી વસ્તુઓની પણ રૂહ હોય છે ? તે રૂહ કઇ છે ?

જવાબ : એ તદ્દન સાચું છે કે દરેક નિર્જીવ વસ્તુ પણ અસલમાં એક જીવ ધરાવે છે પણ એમ છે કે એવો જીવ (રૂહ) એ વસ્તુઓની અંદર ખામોશ અને સુષુપ્ત (ઊંઘમાં પડેલી) સ્થિતિમાં છે. કેમકે ખુદાના ભેદ અને હિકમત એમાં જ છે કે વનસ્પતીની રૂહથી નીચલા દરજ્જાની રૂહ મોતની નિંદ્રામાં ઊંઘતી રહે, ત્યાં સુધી કે તે વનસ્પતીના સ્વરૂપમાં જીવતી ન થઇ જાય આ રૂહ ખનીજ અને ખાણની છે.

**ઈમાનની રૂહ :**

સવાલ ૧૧ : ઈસ્લામ અને ઈમાનની રૂહ કઇ છે ? તે ક્યાં રહે છે ? શું તે બોલનારી છે કે ખામોશ ?

જવાબ : ઈસ્લામ અને ઈમાનની રૂહ પણ તેજ છે જે કુરાનની રૂહ છે અને તે સાચા હાદીમાં રહે છે કારણ કે એ તેની પવીત્ર રૂહ છે જે નૂરાનીયતથી ભરપૂર છે (૪૨/૫૨).

**સ્વપ્ન અને રૂહ :**

સવાલ ૧૨ : માનવી જ્યારે નિંદ્રાધીન હોય છે ત્યારે તેની રૂહ ક્યાં હોય છે ? તે જે સ્વપ્ન જુએ છે તેનો સંબંધ શરીરથી છે કે રૂહથી અર્થાત સ્વપ્નાઓનું જગત ક્યાં છે ?

જવાબ : માનવી જ્યારે સુઇ જાય છે તો તે સ્થિતિમાં રૂહ શરીરને સંપૂર્ણપણે છોડી નથી દેતી પરંતુ અમુક ઈંદ્રીયો પરથી તેની પકડ ઢીલી પડી જાય છે અને તે પોતાની જાતની તરફ ધ્યાનમગ્ન થઇ રહે છે, આમ માનવી પોતાની રૂહના બાતિનમાં જ સ્વપ્ન જુએ છે અને તે માટે તે ક્યાંય નથી જતો (જુઓ પુસ્તક "રૂહાનીયત અને સ્વપ્નનો અભ્યાસ").

**ઝીકર અને રૂહ :**

સવાલ ૧૩ : ઝીકર અને બંદગીથી રૂહ ઉપર જે આનંદિત અસરો પડે છે તેનું શું કારણ છે અને ગફલત તથા નાફરમાનીથી જે દીલ ઉદાસ થઇ જાય છે તેનું શું કારણ છે ?

જવાબ : ખુદાની પાક અને પવીત્ર યાદ તથા તેની ગુલામી અને ફરમાનબરદારી મોમનની રૂહના માટે ઉમેદ–આશા અને વિશ્વાસની બહેશ્ત છે, અને ગફલત તથા નાફરમાની તેથી વિરૂદ્ધ બીક–ડર અને અજ્ઞાનતાની જહન્નમ છે. આનાથી બેઉ વિરોધી સ્થતિ ઉપર સ્પષ્ટતા

થાય છે કે પહેલી સ્થિતિમાં શા માટે આનંદ થાય છે અને બીજીમાં ઉદાસી.

**રૂહનો રસ્તો :**

<u>સવાલ ૧૪ :</u> જનાવરનું બચ્ચું હોય કે માણસનું, જ્યારે તે માતાના ઉદરમાં હોય છે ત્યારે તેની અંદર હેવાની રૂહ ક્યા રસ્તાથી દાખલ થતી રહે છે, અને જ્યારે તે જ બચ્ચું પેદા થઈને માતાનું દૂધ પીવા લાગે છે તો તે સ્થિતિમાં હેવાની રૂહ ક્યા રસ્તેથી બચ્ચામાં આવે છે ? શું આ રૂહ અમુક દિવસો કે અમુક મહિનાઓમાં સંપૂર્ણ થાય છે કે પછી આ એક લાંબો ક્રમ છે ?

<u>જવાબ :</u> જ્યારે કોઈ હેવાની અથવા ઈન્સાની બાળક માતાના ઉદરમાં હોય છે ત્યારે તેની નાફ (ડૂંટી)ના રસ્તે માતાનું લોહી ખોરાક તરીકે દાખલ થતું રહે છે અને તેમાં જ હેવાની રૂહ પણ આવતી રહે છે પણ જ્યારે તે જન્મ લ્યે છે ત્યારે નાફ કપાઈ જાય છે અને તે દૂધ પીવા લાગે છે, તો તે સ્વરૂપમાં હેવાની રૂહ મોઢા મારફત દાખલ થવા લાગે છે અને જીંદગીભર જે રીતે ખોરાકનો ક્રમ ચાલતો રહે છે, તે હેવાની રૂહની પૂર્ણતા અને સમારકામનો ક્રમ છે.

**બોલતી રૂહ (રૂહે નાતિકા)નું મૂળ સ્થાન :**

<u>સવાલ ૧૫ :</u> બાળકમાં રૂહે નાતિકા (એટલે કે બોલનારી રૂહ) જે ઈન્સાની રૂહ છે તે ક્યા મૂળ સ્થાનથી આવે છે અને ક્યા રસ્તેથી મગજમાં દાખલ થઈ જાય છે ? શું તે અચાનક આવે છે કે પછી ધીમે ધીમે સંપૂર્ણ થઈ જાય છે ?

<u>જવાબ :</u> બાળકની રૂહે નાતિકાનું મૂળ સ્થાન ઘરના એ લોકો

છે જેઓ ઘણે ભાગે તેની સાથે વાતચીત કરતા રહે છે જેમકે માતા, બહેન, પિતા, ભાઇ વિગેરે અને આ વાતચીતની સાથે રૂહે નાતિકા કાનોના રસ્તે બાળકના મગજમાં દાખલ થતી રહે છે અને ધીમે ધીમે સંપૂર્ણ થઇ જાય છે.

**રૂહોની ગોઠવણી :**

<u>સવાલ ૧૬ :</u> ઇન્સાનમાં રૂહોના આવવાની ગોઠવણી શું છે અર્થાત પહેલાં કઇ રૂહ આવે છે ઊંચી રૂહ કે અદના (એટલે કે નીચી) રૂહ ? બતાવો કે અકલ પહેલાં આવે છે કે રૂહે નાતિકા ?

<u>જવાબ :</u> ઇન્સાનમાં સર્વ પ્રથમ મૂળ રૂપે વનસ્પતીની રૂહ આવે છે જે એક ટીપાંમાં મૌજૂદ હોય છે. પછી હેવાની રૂહ પછી ઇન્સાની રૂહ અને છેવટમાં અકલ આવે છે આ પરથી એ ગોઠવણી સ્પષ્ટ થાય છે કે પહેલાં અદના એટલે કે નીચી રૂહ આવે છે અને પછી ઊંચી રૂહ અને એ પણ સ્પષ્ટ છે કે પહેલાં રૂહે નાતિકા આવે છે પછી અકલ.

**નફસ કે રૂહ ? :**

<u>સવાલ ૧૭ :</u> નફસ અને રૂહમાં શું તફાવત છે ? કુરાનમાં ઇન્સાની નફસના કેટલાં દરજ્જાઓનો ઉલ્લેખ છે ?

<u>જવાબ :</u> લોકોની ટેવ અલગ છે અને હકીકત અલગ, અને હકીકતમાં નફસ અને રૂહનો એક જ મતલબ છે. હવે જ્યારે "નફસે અમ્મારા" કહેવામાં આવે તો તેનો અર્થ નીચેની તરફ આવશે અને જ્યારે "નફસે મુતમઇના" કહેવામાં આવે તો તેનો અર્થ ઊંચાઇની તરફ

જશે અને એ જ દાખલો (એ જ ઉપમા) હેવાની રૂહ અને ઈન્સાની રૂહના માટે પણ છે. આ પરથી સ્પષ્ટ છે કે નફસ હોય કે રૂહ તેના દરજ્જાઓ છે. કુરાનમાં ઈન્સાની નફસ (એટલે કે જાન)ના ત્રણ દરજ્જાનો ઉલ્લેખ છે, તે છે નફસે અમ્મારા, નફસે લવ્વામાં અને નફસે મુતમઈના. (૧૨/૫૩), ૭૫/૨, ૮૯/૨૭).

**રૂહ અને લોહીનું દાન :**

<u>સવાલ ૧૮ :</u> જ્યારે એક માણસ કોઈ બિમારને જરૂરતના વખતે લોહીનું દાન આપે છે તો તે લોહીની સાથે કઈ કઈ રૂહ બિમાર માણસમાં બદલી થાય છે ?

<u>જવાબ :</u> આ લોહીની સાથે ફક્ત વનસ્પતીની રૂહ અને હેવાની રૂહના કણો અમુક સંખ્યામાં બદલી થઈ જાય છે અને ન કે ઈન્સાની રૂહનો કોઈ ભાગ, કેમકે ઈન્સાની રૂહ લોહીથી નહી પણ વાતચીત દ્વારા બદલી થઈ શકે છે, માટે યાદ રહે કે ઈલ્મ અને હિકમતની વાતોથી મોમનીનમાં ઊંચા દરજ્જાની રૂહ બને છે જે પાક-પવીત્ર રૂહ છે.

**રૂહના દરજ્જાઓ :**

<u>સવાલ ૧૯ :</u> પથ્થર-ધાતુ, વનસ્પતી, હેવાન અને ઈન્સાન એ તો મખ્લુકાતના મોટા દરજ્જા છે અથવા આ મોટી વહેંચણી છે, પણ અમને એ પૂછી લેવું છે કે શું આ સર્વેમાંના દરેક દરજ્જાના નીચલા દરજ્જા પણ છે કે નહિ ? જો માની લેવામાં આવે કે તેમના નીચલા દરજ્જા પણ છે તો પછી વનસ્પતીની રૂહ, હેવાની રૂહ અને ઈન્સાની રૂહમાંથી દરેકના ઘણા મરતબાઓ હશે, તેનો ખુલાસો કરો.

જવાબ : જી હા ! પથ્થર–ધાતૂના જુદાં જુદાં દરજ્જાઓ છે. વનસ્પતી અને હેવાનોના પણ. અને ઈન્સાન પણ ચારીત્ર્ય અને દીનદારીના ઘણા દરજ્જાઓ ઉપર રહેલો છે. આ ઉપરથી એ હકીક્ત સ્પષ્ટ થઇ જાય છે કે વનસ્પતીની રૂહ, હેવાની રૂહ અને ઈન્સાની રૂહમાંથી દરેક્ના અસંખ્ય દરજ્જાઓ છે.

**મારફતની રૂહ :**

સવાલ ૨૦ : જો રૂહાની ઓળખાણ, ખુદાની મારફત થઇ શકે છે તો બતાવો કે એ રૂહ કઇ છે ?

જવાબ : ખુદાની મારફત રૂહે કુદસી એટલે કે પવીત્ર રૂહ વગર અશક્ય છે, માટે એ વિષયમાં સૌથી પ્રથમ પવીત્ર રૂહને પ્રાપ્ત કરીને તેને અપનાવવી પડે છે (કબૂલ કરવી પડે છે) કેમકે તે જ રૂહની ઓળખાણ ખુદાની મારફત ગણાવવામાં આવે છે અને તે રૂહ સંપૂર્ણ ઈન્સાન (ઇમામે ઝમાન)ના મારફત મળી શકે છે. એનો એ અર્થ થયો કે સંપૂર્ણ ઈન્સાન અન્યોને પણ સંપૂર્ણ બનાવી શકે છે.

☆ ☆ ☆

# પ્રકરણ બીજું

**અસંખ્ય રૂહો :**

સવાલ ૨૧ : માતાના પેટના બાળકમાં હેવાની રૂહ ક્યારે દાખલ થઇ જાય છે ? શું આ રૂહ શરીરની રચનાના શરૂઆતના વખતે જ મૌજૂદ નથી હોતી, જ્યારે કે ડૉક્ટરી વિજ્ઞાનના વર્તમાન સંશોધન મુજબ જીંદગીના બીજ (હિયાતીના મૂળ)ના એ સઘળા ટીપાંઓમાં હેવાની રૂહોની કણો એકંદર રીતે કરોડોથી પણ વધુ હોય છે ?

જવાબ : ડૉક્ટરી વિજ્ઞાનની આ વાત તદ્દન વ્યાજબી અને સાચી છે અને આથી તે રૂહાની અનુભવોની કબૂલાત અને હિમાયત થાય છે જેના પ્રકાશમાં પહેલે એ કહેવામાં આવ્યું હતું કે દરેક દરજ્જાની રૂહના અસંખ્ય કણો હોય છે, જે, તે રૂહના પ્રમાણે જીંદગી ધરાવે છે, અને વિશ્વાસ કરવો જોઇએ કે પ્રત્યેક રૂહનું એટલા ઝીણા પ્રમાણમાં વહેંચણી થવું અને તેના આટલા બધા વધારેપણા અને પુષ્કળતામાં, અલ્લાહ તઆલાની હિકમતો અને રહેમતો પણ તેટલાં જ પ્રમાણમાં વધુ છે. બહરહાલ માતાના પેટના બાળકમાં હલનચલન ચાર મહિના પછી જાહેર થઇ જાય છે તે ઉપરથીજ કહેવામાં આવ્યું છે કે હેવાની રૂહ ચોથા મહિનાના અંતમાં આવે છે.

**શબ્દ "રૂહ" કેટલી વાર ?**

સવાલ ૨૨ : કુરાનમાં "રૂહ" શબ્દ કેટલી વાર આવેલ છે અને રૂહના વિષયને લગતી સઘળી આયતોમાં ચાવીરૂપ આયત કઇ છે ?

દલીલો વડે સાબિત કરીને સમજાવો.

<u>જવાબ :</u> જો ઊંડાણપૂર્વક જોવામાં આવે તો કુરાન પૂરેપૂરૂં રૂહના ઉલ્લેખથી ભરેલું છે, તે ઉપરાંત જાહેરમાં રૂહના એક જેવાં જ અર્થ ધરાવતાં શબ્દો પણ ઘણા છે પરંતુ અહીં સવાલ ફક્ત "રૂહ" શબ્દના વિષે છે માટે એ જ બતાવવું વ્યાજબી છે. શબ્દ "રૂહ"નો ઉલ્લેખ કુરાનમાં ૨૪ વખત આવેલ છે અને રૂહના પ્રકરણમાં મૂળ અને ચાવીરૂપ આયત આ છે "અને (હે રસૂલ સ.અ.સ.) તમારાથી લોકો "અર્રૂહ"ના વિષે સવાલ કરે છે. તમે કહો કે રૂહ મારા પરવરદીગારના આલમે અમરથી છે (ઉચ્ચ જગત)થી અને તમોને એ સંબંધી ઘણું જ થોડુ જ્ઞાન આપવામાં આવ્યું છે. ૧૭/૮૫. એ જાણવું જોઈએ કે રૂહના સંબંધે આ કુરાની ઈલ્મ મૂળ અને ચાવીરૂપ મહત્ત્વતા ધરાવે છે, કારણ કે આ સવાલ ભલે જેવો પણ કરવામાં આવ્યો છે પરંતુ સૌથી મોટા રૂહના અર્થમાં લેવામાં આવેલ છે, જેમકે આમાં "અર્રૂહ"નો શબ્દ આવ્યો છે, વળી આમાં સચ્ચાઇ અને ઓળખના માટે "કુન"ના બોલનો અને પરવરદીગારની આજ્ઞાઓનો હવાલો આપવામાં આવ્યો છે કે જેથી સમજદાર-જ્ઞાની લોકો રૂહની ઓળખાણના એ સાધનો સામે રૂહાની રીતે રજૂ થાય.

**રૂહનું ખાસ સ્વરૂપ :**

<u>સવાલ ૨૩ :</u> શું એ વાત સાચી છે કે રૂહના સ્વરૂપો પૂરી કાયનાતની રચનાઓ (વસ્તુઓ)ની જેમ જુદા જુદા પણ છે અને એટલાં વધારે પણ છે ? શું એ સઘળાં સ્વરૂપોમાં રૂહનું કોઇ ખાસ સ્વરૂપ પણ છે ? જો તેનું કોઇ ખાસ સ્વરૂપ છે. તો તે ક્યું છે ?

Institute for Spiritual Wisdom and Luminous Science

જવાબ : જી હા ! તદ્દન સાચી વાત છે કાયનાતી રૂહ પોતાની સઘળી ખૂબીઓ સહીત કાયનાતનું સ્વરૂપ ધરાવે છે અને એ હકીક્ત કુરાનની અંદર જન્નતના ઉલ્લેખમાં મૌજૂદ છે. (૫૭/૨૧). અને વ્યક્તિગત રૂહો પણ છે જે કાયનાતના ભાગો અને રચનાઓ (વસ્તુઓ)ના જેવા સ્વરૂપો ધરાવે છે, પરંતુ રૂહનું સૌથી ખાસ સ્વરૂપ એ છે કે તે ઈન્સાની સ્વરૂપમાં છે અને તેથી પણ આગળ વધીને સંપૂર્ણ (સર્વજ્ઞાન સંપન્ન) (ઈમામે ઝમાન)ના સ્વરૂપમાં છે કે જે રહેમાનનું સ્વરૂપ છે.

**રૂહાનીયતનો અનુભવ :**

સવાલ ૨૪ : તમો રૂહાનીના જે ક્ણોનો ઘણી વાર ઉલ્લેખ કરતા રહો છો, શું તે રૂહાનીયતના અનુભવ અને ઓળખની વાત છે કે ફક્ત કુરાની જ્ઞાનની ? જો રૂહનો દીદાર શક્ય છે તો તે કઈ આંખથી થાય છે એટલે કે જાહેરી આંખોથી કે બાતિની આંખોથી ?

જવાબ : રૂહના ક્ણોનો ઉલ્લેખ, રૂહાનીયત અને મારફતના અનુભવ અને કુરાની હિકમત વગર શક્ય નથી અને ન તો ઈમામે ઝમાન (અ.સ.)ની સહાય વગર રૂહાનીયત અને કુરાનની હિકમત પ્રાપ્ત થઈ શકે છે. રૂહના દીદારનો સંબંધ બાતિનની આંખોથી છે પણ પછીથી એવો વખત પણ આવે છે કે જેમાં જાહેરી ઈંદ્રીય અને બાતિની ઈંદ્રીય એકબીજામાં મળીને એક થઈ જાય છે.

**રૂહનું બદલી થવું :**

સવાલ ૨૫ : તમારા કહેવા મુજબ એક જ રૂહ, જેમકે ઈન્સાની રૂહ અથવા બોલનાર નફસ (નફસે નાતીકા) અસંખ્ય રૂહોનું સંગઠ્ઠન છે તો પછી બતાવો કે શું સઘળી રૂહો જીંદગીભર માનવીના શરીરમાં પૂરાઈને (કૈદ થઈને) રહે છે કે પછી તેનું બદલી થવું અને

આવવું જવું થાય છે ?

જવાબ : એમાં કોઇ શંકા નથી કે એક જ રૂહના નામથી અસંખ્ય રૂહો માનવીના શરીરમાં રહે છે પરંતુ એમ છે કે ઘણી વાર, ઘણા પ્રસંગોએ તેઓનું એ રીતે બદલી થવું અને આવવું જવું થાય છે કે જે સિવાય રૂહાનીયતવાળાઓના એ વાતની કોઈને જાણ જ નથી થતી, દાખલા તરીકે નીદ્રા દરમ્યાન કંઈક રૂહો જાય છે અને કંઈક નવી રૂહો આવે છે. (૩૯/૪૬).

**તાજગી અને નવું કરવું :**

સવાલ ૨૬ : અગર જો મામલો કંઈક એવો છે તો અમો ઈચ્છીએ છીએ કે અમારી એકંદર રૂહાનીયતમાં નવાપણું અને તાજગી હોય, તે એ કે ભેળસેળવાળા અને જૂના કણો ચાલ્યા જાય અને ઉમદા ઉમદા કણો તેની જગ્યા લ્યે. એ માટે અમારે શું કરવું જોઈએ ?

જવાબ : સાહેબે અમ્રની ફરમાન બરદારીમાં સફળ ઈબાદત અને બંદગી, મોમીનોની ખીદમત અને આજીઝી (નમ્રતા) ધારણ કરવાથી આ હેતૂ પ્રાપ્ત થઇ શકે છે અને ખુદાવંદ આલમીને રૂહોનો બદલી થવાનો આ બંદોબસ્ત ઈમાનવાળાઓની રૂહાની પ્રગતીના માટે કર્યો છે.

**રૂહ ક્યારથી છે ?**

સવાલ ૨૭ : રૂહ ક્યારથી છે અને ક્યાર સુધી કાયમ રહી શકશે ? બીજાં શબ્દોમાં કહીએ તો ખુદાવંદતઆલાએ રૂહ ક્યારે પેદા કરી હતી અને કેટલા અરસા માટે ?

જવાબ : આથી અગાઉ કુરાનની આયતોનો ખુલાસો થઇ ચૂક્યો છે કે રૂહ ઊચ્ચ જગતથી એટલે કે આલમે અમરથી છે, આ

ભૌતિક જગતથી નથી. તો આનો અર્થ થાય છે કે રૂહ હંમેશથી છે અને હંમેશ માટે છે અને આ ખુદાનો સૌથી મોટો ગુણ છે કે તેની બાદશાહીમાં એવી વસ્તુઓ પણ છે કે જે (કદીમ) હંમેશથી છે, કેમકે જે વસ્તુ આલમે અમર (ઊચ્ચ જગત)થી સંબંધિત હોય તે હંમેશ હોય છે અને જે વસ્તુ ભૌતિક જગતથી હોય તો તે આકસ્મિક (હાદીસ) હોય છે.

**નફસે વાહીદા :**

<u>સવાલ ૨૮ :</u> એ તો બિલ્કુલ સાચું છે કે સૌથી મોટી રૂહ એક નમૂનામાં "રૂહનો સાગર" છે અને બીજા નમૂનામાં "રૂહુલ અરવાહ" એટલે કે "રૂહોની રૂહ" છે, પણ અમો તે સિવાય પણ ઈચ્છીએ છીએ કે મહાનતમ રૂહનું કોઈ કુરાની નામ હોય કે જેથી એ હકીકત હજુ વધુ પ્રકાશિત થઈ જાય, તો શું તમો આ બાબતમાં કુરાનમાંથી કંઈ જણાવી શકો છો ?

<u>જવાબ :</u> કુરાનમાં કાયનાતી રૂહના ઘણા નામોનો ઉલ્લેખ છે, અને તેમાંથી એક નામ "નફસે વહીદા" છે (૩૧/૨૮). જેમાં સઘળી રૂહો એકઠી છે, જ્યાં એક રીતે જોવામાં આવે તો સઘળા લોકોને એક જ વખતમાં અને સાથે પેદા કરવામાં આવ્યા હતા અને તેઓ એ જ રીતે ફરીવાર પેદા થઈ જશે.

**ઈસ્મે આઝમ :**

<u>સવાલ ૨૯ :</u> કુરાનના (૪/૧૭૧)ના અભ્યાસથી એ જણાય છે કે હઝરત ઈસા (અ.સ.) ખુદાનો કલમો (ખુદાનો શબ્દ) હતા જે બીબી મરીયમમાં નાખવામાં આવ્યો, અને ખુદાના તરફથી એક ખાસ

રૂહ હતા. એમાં પૂછ્યું એ છે કે તેવાણ નામદાર કેવી રીતે એ કલમો હતા અને ક્યો કલમો હતા ? વળી એ કે કલમા અને રૂહમાં શું સંબંધ છે, અને તે રૂહ કઇ હતી ?

જવાબ : આની હિકમત એમ છે કે હઝરત ઈસા (અ.સ.) શારીરિકપણે પેદા થવા અગાઉ અને પછી પણ રૂહાની રીતે ખુદાનો કલમો હતા, જે ઈસ્મે આઝમ છે, અને એ ઈસ્મે આઝમ હઝરત બીબી મરીયમને આપવામાં આવ્યું. કલમા અને રૂહનો સંબંધ એ છે કે મહાન રૂહ, ઈસ્મે આઝમ (કલમા)માં છૂપાયેલી હોય છે અને તે રૂહુલકુદ્દસ એટલે કે પાક રૂહ છે, અને એ જ રીતે ખુદાવંદ આલમીને બીબી મરીયમમાં પાક રૂહ ફુંકી દીધી હતી.

## ખુદાઈ રૂહ ફુંકી દેવું :

સવાલ ૩૦ : કુરાનની સુરહ ૩૩ આયત ૯માં છે કે અલ્લાહતઆલાએ પોતાની પવીત્ર રૂહ આદમ (અ.સ.)માં ફુંકી દીધી. શું આ કોઇ અલગ રીત હતી કે પછી (ઈસ્મે આઝમ) મહાન નામની તાલીમ આપવી એ જ પાક રૂહ ફુંકવાનું હતું ?

જવાબ : પુસ્તક "પીર નાસીર ખુસરૂ અને રૂહાનીયત"માં અમોએ વિગતવાર આ બાબતનો ઉલ્લેખ કર્યો છે કે રબ્બુલ ઈઝઝતે પોતાની રૂહ હઝરત આદમ (અ.સ.)માં એ રીતે ફુંકી દીધી હતી કે તે હિકમતવાળાએ આદમ સફીઉલ્લાહને ઈસ્મે આઝમની તાલીમથી નવાઝી દીધો અને સઘળા નામોનું જ્ઞાન પણ તેમાં છુપાયેલું છે.

## શબ્દ "અરવાહ" કેમ નહિં ? :

સવાલ ૩૧ : પવીત્ર કુરાનમાં જ્યાં જ્યાં રૂહનો ઉલ્લેખ આવ્યો

છે તો તે દરેક એકવચનમાં "રૂહ" છે અને ક્યાંય પણ બહુવચનમાં "અરવાહ" નથી, તો એમાં શું ભેદ છે ? દાખલા તરીકે "તનઝઝલુ મલાઈક્તુ વર્રૂહુ ફી હા" (તેમાં ફરીશ્તા નાઝીલ થાય છે અને રૂહ) ૯૭/૪. જો કે અહી જાહેરી રીતે તો હોવું એમ જોઈએ કે કદ્રની રાત્રી (શબે કદ્ર)ના મોકા ઉપર જે રીતે ઘણા બધા મલાયકો ઉતરે છે તે જ રીતે ફક્ત એક જ રૂહ નહિ બલ્કે ઘણી બધી રૂહો નાઝીલ થાય છે.

<u>જવાબ :</u> આમાં હિકમત અને ભેદ એ છે કે એક જ મહાન અને સરદાર રૂહમાં અગણિત રૂહો એકઠી થયેલી હોય છે, માટે એક મહાન રૂહનું નાઝીલ થવું જ ઘણી બધી રૂહો (અરવાહ)નું નાઝીલ થવું છે અને તેનો (એકનો) ઉલ્લેખ સઘળાનો ઉલ્લેખ છે, જેમકે ફરમાવેલું છે કે "તે ખુદાની તરફ ફરીશ્તા અને રૂહ ચઢી જાય છે એક દીવસમાં, જે પચાસ હજાર વર્ષના બરાબર છે." (૭૦/૪) એ વાત ઘણી જ વિચિત્ર હશે, જો આપણે ફક્ત એજ વિચાર કરીએ કે આટલા લાંબા સમયમાં કે જે પચાસ હજાર વર્ષનો છે, ફક્ત એક જ રૂહ ખુદાવંદે આલમના હુઝુરમાં (ખુદાની પાસે) પહોંચી શકે છે, પણ એવી વાત નથી બલ્કે હકીક્ત એ છે કે સરદાર રૂહ (જેમકે સંપૂર્ણ માનવી-ઈન્સાને કામીલની પવીત્ર રૂહ) તો એક જ હોય છે, પરંતુ તેમાં સઘળી કાયનાતની રૂહો (અરવાહ) સમાયેલી હોય છે.

## ફરીશ્તાઓનું લશ્કર અને સરદાર :

<u>સવાલ ૩૨ :</u> રૂહના સંબંધે આ ચર્ચાના વિષે, શરૂઆતથી લઈને અહી સુધી જે રીતે વર્ણન થયું તેનાથી ઘણી હકીક્તો ઉપરાંત

અમો એ સિદ્ધાંત પણ સમજી ગયા કે દરેક દરજ્જાની રૂહમાં ઘણી રૂહો (અરવાહ) મોજૂદ હોય છે. તેની જ સાથે સાથે અમો ફરીશ્તાઓના વિષે પણ એ જાણવા ઈચ્છીએ છીએ કે શું એક સરદાર ફરીશ્તાના નીચે ઘણા ફરીશ્તા કામ કરે છે કે નહી ?

<u>જવાબ :</u> જી હા ! ફરીશ્તાઓના સંબંધે પણ એ જ કલ્પના વ્યાજબી છે કે દરેક કામ માટે એક સરદાર ફરીશ્તો હોય છે અને તેના નીચે ઘણા બધા ફરીશ્તાઓ હોય છે કે જેઓ ખુદાની આજ્ઞા મુજબ તે (સરદાર)ની સાથે સંબંધિત કામ કરે છે. જેમકે હઝરત ઈઝરાઈલના માટે ફરમાવેલું છે કે "(અય રસૂલ), તમો કહી દયો કે મલકુલ મૌત (અઝરાઈલ) જે તમારા ઉપર સવાર છે તે જ તમારી રૂહો કબ્જે કરશે" ૩૨/૧૧. અને અઝરાઈલના નીચેના ફરીશ્તાઓના સંબંધે એમ ફરમાવેલું છે કે "આ એ લોકો છે જેની રૂહો ફરીશ્તાઓ એ સ્થિતિમાં કબ્જે કરે છે કે તેઓ પાક અને પવીત્ર હોય છે તો ફરીશ્તાઓ તેમને કહે છે તમારા ઉપર સલામતી છે." ૧૬/૩૨. આ ઉપરથી એ હકીકત સામે આવે છે કે જીબ્રાઈલ, મેકાઈલ, અસરાફીલ અને અઝરાઈલ અલૈહીમુસ્સલામમાંથી પ્રત્યેક ફરીશ્થતાના નીચે ઘણા બધા ફરીશ્તાઓ કામ કરે છે.

**રૂહ અને ફરીશ્તા :**

<u>સવાલ ૩૩ :</u> રૂહ અને ફરીશ્તાની વચ્ચે શું તફાવત છે અને નૂરની સાથે ફરીશ્તાનો શું સંબંધ છે ? શું જદા જુદા ઘણા નૂર (અનવાર) હોઈ શકે છે કે નૂર ફક્ત એક જ હોય છે ?

<u>જવાબ :</u> રૂહ અમુક વખતે ફરીશ્તા અને ફરીશ્તા અમુક વખતે

રૂહના માટે બોલવામાં આવે છે આ સ્થિતિમાં બંન્નેની વચ્ચે કોઇ તફાવત નથી અને જ્યાં તફાવત છે તો તે એ છે કે રૂહોમાં સારી પણ છે અને નરસી પણ જ્યારે કે ફરીશ્તા દરેકે દરેક સારાં છે. એટલે કે ફરમાનબરદાર. (૧૬/૫૦) માટે એવી રૂહો કે જે ફરમાનબરદારીના ઊચ્ચ દરજ્જા ઉપર પહોંચી ગઇ હોય તે ફરીશ્તા બની ગઇ છે કેમકે ફરીશ્તા મોમનીન અને મોમીનાતની રૂહોથી જ બની જાય છે. નૂરની સાથે ફરીશ્તાનો સંબંધ એ છે કે જો ફરીશ્તો મહાન છે તો તે નૂર હોય છે, જે રીતે મહાન રૂહ નૂર કહેવાય છે. નૂરના ચાંદ-સીતારા જુદા જુદા હોઇ શકે છે પણ તેઓ ન ફક્ત નૂરના અસલ (મુળ) એટલે કે દીનના સુર્યમાં એક છે બલ્કે તેઓ તે પ્રકાશમાં પણ એક જ છે કે જે તેમના લીધે ફેલાઇ જાય છે.

## પ્રગતી પામેલ રૂહ :

<u>સવાલ ૩૪ :</u> એ વાત ઘણી જ મહત્વની છે જે બતાવવામાં આવી છે કે કંઇક રૂહો જે ખુદા અને રસુલ (સ.અ.સ.) અને સાહેબે અમ્ર (અ.સ.)ની તાબેદારી (ઇતાઅત) કરે છે તે ફરીશ્તાની હેસીયતથી છે અથવા કાલે ફરીશ્તા બની જવા વાળી છે, માટે આ મતલબ ઉપર વધુ પ્રકાશ નાખવાની જરૂરત છે, કે જેથી સચ્ચાઇ વધુથી વધુ પ્રકાશિત થઇ જાય કે દરેક પ્રગતી પામેલ રૂહ ફરીશ્તો છે.

<u>જવાબ :</u> હઝરત જીબ્રાઇલના ફરીશ્તા હોવામાં કોઇને શું શંકા હોઇ શકે છે. ફરિશ્તો એ ફારસી શબ્દ છે તેનું અરબી છે "મલક". તમો કુરાનમાં જોઇ શકો છો કે જીબ્રાઇલ મલક (ફરીશ્તો) છે (૪૨/૫૧) અને તમો એ પણ જોઇ શકો છો કે હઝરત જીબ્રાઇલ પવીત્ર રૂહ છે

(૧૬/૧૦૨) અને અમાનતવાળી રૂહ પણ છે (૨૬/૧૯૩) ફક્ત એટલું જ નહી બલ્કે બીજી આયતો પણ છે જેમાં શબ્દ "રૂહ" ફરીશ્તાના અર્થમાં ઉપયોગમાં આવ્યો છે, દાખલા તરીકે આ આયતને લ્યો "ફ અરસલનાક ઈલૈહા રૂહના ફ તમસ્સલ લહા બશરન સવીય્યાહ" (૧૯/૧૭)" તો અમોએ અમારી રૂહ (જીબ્રાઈલ)ને તેમની પાસે મોકલ્યો તો સારાભલા માણસનું સ્વરૂપ બનીને તેમની સામે આવી ઊભો રહ્યો." આ પરથી સ્પષ્ટ થાય છે કે દરેક ઊંચી રૂહ એક ફરીશ્તો છે. આ સાથે જ અમે અહી એ પણ કહીશું કે જે આયતમાં ઘણા ફરીશ્તાઓની સાથે એક ખાસ રૂહનો ઉલ્લેખ થયો છે (દાખલા તરીકે ૧૬/૨) તો તેમાં હકીકતના બે પાસા હોય છે, એક તો એ કે એવે ઠેકાણે "અલમલાયક" ફરીશ્તાઓ છે અને "અર્રૂહ" મહાન ફરીશ્તા છે. બીજું એ કે "અલમલાયક"નો મતલબ (અરવાહ) રૂહો છે અને "અર્રૂહ"થી હેતૂ છે સરદાર રૂહ, અને હંમેશા એ પણ યાદ રહે કે હકીકતના મોતીના જેટલાં પણ વધારે પાસા હોય છે તેટલી જ વધારે તેની કદર અને કિંમત હોય છે.

**ખાસ રૂહ :**

<u>સવાલ ૩૫ :</u> એ તદ્દન સાચું છે કે પાક કુરાનમાં શબ્દ "રૂહ" કુલ ૨૪ વાર ઉલ્લેખાયેલો છે. એ સઘળા ઠેકાણાઓ ઉપર ગંભીર વિચાર કરવાથી જાણાય છે કે આ દરેક ખાસ રૂહનો ઉલ્લેખ છે, સામાન્ય રૂહની વાત નથી. ખાસ એટલા માટે કે ઘણી વાર રૂહનું ખાસ નામ (અર્રૂહ) છે અને ઘણી ઓછી જગ્યાએ સામાન્ય નામ છે (એટલે કે રૂહ). પરંતુ જ્યાં જ્યાં સામાન્ય નામ છે તેને પણ ખુદા સાથે સંબંધિત કરીને હકીકતમાં ખાસ કરી દીધા છે જેમકે "વ અય્યદ હુમ

બ રૂહીમ્મીન્હુ" (૫૮/૨૨) અને ખુદાએ પોતાના તરફથી એક રૂહ વડે તેમની મદદ કીધી" આ ફરમાનમાં "બી રૂહી" સામાન્ય નામ છે પણ "મીન્હુ"ના એલાનથી તેને એક રીતે ખાસ કરી દીધું છે, તેમ છતાં "રૂહી=એક રૂહ" કહેવામાં કંઇક શાબ્દિક અને સ્વભાવિક સામાન્યપણું પણ મૌજૂદ છે. તો શું એમાં કોઇ હિકમતની વાત છુપાયેલી છે ?

જવાબ : જી હા ! "રૂહ" જે નામ છે, તેના એક તરફથી ખાસ અને બીજી તરફથી સામાન્ય હોવામાં મોટી હિકમત છુપાયેલી છે, તે એ કે દીનનો દરેક મસ્તબો પછી તે જીબ્રાઇલનો હોય કે કોઇ અન્યનો, તે બે હેસીયતમાં હોય છે. એક હેસીયત એ છે કે તે અઝલી અને અબદી (અનંત) મસ્તબો છે, બીજું એ કે દરેક ઝમાનામાં કોઇ મહાન હસ્તી (શખ્સીયત) અને પવીત્ર રૂહ એ મસ્તબા ઉપર બિરાજમાન થઇ જાય છે. માટે જ્યાં તેનો હેતૂ હંમેશના-દાયમી સંબંધના ઉલ્લેખનો હોય છે તો તેમાં "અર્રૂહ" અથવા પવીત્ર રૂહ જેવા ખાસ નામ લાવવામાં આવે છે અને જ્યારે તેનો હેતૂ તે હસ્તી અથવા રૂહ તરફ ઇશારો કરવાનો હોય કે જે ઝમાનામાં એ મસ્તબા ઉપર બિરાજમાન હોય તો એ સ્વરૂપમાં "રૂહીન" કે "રૂહન" જેવા સામાન્ય નામો લાવીને પછી તેને ખુદા સાથે સંબંધિત કરવામાં આવે છે કે જેથી હિકમત માટે જરૂરી બાબત છે તે પૂરી થઇ જાય.

**શબ્દ (ઝુર્રીયત) વંશની હિકમત :**

સવાલ ૩૯ : અમો શબ્દ વંશના બારામાં ઊંડી જાણકારી ઇચ્છીએ છીએ અને સુરહ યાસીન (૩૬)ની આયત (૪૧)ના બે એવા તરજૂમા સામે છે કે તે બન્નેમાં (વંશ) "ઝુર્રીયત"ના જુદા જુદા અર્થો

છે. તમો બતાવો કે ક્યો તરજૂમો સાચો છે. તે પવીત્ર આયત આ મુજબ છે.

"વ આયતુલ્લ હુમ અન્ના હમલના ઝુર્રીયત હુમ ફી અલ ફુલ્કીલ મશહુન." (૩૬/૪૧)

અર્થ : નંબર (૧) : અને તેમના માટે એક નીશાની એ છે કે અમોએ તેમની (સંતતિ) ઔલાદને ભરેલાં વહાણમાં સવાર કર્યા.

તરજૂમો નંબર (૨) : અને તેમના માટે એક નીશાની એ છે કે અમોએ તેમના બુઝુર્ગોને (વડવાઓને) (નૂહના) ભરેલા વહાણમાં સવાર કર્યા.

<u>જવાબ :</u> "ઝુર્રીયત"થી અહી ન તો ઔલાદનો હેતૂ છે અને ન તો વડવાઓનો કેમકે અહી જે વહાણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે હ. નૂહ (અ.સ.)ના વહાણનો છે, તો તેમાં હઝરત રસૂલ (અ.સ.)ના વખતના લોકોની ઔલાદ કઇ રીતે સવાર થઇ હતી. અને એ પણ સાચું નથી કે "ઝુર્રીયત"નો અર્થ વડવાઓ તરીકે કરવામાં આવે. સાચું એ છે કે અહી "ઝુર્રીયત"નો હેતૂ છે રૂહની રજકણો (ઝર્રાતિરૂહ) એટલે કે તે લોકોની રૂહાની રજકણો નુહના વહાણમાં સવાર થયેલા મોમીનોના વંશમાં હતી અને તે ખુદાની કુદરતની એક નીશાની છે એટલે કે ચમત્કાર છે, કે એ લોકો રજકણોના સ્વરૂપમાં ત્યાં મોજૂદ હતા અને તોફાનનું ભયજનક દૃશ્ય જોઇ રહ્યા હતા. રૂહાનીની રજકણોની વધુ સમજૂતી તમોને "ઇમામ શનાસી ભાગ પહેલા"માં "પરહેઝગારોના ઇમામ"ના વિષયમાં મળશે.

## નૂહનું વહાણ અને રૂહાની રજકણો :

સવાલ ૩૭ : તમોએ જણાવ્યું છે કે જે ઈમાનવાળાઓ હ: નૂહના વહાણમાં સવાર હતા તેમના વંશમાંની રૂહાની રજકણોએ તોફાનનું દ્રષ્ય જોયું હતું. અહીં સવાલ છે કે આ તે રજકણોના માટે કઈ રીતે શક્ય બન્યું, જો કે તેઓમાં હોશ–ભાન નહોતું ?

જવાબ : આજે પૃથ્વીના ગ્રહ ઉપર જેટલાં લોકો વસી રહ્યા છે તેઓ આથી અગાઉ આદમની (પુશ્તોમાં) વંશમાં રૂહાની રજકણો તરીકે હતા. તેમને પરવરદીગારેઆલમે ત્યાંથી ઉપાડીને એક એવી હસ્તીની રૂહાનીયતમાં હાજર કરી દીધા જ્યાં ખુદાનું નૂર સચ્ચાઈ અને મારફત ઉપર પ્રકાશ નાખી રહ્યું હતું અને ખુદાવંદતઆલાએ તે રજકણોથી પૂછ્યું કે શું હું તમારો પરવરદીગાર નથી, તો તેઓએ જવાબ દીધો "કેમ નહી ?" (૭/૧૭૨) આ ઉપરથી સ્પષ્ટ થયું કે જ્યાં ખુદાવંદના નૂરનો પ્રકાશ પડે છે ત્યાં ન ફક્ત રૂહની રજકણોને ભાન–હોશ મળે છે બલ્કે સઘળી નિર્જીવ રજકણો પણ બોલી ઉઠે છે, જેમકે કુરાનનું ફરમાન છે" તેઓ જવાબ દેશે કે જે ખુદાએ દરેક વસ્તુને બોલતી કરી તેણેજ અમને બોલતા કર્યા (૪૧/૨૧) અને નૂહ (અ.સ.)ના વહાણમાં નબુવ્વત અને ઈમામતનું નૂર રૂહની રજકણો ઉપર પ્રકાશ નાખી રહ્યું હતું અને સઘળી રૂહો એક રીતે એ મહાન તોફાનને જોઈ રહી હતી.

## આપણે પહેલાં હતાં કે આદમ ?

સવાલ ૩૮ : આ મુબારક આયતના વર્ણનના ક્રમ પરથી એ ધારણા બંધાય છે કે કદાચ તેમાં કોઈ મહાન ભેદ છૂપાયેલો છે, કારણ

જો આપણે તેને ફક્ત જાહેરી નજરેથી જોઇએ તો કેટલાંય મુશ્કેલ સવાલો ઉદ્‌ભવે છે. તે પવીત્ર આયત આ છે :

"વ લક્દ ખલક્નાકુમ સુમ્મ સવ્વરનાકુમ સુમ્મ કુલના લીલ મલાઈક્ત અસજૂદુલ આદમ (૭/૧૧)--અને ખચીતજ અમોએ તમને પેદા કર્યાં પછી તમારી સુરતો ઘડી કાઢી પછી અમોએ ફરીશ્તાઓને ફરમાવ્યું કે આદમને સીજદો કરો.."

અહી સવાલ એ છે કે કુરાનની આયતમાં વર્ણનના ક્રમની કડીઓ પોતપોતાની જગ્યાએ હોય છે એટલે કે વર્ણનના ક્રમમાં જે બનાવ આગળ હોય તે સમય અને ઝમાનાના હિસાબે પણ આગળ હોય છે અને ખાસ કરીને તે વખતે કે જ્યારે એક વસ્તુના વર્ણન કર્યાં પછી "સુમ્મ" આવે છે કે જેથી ખબર પડે કે અહી જે વસ્તુ પહેલાં આવેલી છે તે ખરેખર પહેલાં જ છે. તો પછી તમો એ બતાવો કે શું લોકો હ: આદમના વખતથી પહેલાં મોજૂદ હતા ? વળી એનો ખુલાસો કરો કે શું "ખલક્નાકુમ"થી પેદા કરવાનો (રચના કરવાનો) અર્થ પૂરો નથી થઇ જતો, શું તેમાં પેદા કરવાના સઘળા અર્થો મોજૂદ નથી જેને કારણે "સુમ્મ સવ્વરના કુમ" ફરમાવવામાં આવ્યું ?

<u>જવાબ :</u> ચોક્કસ ! આ બરકતવાળી આયતમાં એક મહાન ભેદ છૂપાયેલો છે. અમો ખુદાની મળેલ તૌફીકથી અહી તેની હિકમતનું વર્ણન કરીશું કે જેથી મિત્રોના સઘળાં સવાલો ખુદાના હુકમથી ઉકલી જાય અને તેઓની જાણકારીમાં ઘણા મોટા પ્રમાણમાં વધારો થાય. તે મહાન હિકમત આ મુજબ છે કે :

"વ લક્દ ખલકકુમ" અને અમોએ જ તમોને (આ વખતના

આદમથી પહેલાં) પેદા કર્યા. (જેમકે શારીરિકપણે પેદા કરવા જોઈએ) "સુમ્મ સવ્વરના કુમ" પછી અમોએ તમારી રૂહાની સુરત (ચહેરો) બનાવ્યો. (એટલે કે તમારા ઉપર એક રૂહાની સમય પસાર થયો) સુમ્મ કુલના લિલ મલાઈક્તે અસજૂદુલ આદમ=પછી અમોએ ફરીશ્તાઓને કહ્યું કે આદમને સીજદો કરો (એટલે કે તે વખતે તમે પણ રૂહાની રજકણની હેસીયતથી અને જમાલી ફરીશ્તાઓના મરતબામાં ત્યાં મોજૂદ હતા) ધ્યાન રહે કે "ખલક્કુમ"માં શારીરિક રચનાંનો પૂરો અર્થ રહેલો છે અને "સવ્વરના કુમ"માં રૂહાની સંપૂર્ણતાનો ઉલ્લેખ છે કારણ કે માનવીના જડ (ઘટ્ટ) શરીરનો સંબંધ આ રચાયેલાં જગતથી છે. અને સુક્ષ્મ (લતીફ) સ્વરૂપ (એટલે કે રૂહ)નો સંબંધ ખુદાઈ હુકમના જગત (આલમે અમર)થી છે કે જે રૂહાની દુનિયા છે જેમાં માનવી શક્લ-સુરત રૂપ-સુંદરતા અને નૂરાનીયતના ઊચ્ચ દરજજા ઉપર પહોંચી જાય છે કેમકે તે હકીક્તમાં રહેમાનનું સ્વરૂપ છે.

## લોકો, બાબા આદમ (અ.સ.)થી પહેલાં :

<u>સવાલ ૩૯ :</u> રૂહની ઓળખાણ સંબંધે સવાલોના આ ક્રમમાં તમોએ ઘણી મોટી ઈન્કીલાબ વાળી કલ્પના રજૂ કરી કે હ: આદમ (અ.સ.)થી પહેલાં પણ લોકો મોજૂદ હતા. પરંતુ એ વધુ ઉત્તમ નહિ હશે કે તમો અમને આ વિષય ઉપર એક વધુ આયતથી જાણકાર કરી દયો ?

<u>જવાબ :</u> અલ્લાહ તઆલાનું પવીત્ર ફરમાન છે કે "કાનન્નાસુ ઉમ્મતંવ્વ અહદહ બઅસલ્લુન્નબીય્યીન મુબસ્સીરિન વ મુનઝીરીન વ અન્ઝલ મઅહુમુલ કીતાબ" (૨/૨૧૩) અર્થ (પહેલાં તો સઘળા) લોકો

એક જ ઉમ્મત હતાં તો ખુદાએ (તેમની તરફ) ખુશખબરી દેનારા અને ડર સંભળાવનારા પયગમ્બરો મોકલ્યા અને તેઓ ઉપર પુસ્તક નાઝીલ કર્યાં આ ઉપરથી એ હકીકત પ્રકાશિત થઇ જાય છે કે નબુવ્વતના વખતથી પહેલાં લોકો મૌજૂદ હતા અને તેમની રીત એક જ હતી. પછી નબુવ્વતનો વખત શરૂ થયો, જેમાં અલ્લાહ તબારક વ તઆલાએ સૌથી પહેલાં હઝરત આદમ અલૈહીસ્સલામને ખીલાફત અને નબુવ્વતના તાજથી નવાઝ્યા.

**કયામતનો સૂર :**

<u>સવાલ ૪૦ :</u> આ સુરહ યાસીનની એક હિકમત ભરેલી આયતનો તરજૂમો છે કે "અને (જે વખતે) સૂર ફુંકવામાં આવશે તો આ સઘળા લોકો કબરોથી (નીકળીને) પોતાના પરવરદીગારની તરફ દોડી જશે (૩૬/૫૧) એમાં અમુક સવાલો ઊભાં થાય છે. પ્રથમ એ કે અસરાફીલના સૂરની કેફીયત અને હકીકત શું છે અને તેમાં શું હિકમત છે ? બીજું એ કે શું આ જાહેરી કબરમાં રૂહ દફન કરેલી હોય છે કે પછી તેની કોઇ તાવીલ છે ? ત્રીજું એ કે જ્યારે લોકો ખૂબ ઉતાવળ સહીત પોતાના રબ્બની તરફ જઇ રહ્યા હશે ત્યારે તે વખતે તેમની હસ્તી કેવી સ્થિતિમાં હશે. રૂહાની હાલતમાં કે શારીરિક સ્થિતિમાં ? ચોથો અને છેવટનો સવાલ એ છે કે તે એક માત્ર ખુદા કે જે સ્થળ અને હસ્તી (મકાન અને લા મકાન)થી પાક છે (અલગ છે) અને ઊંચો છે તે એ વખતે ક્યાં બેઠો હશે કેમકે એ રૂહોને તો તેની (ખુદાની) સેવામાં હાજર થઇ જવું છે ?

<u>જવાબ :</u> (અ) અસરાફીલનો સૂર રૂહાનીયતના ઠેકાણાનો એક

ઘણો મહાન બનાવ અને એક અસરભરપૂર અવાજ છે તે રણશીંગુ કે બ્યુગલ નહિ બલ્કે સાચી વાત તો એ છે કે એક બેનમૂન, સુરીલી, બેહદ દીલ લોભાવનાર અને જાદુ જગાડનાર શરણાઇ અને વાંસળીના જેવી છે. તે છેલ્લા દરજજાની દાવતે હક્ક એટલે કે ખુદા તરફ આવવાનું આમંત્રણ છે. તે ઇશ્કે હકીકીનું ગીત છે અને અંબીયા તથા ઔલીયા તેનાથી પૂરેપૂરો ફાયદો ઉપાડી શકે છે જેમાં એક તરફ તો ફના છે અને બીજી તરફ બકા. આ ફરીશ્તાનું ગીત છે ખૂબ જ વધારે મનમોહક અને અંદાજાથી ઘણું વધારે મનગમતું છે કે જેથી લોકો કે જેઓ દુનિયા ઉપર આશીક છે તેઓ છેવટે તેને સાંભળીને રૂહાનીયતની સચ્ચાઇઓ અને મારફતના માટે વિશ્વાસ કરી લ્યે. આમ અસરાફીલના સૂરમાં એટલી વધારે હિકમતો છે કે તેને વર્ણનની મર્યાદામાં નથી લાવી શક્તા.

(બ) આ એક રદીયો ન આપી શકાય એવી સચ્ચાઇ છે કે જાહેરી કબરમાં રૂહો દફન નથી થતી, હા ! આ ભૌતિક કબર સંબંધે કુરાન અને હદીસમાં જેટલા ફરમાનો છે, તેમાં તાવીલી હિકમતો છુપયેલી છે અને કબર તથા કબ્રસ્તાન તાવીલરૂપે માનવીનું જીવંત શરીર છે, જેમાં એટલી વધારે રૂહો દફન થયેલી છે કે તેની સંખ્યા ખુદાના સિવાય કોઇ નથી જાણતું. શું એ વ્યાજબી નથી કે ઇન્સાન આલમે સગીર (નાનું જગત) **(Personal World)** એટલે કે રૂહાનીયતની કાયનાત છે ? જો તમારાં મત મુજબ પણ આ વાત સાચી છે તો તેનો એ અર્થ થશે કે નાના જગતમાં રૂહાની રીતે તે સર્વ કાંઇ છે, જે જાહેરી જગતમાં ભૌતિક રીતે મોજૂદ છે. તો ચોક્કસપણે તેમાં કબરો પણ છે કેમકે જ્યારે કોઇ શખ્સ ઉપર મોત આવે છે તો તે સ્થિતિમાં

શરીરથી રૂહ અલગ થઇ જાય છે. શરીરને તો જાહેરી કબરમાં દફન કરવામાં આવે છે અને રૂહ રૂહાની કબરમાં દફન થઇ જાય છે, અને તે (રૂહાની કબર) કોઇ જીવંત હસ્તી હોય છે. પુસ્તક "વજહેદીન" કલામ ૧૯માં હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું આ ફરમાન ઉલ્લેખાયેલું છે કે "મારી કબર અને મીમ્બરના વચ્ચે બહેશ્તના બગીચાઓમાંથી એક બગીચો છે. આમાં હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ની મુબારક કબર તેવણ નામદારના વારસદાર એટલે કે હ. અલી (અ.સ.) હતા. મીમ્બર કાયમુલ ક્યામત અને બગીચો દાવતે હક (હકનો પ્રચાર) છે.

(ક) અસરાફીલના સૂરના વાગવાના લીધે જ્યારે લોકો ખૂબ ઊતાવળમાં પોતાના પરવરદીગારના તરફ દોડી જશે, તો તે વખતે તેઓ હાલના (મોજૂદ) શરીરમાં નહી હશે બલ્કે તેઓ રૂહાની હાલતમાં અને સુક્ષ્મ (લતીફ) શરીરની રજકણોથી જોડાયેલાં હશે, જેનો ઉલ્લેખ આ સવાલ જવાબના ક્રમ ઉપરાંત અમારાં અન્ય લખાણોમાં પણ થતો રહ્યો છે.

(ડ) એમાં કોઇ શંકા નથી કે અલ્લાહતઆલા મકાન અને લા-મકાનથી જુદો અને ઉપરવટ છે પરંતુ તેનું પવીત્ર નૂર દુનિયામાં હંમેશા મોજૂદ અને હાજર છે અને એ જ નૂર ખુદાવન્દી દરબાર છે.જ્યાં નૂર મોજૂદ છે ત્યાંથી અસરાફીલ સૂર ફુંકશે અને લોકો રૂહાની રજકણોના સ્વરૂપમાં તે જ અવાજ અને તે મહાન દરબારના તરફ ઉડતા ઉડતા જશે.

☆ ☆ ☆

# ત્રીજું પ્રકરણ

## રૂહની તસ્વીર (છબી) :

<u>સવાલ ૪૧ :</u> તમોએ તમારા પુસ્તક "ઈલ્મનો ખજાનો ભાગ-૪"માં "એક જવાબી પત્રનો મહત્વનો ભાગ"ના વિષયથી રૂહના વિષે વધુ ઉમદા વાતો લખી છે, જેનો ખાસ ભાગ આ છે :

"રૂહ એક હકીકત છે, અખંડ તત્વ છે, એક સુક્ષ્મ (લતીફ) જીંદગી છે, એક મહાન દુનિયા છે, એક બાતિની જાણકારી (જ્ઞાન) છે, એક હકીકી જાગૃતિ છે, એક અનુપમ વસ્તુ છે, એક છુપો ખજાનો છે, એક એવી સલ્તનત છે જેનું કોઇ પતન નથી, એક નૂરાની હસ્તી છે, એક ખુદાઇ પ્રતીબિંબ છે, એક પુરાતન અસ્તીત્વ છે, એક માત્ર એક હોવાનો ગુણ છે, હૈયાતીનો એક નમૂનો છે, એક સુક્ષ્મ કાયનાત છે, એક ચમત્કારનો (મોઅજીઝાનો) અરીસો છે, બરકતોનું એક મૂળ સ્થાન છે, એક એકઠી થયેલી એકત્રિત આયત છે, એક પરિસ્થિતિનું સંગઠન છે, ઈનાયતનું (કોઇ વસ્તુ અર્પણ થાય તેનું) એક કેન્દ્ર છે, એક જીન્નોની વિશાળતા છે. એક દરજ્જાઓની ઊંચાઇ છે વિગેરે. આ ૨૨ (બાવીસ) વાક્યોમાં રૂહના ગુણોનું ઉત્તમ પ્રતીબિંબ પાડવામાં આવ્યું છે, પરંતુ અમો અત્રે છેલ્લાં આઠ વાક્યોની કંઈક વધારાની સમજૂતી ઈચ્છીએ છીએ કે જેથી રૂહની ઓળખાણમાં વધારેથી વધારે સરળતા થાય.

<u>જવાબ :</u> ચોક્કસ રૂહ એક સુક્ષ્મ (લતીફ) કાયનાત છે, જેમાં

પ્રત્યેક વસ્તુ ઝીણા–લતીફ સ્વરૂપમાં મોજૂદ છે. રૂહ એક એવો અરીસો છે જેમાં હઝરતે રબ્બુલ ઈઝઝતના સઘળાં (અઝલી અબદી) અનંત, મકાની–લામકાની ચમત્કારો (મોઅજીઝાઓ)નો અનુભવ થાય છે. તે અલ્લાહતઆલાની બરક્તો (આશીષો)નું મૂળ છે જેમાં કુદરતી આયાત એટલે કે નીશાનીઓ એકત્રિત છે તે ભૂત અને ભવિષ્યકાળની સ્થિતિઓ તથા બનાવોનું સંગ્રહન પણ છે. ખુદાવંદે રૂહને પોતાની મહેરબાનીઓનું કેન્દ્ર બનાવ્યું છે. રૂહ પોતે, ખુદાના ફઝલથી જન્નત છે અને કુરાન છે (૫૭/૨૧)માં બહેશ્તની વિશાળતાનો ઉલ્લેખ થયો છે તે અસલમાં રૂહની વિશાળતા છે અને રૂહ તે (વસ્તુ) છે કે જેમાં અવ્વલથી આખર સુધીના ઈઝઝતના સઘળા દરજ્જાઓ અને મસ્તબાઓ મોજૂદ છે.

## સ્પર્શથી (અડકવાથી) કે અકલથી :

<u>સવાલ ૪૨ :</u> તમો અમને એ જણાવો કે રૂહને સ્પર્શથી જાણી કે ઓળખી શકાય છે કે પછી અકલથી ? આ વિષયમાં તમારા દૃષ્ટિકોણને દલીલો સહીત વર્ણન કરો.

<u>જવાબ :</u> રૂહ, વ્યક્તિગત રીતે જોઈએ તો અકલથી સંબંધિત છે અર્થાત તે જાહેરી ઇંદ્રીયો એટલે કે સ્પર્શ કરવાથી નહી પરંતુ ફક્ત અકલથી જાણી અને ઓળખી શકાય છે, પણ તેનો સંબંધ જ્યારે લતીફ–સુક્ષ્મ શરીર કે ઘટ્ટ શરીરની સાથે થાય છે તો એક પ્રકારે તે સ્પર્શ દ્વારા જણાનાર પણ કહેવાઈ શકે છે. ખાસ કરીને સુક્ષ્મં–ઝીણા શરીરના સ્વરૂપમાં એટલે કે જ્યારે આપણી રૂહ આસમાની શરીરનો પોષાક પહેરેલી સ્થિતિમાં હોય છે તો તે સ્થિતિમાં આપણે તેને તેની પૂરેપૂરી ખૂબીઓ સહીત જાહેરી આંખો વડે જોઈ શકીએ

છીએ, તેની વાતો સાંભળી શકીએ છીએ, તેની સુગંધને સુંઘી શકીએ છીએ, વિગેરે.

જ્યારે હઝરત (બીબી) મરીયમની સામે પવીત્ર રૂહ જાહેર થઇ તો તે વખતે તે પવીત્ર રૂહ એક સંપૂર્ણ અને પૂરેપૂરા ઇન્સાનના સ્વરૂપમાં હતી (૧૯/૧૭). ખુદાવંદતઆલાના હુકમથી અમુક વખતે ફરીશ્તા માનવીનો પહેરવેશ પહેરીને જાહેર થઇ જાય છે. સુરહ હુદની ૬૯થી ૮૧ સુધીની આયાત તપાસી જુઓ. આનો મતલબ એ કે જ્યાં નાની નાની રૂહો રજકણના સ્વરૂપમાં જાહેર થઇ જાય છે ત્યાં મહાન રૂહો કે જેઓ ફરીશ્તા છે, સંપૂર્ણ ઇન્સાનના સ્વરૂપમાં સામે આવે છે.

**રવ અને રૂહ :**

<u>સવાલ ૪૩ :</u> આથી અગાઉ તમોએ એ જણાવ્યું કે કુરાનમાં "રૂહ" શબ્દ ૨૪ વખત ઉલ્લેખાયેલો છે, જો કે અમો જોઇએ છીએ કે તેમાં ત્રણ વખત રવ પણ આવેલ છે, તો શું આ બન્ને શબ્દોના ડીક્ષનરીના અર્થો એક જ છે કે પછી તેમાં કોઇ તાવીલ છે ?

<u>જવાબ :</u> સર્વ પ્રથમ રવ અને રૂહ અસલમાં એક જ છે, એટલે કે ડીક્ષનરીના હિસાબે તે એક જ છે, બીજું એ કે જો આપણે તેને જુદાં જુદાં કલ્પના કરીએ અથવા તેની તાવીલ કરીએ તો પછી પણ એક વાત બને છે. દરેક રીતે આ શબ્દ એક બીજાને માટે જ છે, કારણ કે તેનું અસલ અને મતલબ એક છે. અને આ મુબારક આયતમાં જરા ગંભીર ભાવે તપાસ કરી જુઓ કે જે લોકો માન્ય રાખેલાં છે (જેઓ ખુદાના નજીક છે) તેમને દુનિયાની જીંદગીમાં જ ખુદાના તરફથી રૂહ અને રૂહાનીયત પ્રાપ્ત થઇ જાય છે, જેમાં દરેક

પ્રકારના રૂહાની ફૂલ અને ફળ મૌજૂદ છે. "ફામ્મા ઈન્કાન મીનલ મુકર્રબીન વ રૂહુર્રીહાનુન વ જન્નતુ નઈમ" (૫૬/૮૮-૮૯) અર્થ : પછી જો તેઓ અલ્લાહનું નજીકપણું મેળવેલાઓમાંહેના હશે તો (તેમના માટે જીંદગીમાં જ હકીકી) રૂહ-રાહત અને સુગંધી પુષ્પો છે અને નેઅમતવાળી જન્નત (નેઅમતવાળા બાગ).

બીજી જગ્યાએ આ શબ્દ આ મુજબ છે કે "વલા તા યસઉ મિર્રુહુલ્લાહી, ઈન્નહુ લા યા યસઉ મીર્રુહુલ્લાહી ઈલ્લલકુમુલ કાફીરૂન" (૧૨/૮૭) "અને અલ્લાહની રૂહથી (રહેમતથી) નિરાશ ન થાઓ કારણ કે ખુદાની રૂહથી સિવાય નાસ્તિકોના કોઈ નિરાશ નથી થયું."

આ આયતની કીસ્અતમાં એટલે કે તેને પઢવામાં રવ પણ હોઈ શકે છે કેમકે ખુદા તઆલાની આ વાત હઝરત યાકુબ (અ.સ.)ના મુખ દ્વારા (તેમની જીભથી નીકળેલ) છે અને તેવણે હઝરત યુસુફ (અ.સ.)ના વિષે ફરમાવ્યું હતું કે ખુદાની રૂહ (રહેમત)થી નિરાશ ન થઈ જશો એટલે કે હઝરત યુસુફથી (નિરાશ ન થશો) કે જે રૂહુલ્લાહ અને પયગમ્બર તથા ઈમામ હતા.

## ઈમામનું નામ "અર્રૂહ" :

સવાલ ૪૪ : આમ તો ઈમામ સલ્વાતુલ્લા અલૈહીના ઘણા નામ છે, પણ રૂહાનીયતના જ્ઞાનની ભાષામાં ઈમામનું શું નામ છે ? અને તેની શું દલીલ છે ?

જવાબ : પાક અને પવીત્રઈમામનું એક મુબારક નામ "અર્રૂહ" અને રૂહુલ્લાહ છે, જેની એક દલીલ તો એ છે કે જ્યારે ઈમામ નૂર છે તો રૂહ છે કારણ કે નૂર એક જીવંત રૂહની હેસીયતે હોય છે, માટે

નુરૂલ્લાહ અને રૂહુલ્લાહ એક જ અર્થ છે અને બન્ને શબ્દોમાં થોડેક પણ તફાવત નથી. બીજી દલીલ એ છે કે મૌલા અલી અલૈહીસ્સલામે ફરમાવ્યું છે કે "અના અમરૂલ્લાહી વર્રૂહુ" અર્થાત "હું છું અમ્રે ખુદા (ખુદાનો અમ્ર) અને તેની રૂહ", વળી ફરમાવેલું છે કે "કુલ અર્રૂહુ મિન અમ્રીર્રબ્બી" અર્થ : "કહી દ્યો (અય મુહમ્મદ) કે રૂહ મારા પરવરદીગારના હુકમથી છે." ત્રીજી દલીલ પણ મૌલા અલીના ફરમાનથી છે કે "મન અરફા નફસહુ ફકદ અરફા રબ્બહુ" અર્થાત "જેણે પોતાની રૂહ (ઈમામ)ને ઓળખ્યો ચોક્કસપણે તેણે પોતાના પરવરદીગારને ઓળખ્યો." ઈન્સાનમાં કેટલીય રૂહો હોય છે, વનસ્પતીની, જાનવરની અને ઈન્સાની, પણ જ્યાર સુધી ચોથી રૂહ એટલે કે પાક રૂહ (રૂહે કુદસી)ની પ્રાપ્તી ન થાય ત્યાર સુધી પરવરદીગારની મારફત એટલે કે ઓળખાણ અશક્ય છે, અને સ્પષ્ટ છે કે ચોથી રૂહ પયગમ્બર (અ.સ.) અને ઈમામ (અ.સ.)નું નૂર છે અને તે જ રૂહ ઈન્સાનની હકીકી રૂહ પણ છે, આમ ઈમામ આપણી હકીકી રૂહ છે એટલે કે રૂહે કુદસી, અને ઉપર જે ફરમાનનો ઉલ્લેખ છે તેનો અર્થ પણ એ જ છે.

**રૂહના આશીક :**

<u>સવાલ ૪૫ :</u> હઝરત મૌલાના ઈમામ સુલ્તાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લાહ અલૈહીએ દીનના અમુક બુઝુર્ગોના વિષે ફરમાવ્યું હતું કે "તેઓ પોતાની રૂહના આશીક હતા." આનાથી મતલબ કઈ રૂહના માટે છે ? ખુલાસાથી બતાવો.

<u>જવાબ :</u> જે રૂહ સામાન્ય રીતે સઘળાં માનવીમાં રહેલી હોય છે તે (રૂહ) ઉપર શું આશીક થવું ? આશીક તો તે રૂહ ઉપર થવું જોઈએ જે હાદીએ બરહકમાં છે. જે આશીક અને માશુક બન્નેની એક

જ રૂહ છે અને એ જ કારણ છે કે બંન્નેને એક જ એક્તા (એક હોવાપણું) અર્પણ કરી દયે છે, આમ ભૂતકાળમાં (પાછલા સમયમાં) દીનના બુઝુર્ગો જે પાક રૂહના આશીક હતા તે હાદીએ બરહક (પયગમ્બર (અ.સ.) અને ઈમામ (અ.સ.)ની રૂહ હતી અને તેઓની પોતાની રૂહ હતી જેમાં તજલ્લીઓની દુનિયા હતી, પછી આશીક કેમ ન થતે.

**પાક રૂહ :**

<u>સવાલ ૪૬ :</u> આ તો અકીદત એટલે કે માન્યતાની વાત થઇ, તેને આપણે પણ માનીએ છીએ પરંતુ તે વિષે કોઇ એવી દલીલ જોઇએ જેમાં અકલના પ્રમાણમાં વિચારતાં વધારે વજન હોય. શું તમો એવી કોઇ દલીલ રજૂ કરી શકો છો ? જેના તરફ હોશમંદ લોકો ધ્યાન આપે ?

<u>જવાબ :</u> ખુદાવંદતઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત અને મહાન હિક્મતથી પથ્થર–ધાતુ એટલે કે જમાદાતના માટે પ્રગતી અને ઊંચે ચઢવાની રૂહ વનસ્પતી એટલે કે નબાતાતમાં રાખી છે. આમ જ્યાં પણ માટીના રજકણો વનસ્પતીમાં ઓગળી જાય છે (ફના થઇ જાય છે) તો ત્યાં કુદરતનો સિદ્ધાંત તેઓને ચોક્કસપણે (જરૂર) નબાતી રૂહ એટલે કે વૃદ્ધિ કરવાની શક્તિ ધરાવનાર રૂહ અર્પણ કરી દયે છે.

એ જ પ્રમાણે વનસ્પતીની રૂહની પ્રગતી હેવાનોના અસ્તિત્વમાં મોજૂદ છે, અને તેને પામવા માટેની એક માત્ર શરત એ છે કે વનસ્પતી પોતાની હસ્તીને હેવાનોના ખોરાક માટે કુરબાન કરી દયે કે જેથી જાનવર તેને ખાઈને પોતાની હેવાની રૂહની સાથે એક કરી દયે.

તે પછી હેવાનોની વાત આવે છે કે તેઓમાંથી જે હલાલ

છે તેમની ઉપર ચઢવાની મંઝીલ અને ઊંચી રૂહ ઈન્સાનમાં (મનુષ્યમાં) રાખેલી છે અને તેને ગ્રહણ કરવાની રીત ફક્ત અને ફક્ત એ જ છે કે હેવાનો જાન દઈ દયે કે જેથી મુષ્યોના જીવંત રહેવાના હેતૂને પૂરો કરવામાં મદદ મળે અને સાથે સાથે હેવાનો એક પ્રકારે મનુષ્યની રૂહમાં જીવંત થઈ જાય.

આ ક્રમ અહી જ અંત નથી પામતો બલ્કે હજુ પણ આગળ જાય છે, તે એમ કે મનુષ્યોમાંથી જેઓ સદ્‌ભાગી લોકો છે તેઓ પોતાને દીની અને રૂહાની પ્રકારે ઝમાનાના હાદી (અ.સ.)ને સુપ્રત કરી દયે છે અને પૂરી રીતે તેઓની આજ્ઞા મુજબ ચાલવું, જરાયે ભેળ સેળ વગરની (સાફ) તાબેદારી અને સંપૂર્ણ ઈશ્કમાં પોતાના નફસે અમ્મારા (મન)ને ફના કરી દયે છે, જેના પરિણામે એવા પસંદગી પામેલા બંદાઓને હ: પયગમબર (સ.અ.સ.) પોતાની પવીત્ર રૂહમાં ભેળવીને એક કરી દયે છે.

આ રીતે કુદરતના સિદ્ધાંતના પ્રકાશમાં આ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે સંપૂર્ણ માનવી એટલે કે પયગમ્બર અને ઈમામ (અ.સ.) મનુષ્ય (બની આદમ)ની સૌથી ઊચ્ચ અને સૌથી છેવટની રૂહ છે.

**આકાશી શરીર :**

<u>સવાલ ૪૭ :</u> તમોએ તમારા લેખોમાં ઘણી જગ્યાઓ ઉપર આકાશી શરીર, (સુક્ષ્મ) શરીર (જીસ્મે લતીફ), જુસ્સાએ ઈબ્દાઈયા ઓસ્ટરલ બોડી વિગેરે જેવા નામોનો ઉલ્લેખ કર્યો છે, આથી તમારો હેતૂ શું છે ? શું આવી કોઈ વસ્તુ કુરાનમાં ઉલ્લેખાયેલી છે કે પછી આ વાત ફક્ત જાહેરી જાણકારી સુધી મર્યાદિત છે ? જો ખરેખર એવી કોઈ

વસ્તુ મોજૂદ છે તો ખુલાસો કરો કે તે કઇ રીતે છે ?

જવાબ : આકાશી શરીરનો મતલબ એવા શરીરથી છે કે જે ભૌતિક્તા, (જાહેરી શરીર) પૃથ્વીના તત્વોથી જુદો છે કારણ કે તે આકાશી વસ્તુ (આકાશી બનાવટ) છે. સુક્ષ્મ શરીર એટલે કે જીસ્મે લતીફ પણ એ છે જે પોતાના સુક્ષ્મપણા અને પવીત્રતાને લીધે આ માટીના શરીરથી વધીને છે (ઉચ્ચતર છે) એસ્ટ્રલ બોડી (**Astral Body**)નો અર્થ જ કૌકબી બદન છે જેનો હેતુ એ જ થાય છે અને (જુસ્સાએ ઇબ્દાઇયા) પણ તે જ વસ્તુ છે પણ તેનો સારાંશ–તેનો અર્થ મહાન ઊચ્ચ છે. કેમકે જુસ્સાનો અર્થ શરીર છે અને ઇબ્દાઇયા, ઇબ્દાથી નીકળેલું છે જે કલમાએ "કુન"નું પરિણામ છે માટે જુસ્સાએ ઇબ્દાઇયાથી એવા ચમત્કારિક શરીરનો હેતૂ નીકળે છે કે જેમાં "કુન ફયકુન"નું કામ અને ખુદાવંદતઆલા (જેની આજ્ઞાથી સર્વ કાંઇ છે)ની બાદશાહી છે, એ જ બહેશ્તનું સિંહાસન છે અને સર્વકાંઇ છે.

જી હા ! કુરાનમાં કેટલાંય પ્રકારે આનો ઉલ્લેખ આવેલો છે કે ઇન્સાની બકા એટલે કે મનુષ્યના બાકી રહેવાના માટે હાલના મોજૂદ શરીરના સિવાય અન્ય શરીરો પણ છે દાખલા તરીકે કુરાનમાં આવેલ આ ફરમાન ઉપર ખૂબ ગંભીરતાથી જુઓ.

"અને એણે જ (ખુદાએ) તમારા માટે પહેરણ (કુર્તા) બનાવ્યા જે તમોને ગરમીથી બચાવે અને એવા કુર્તા જે તમોને હથિયારોના હુમલાથી બચાવે. ૧૬/૮૧ આ લુગડાં કે કુર્તા હરગીઝ આ દુનિયાના નથી કે જે કપડા કે એવી કોઇ વસ્તુના હોઇ શકે છે, જેને મનુષ્ય બનાવે છે, અને એ વાત પણ બિલ્કુલ અશક્ય છે કે કોઇક એવા

જાહેરી અને ભૌતિક પ્રકારના લુગડાં આપણને દરેક પ્રકારની ગરમી અને દરેક પ્રકારની લડાઈની અસરોથી બચાવી શકે સિવાય ઝીણા શરીર (જીસ્મે લતીફ)ના કે જે રૂહાની કુર્તા છે જેને ખુદાતઆલાએ પોતાના કુદરતભરપૂર હાથોથી બનાવ્યા છે.

## જીબ્રાઈલની શક્તિ (કુવ્વતે જીબ્રીલીયા) :

સવાલ ૪૮ : જીબ્રીલની શક્તિ કઈ વસ્તુનું નામ છે અને તે ક્યા દરજ્જાના મુષ્યમાં હોય છે ? શું તે પોતે જીબ્રાઈલ ફરીશ્તાનું કામ કરે છે ? જીબ્રાઈલ આ શક્તિને લીધે કામ કરે છે ? શું આ વિષે તમોએ ક્યાંય કંઈ લખ્યું છે ? જો કંઈ લખ્યું છે તો તે ક્યા પુસ્તકમાં છે ?

જવાબ : જીબ્રીલની શક્તિ મનુષ્યની અકલનું નામ છે અને આ શક્તિ પરીપૂર્ણ દરજ્જાના સર્વજ્ઞાનસંપન્ન માનવીમાં મોજૂદ હોય છે. તેની સાથે એક તરફથી જીબ્રાઈલ મળેલો છે અને બીજી તરફથી એક હકીકી મોમનની રૂહ. વધુ વિગત માટે મારા એક પુસ્તક "ઈલ્મનો ખજાનો"ના એક નિબંધ "ઈન્ડીયાથી ત્રણ સવાલ"ને વાંચી જુઓ.

## રૂહ અને શરીરનું એક સરખું હોવું :

સવાલ ૪૯ : તમોએ સવાલ ૪૨ના જવાબમાં ક્હ્યું છે કે જ્યારે આપણી રૂહ આકાશી શરીરનો પહેરવેશ પરિધાન કરેલી હોય છે તો તે સ્થિતિમાં આપણે તેને સઘળી ખૂબીઓ સહીત માથા ઉપરની આંખો વડે જોઈ શકીએ છીએ, તેની વાતોને સાંભળી શકીએ છીએ અને તેની સુગંધને સુંઘી શકીએ છીએ વિગેરે. આમાં સવાલ એ છે કે શું દરેક મનુષ્ય અને તેની રૂહ સ્વરૂપ અને ચહેરામાં એક બીજાથી

સરખી (મળતી) છે કે જુદી ? રૂહ કઈ ભાષામાં વાતચિત કરે છે ? શું સઘળી રૂહોની કોઇ એક જેવી ભાષા હોય છે ? રૂહની સુગંધ કેવી છે ?

<u>જવાબ :</u> જી હા ! નીચલા દરજ્જાઓમાં દરેક માનવીની રૂહ જાણે કે તેની રૂહાની છબી છે પરંતુ છેવટના દરજ્જાઓમાં કે જ્યાં ઘણી બધી હકીકતોની (અઝલ અને અબદની) શરૂઆતની અને છેવટની એક્તા છે ત્યાં એવું નથી બલ્કે ત્યાં રૂહ પરીપૂર્ણ માનવીના રૂપમાં નજરે પડે છે. દરેક માણસ અને તેના રૂહની ભાષા એક જ છે અર્થાત જે માણસની જે માતૃભાષા છે તે જ તેના રૂહની ભાષા છે. રૂહોની કોઇ એક જેવી (સમાન) ભાષા નથી, હા, રૂહ અને રૂહાનીયતમાં સુગંધોની ઘણી મહત્ત્વતા છે એટલે સુધી કે ત્યાં તો ખોરાક (ખાવાની વસ્તુઓ) પણ જુદી જુદી પ્રકારની સુગંધોના સ્વરૂપમાં દેવામાં આવે છે, ત્યાં કોળીયા લઈને (દાંતો વડે) ચબાવીને ખાનારી ખોરાક કોઇ નથી.

## પક્ષી અને ફળની તાવીલ :

<u>સવાલ ૫૦ :</u> ઈલમના મોતી (તમારા એક પુસ્તક)નો અભ્યાસ કરીને અમને અતી ઘણી ખુશી અને ઘણો આનંદ પ્રાપ્ત થયો, તેમાં (માશા અલ્લાહ) તમોએ ઊંચી હકીક્તોની વાતો લખી છે, દાખલા તરીકે પક્ષીઓ અને ફળોની તાવીલ ઘણી જ નીરાળી અને અતીશય મનગમતી છે, શું તમો એ વિષયમાં વધુ મુદ્દા વર્ણવશો ?

<u>જવાબ :</u> હઝરત સુલેમાન અલૈહીસ્સલામ જે રીતે પક્ષીઓની ભાષા જાણતા હતા (૨૭/૧૬) તેની તાવીલ એ છે કે તેવાણ સઘળી રૂહોથી વાતચિત કરતા હતા, જેમાં જીન અને મનુષ્ય જાનવર

અને પક્ષીઓ દરેકની રૂહો હતી, કેમકે રૂહને પક્ષી એ અર્થમાં કહેવામાં આવેલ છે કે ઝીણા રજકણોના સ્વરૂપમાં આપણી ઉપર સ્વતંત્રપણે ઉડતા ઉડતાં આવવું જવું કરતી રહે છે. જન્નતમાં જો (ગોશ્ત) માંસ છે તો તે ફક્ત પક્ષીઓનું, શા માટે ? એ માટે કે રૂહનો દાખલો તેની ઉપમા પક્ષીઓથી આપવામાં આવી છે અને બહેશ્તમાં પક્ષીઓનું માંસ ખાવું એ રીતે છે કે કોઈક ઉમદા, મનપસંદ અને ઊંચી રૂહને અપનાવીને (કબૂલ કરીને) કોઈક ખાસ (અથવા અમુક–થોડી) હસ્તી બનાવી લેવામાં આવે. દુન્યવી ન્યામતોને ખાવાનો હેતૂ પણ એ જ હોય છે કે તેના થકી શારીરિક હસ્તી મજબૂત (કાયમ) રહે.

કુરાન વારે ઘડીએ કહે છે કે જન્નતમાં રોજી સમરના રૂપે એટલે કે ફળો દ્વારા આપવામાં આવશે, તેમાં પણ રૂહો તરફ ઈશારો છે, કે કાયનાત અને આ જગતની પ્રત્યેક અને દરેક વસ્તુઓની રૂહ તેનું ફળ કહેવાય છે. જે રીતે વૃક્ષની સઘળી ખૂબીઓ તેના સઘળા ગુણો, શક્તિઓ અને સ્વાદ ફળમાં એકઠું થઇ જાય છે તે જ રીતે વસ્તુઓની રૂહમાં ઈલ્મ અને હિકમતની સઘળી મીઠાશ અને સઘળો આનંદ સમાવેલો છે અને સારી રીતે યાદ રહે કે બહેશ્ત જે છે તે અકલની અને રૂહની ન્યામતોથી ભરપૂર છે.

## મડદાઓનું દુનિયાને નીરખવું :

સવાલ ૫૧ : જ્યારે કોઇ માણસ મરણ પામે છે ત્યારે તેજ વખતે તેની નજરોથી આ દુનિયા અદૃશ્ય થઇ જાય છે, એ માટે કે હવે તેમાં એ આંખો નથી રહી કે જેનાથી તે આ જગતને જોતો હતો, પણ તેમ છતાં એ ઇચ્છે છે કે આ દુનિયાને અથવા ઓછામાં ઓછું

પોતાના ખાનદાન વાળાઓને જોયા કરે, અને તેમને કંઈક મદદ આપે. શું આ કાર્ય તેના માટે શક્ય છે કે અશક્ય ?

જવાબ : અહી પ્રથમ તો એ જોવાનું હશે કે એવો માનવી બહેશ્તમાં છે કે દોઝખમાં ? કેમકે બહેશ્તની વાત જુદી છે અને દોઝખની સ્થિતિ જુદી છે એટલે કે જન્નતમાં દરેક ઈચ્છાની પૂર્ણતા શક્ય છે. તમો કુરાનની સુરહ ૫૦ આયત ૩૫ને જુઓ" આ (જન્નત)માં એ લોકો જે ઈચ્છશે તે તેમના માટે હાજર છે, અને અમારી પાસે (તેથી પણ) વધીને છે.

મોમીનો જેઓ જન્નતમાં હશે તેઓ કેટલીય રીતે દુનિયાને જોઈ શકશે, દાખલા તરીકે રૂહની આંખોથી, ઈલાહી નૂરના પ્રકાશમાં, જુસ્સાએ ઈબ્દાઈયામાં, (લતીફ જીસ્મમાં) જાહેરી દુનિયાના તરફ ધ્યાન કરીને વિગેરે. પરંતુ કોઈને મદદ દેવાનો સવાલ એથી ઘણો જુદો છે કેમકે તેનાથી અધિકાર અને પરીક્ષા (અખત્યાર અને ઈમ્તેહાન)ના સિદ્ધાંતમાં દખલ થઈ જાય છે તેમ છતાં ખુદાવંદતઆલાના તરફથી કોઈની મદદ મંજૂર થાય તો તે પણ શક્ય છે, એ શરતે કે રૂહ ફરીશ્તાના દરજ્જામાં હોય, જેમકે ઈમાનવાળાઓના માટે ફરીશ્તાઓની મદદના વિષે ફરમાવેલું છે કે--

"અમો દુનિયાની જીંદગીમાં પણ અને આખરતમાં પણ તમારા મિત્ર (મદદગાર) છીએ (૪૧/૩૧). અહી એ પણ યાદ રહે કે ફરીશ્તાઓ ખુદાના હુકમથી જે કંઈ પણ મદદ કરી શકે છે તે ફક્ત રૂહાની, ઈલ્મી અને દીની મદદ છે, દુન્યવી મદદ હરગીઝ નથી.

## ઝુલ્કરનૈન અને યાજૂજ માજૂજ :

સવાલ પર : ઝુલકરનૈન ક્યા દરજ્જાની હસ્તી–ક્યા દરજ્જાના માનવી હતા ? તેમની યાત્રા ક્યા પ્રકારની હતી ? યાજૂજ અને માજૂજ કેવી મખ્લુક (કેવી રચના) છે, અને સદ્દે સીકંદરી (સીકંદરની દીવાલ)ની હકીકત શું છે ? આ વિષે કંઇક મહત્ત્વની હકીકતો વર્ણવો.

જવાબ : ઝુલ્કરનૈન પોતાના વખતના ઇમામ (અ.સ.) હતા. તેવણની એ યાત્રા, જે રીતે કુરાનમાં (૧૮/થી ૯૮) આવેલું છે, રૂહાનીયતમાં હતી અને તેવણે સઘળી રૂહાની મંઝીલો પોતાની જાતમાં (પોતાની હસ્તીમાં) સર કરી હતી, સુર્ય ડુબવાની જગ્યા દ્વારા જે હેતૂ છે તે બે શારીરિક્જાની અસલ, અર્થાત નાતિક અને અસાસ કે જેઓ ઇલ્મ અને હિકમતના નૂરની પશ્ચિમ દિશા છે (સુર્ય ડુબવાની જગ્યા છે) અને "ઐનીન હમીઅતીન"નો હેતૂ છે શારીરિક મર્યાદાવાળી હસ્તીઓ એટલે કે ઇમામ, હુજ્જત અને દાઇ, કેમકે આ માનવંત લોકો નાતિક અને અસાસથી જોડાયેલાં છે અને ઝરણાની પેઠે તેનો ક્રમ ચાલતો જ રહે છે.

આ દરજ્જા ઉપર હઝરત ઇમામ ઝુલ્કર નૈન અલૈહીસ્સલામે સઘળા દુનિયાવાળાઓની રૂહોને નીરખ્યા, અને ખુદાવંદ આલમે જે રીતે ઇમામને દુનિયાવાળાઓના મામલામાં અધિકાર દઇ રાખ્યો છે તે સંબંધે ફરમાવ્યું "સુર્ય નીકળવાની જગ્યા (સુર્યોદયની જગ્યા)નો અર્થ છે બે રૂહાનીની અસલ એટલે કે અકલે કુલ અને નફસે કુલ કે જેઓ ઇલ્મ અને હિકમતના નૂરના સુર્યોદયની જગ્યા છે (પૂર્વ દિશા છે). ત્યાં (તે) ઊચ્ચ દરજ્જાના માલિક, ઇમામો, રૂહો અને ફરીશ્તાઓનું તે મહાન

અને શાનદાર ટોળું જોયું જેની ઉપર નૂરનો સૂર્ય કોઇ પર્દા વગર કીરણો ફેંકી રહ્યો હતો. આ રૂહો તૌહીદવાળા (એક ખુદાને માનનારા)ઓની હતી.

યાજૂજ અને માજૂજની કેટલીય તાવીલો છે. તમો મારા એક પુસ્તક "ઇમામ શનાસી ભાગ ત્રીજો" પ્રકરણ ૧૪ અને ૧૫ને પણ વાંચી જુઓ. યાજૂજ અને માજૂજ એક પ્રકારની રૂહો છે જેમનાથી રૂહાની રીતે નુકસાન પણ છે અને ફાયદો પણ, પરંતુ નુકસાન કામચલાઉ એટલે કે થોડા વખત માટેનું છે અને ફાયદો કાયમ માટેનો.

એક રીતે મહાન યુગ ત્રણ છે. એક મોટો (ઝમાનો) યુગ તે કે જે ઘણો પહેલાં વીતી ચૂક્યો છે, બીજો એ કે જે મોજૂદ છે અને ક્યામત સુધી ફેલાયેલો છે અને ત્રીજો મહાન યુગ ક્યામતના પછી શરૂ થનાર છે. આ ત્રણ મહાન યુગોના સંબંધે ઈમામ હઝરત ઝુલ્કર્નૈને ત્રણ દરજ્જાની રૂહોનો અનુભવ કર્યો. પહેલા દરજ્જાની રૂહો નૂરના પૂર્વમાં હતી, જેનો સંબંધ વીતી ગયેલાં યુગથી હતો અને તેઓને દાયમી એટલે કે હંમેશની નજાત (મુક્તિ) મળી ચૂકી હતી. બીજા દરજ્જાની રૂહોનો અનુભવ (તમને) પહેલે જ પશ્ચિમમાં થયો હતો, જેમનો સંબંધ હાલના-મોજૂદ વખતથી હતો અને ત્રીજા દરજ્જાની રૂહો એટલે કે યાજૂજ-માજૂજને દાખલા તરીકે એક એવી ઘાટીમાં (ખીણમાં) જોયા કે જે પૂર્વ અને પશ્ચિમની વચ્ચે હતી. તેની તાવીલ એ છે કે તેઓને ન તો રૂહાનીની હદો તરફથી હીદાયત પ્રાપ્ત હતી અને ન તો શારીરિક હદો દ્વારા, અને એ જ કારણ છે કે આ રૂહો દીનની ભાષા નહોતી જાણતી તેથી તેમના સ્વભાવ મુજબ એ તેમની જરૂરીયાત હતી કે પોતાની તે ઘાટીમાંથી નીકળીને એક મહાન ક્રાંતી (ઇન્કીલાબ) લાવે

કે જેથી દુનિયામાં ત્રીજા મહાન યુગનો આરંભ થાય, કે જે તેઓના જ સાથે સંબંધ ધરાવે છે. પરંતુ સમયથી પહેલાં કોઇ કાર્ય વ્યાજબી નથી માટે રૂહાનીયતની એક મજબૂત દીવાલ બનાવીને તેઓને રોકી દીધા.

**રૂહાની ખોરાક :**

<u>સવાલ ૫૩ :</u> સુરહ માયદા (૫)ની આયત (૬૬)માં ફરમાવેલું છે કે "અને જો તે લોકો તૌરેત અને ઇન્જીલ અને જે કંઇ તેમની પાસે પરવરદીગારના તરફથી નાઝીલ કરવામાં આવ્યું છે, તેને કાયમ રાખતે તો જરૂર તેઓ ઉપરથી પણ રોજી ખાઇ લેતે અને પગના નીચેથી પણ." શું આમા કોઇ રૂહાની હિકમત છે કે તેનો ફક્ત એ જ અર્થ છે ? શું એ શક્ય છે કે ફરમાનબરદારોને દુન્યવી રોજી ખૂબ વધારે મળે અને નાફરમાન લોકો ભૂખે મરી જાય ?

<u>જવાબ :</u> અહી રૂહાની રોજીનો ઉલ્લેખ થયેલો છે, જો કે જાહેરીમાં એમ લાગે છે કે આમાં શારીરિક રોજીની વાત છે પરંતુ જ્ઞાનની દૃષ્ટિ વડે જોવામાં આવે તો જણાય છે કે આ અસલમાં રૂહાની ખોરાક છે.

જાણવું જોઇએ કે ઇન્સાનની ઉપમાઓ ઘણી વધારે છે, અને તેમાંથી એક ઉપમા વૃક્ષની છે, એ માટે માણસમાં વૃક્ષ વાળી રૂહ (એટલે કે વનસ્પતીની રૂહ) પણ છે, અને વૃક્ષનું પાલણપોષણ બે પ્રકારે થાય છે એટલે કે જડ–મૂળથી પણ અને ડાળીઓથી પણ. એ જ રીતે રૂહાનીયતના ઊચ્ચ મુકામો ઉપર ખોરાકના સંબંધે આસમાની રૂહો માથા દ્વારા દાખલ થઇ જાય છે અને નીચલા દરજ્જની રૂહો પગ

દ્વારા. આમાં એ ઈશારો પણ છે કે ખોરાકની શક્તિ અને તાકાતની વનસ્પતીમય રૂહો પગ દ્વારા અને હેવાની તથા ઈન્સાની રૂહો માથા દ્વારા દાખલ થઇ જાય છે.

માથાના રસ્તેથી જે લતીફ ખોરાક પ્રાપ્ત થાય છે તે પણ બે પ્રકારના છે એક તે વસ્તુ છે કે જે ગળા દ્વારા ઊતરતી જાય છે પણ (દાંતોથી) ચબાવવી નથી પડતી, કેમકે તે લતીફ અને ઘણી બારીક છે, તે જાણે કે હેવાની રૂહનો ભાગ છે અને બીજો ઘણો ખોરાક સુગંધોના સ્વરૂપમાં છે તેને ઈન્સાની રૂહનો ભાગ સમજવો જોઈએ.

**રૂહની ઝહુરાત :**

<u>સવાલ ૫૪ :</u> જ્યારે કોઇ સદ્ભાગી મોમન ઈસ્લામ દીન અને સાચા હાદીની હીદાયત અને કેળવણી થકી રૂહની ઝહુરાત અને રૂહાનીયતના ઠેકાણાઓ સુધી પહોંચી જાય છે તો તે વખતે તેની સામે રૂહ કે રૂહો કઇ કઇ હેસીયતોમાં જાહેર થઇ જાય છે ? આ વિષે કંઇક સિદ્ધાંતિક વાતો બતાવવામાં આવે.

<u>જવાબ :</u> સૌથી પહેલાં રૂહ, હલનચલન કરનાર છબીઓ ઉપર આધારિત નૂરાનીયતની એક ખામોશ દુનિયા બનીને દીલની આંખોના સામે આવે છે. થોડાં અરસા પછી અલ્લાહની રહેમત અને મહેરબાનીથી પૂરેપૂરો રૂહાનીયતનો દરવાજો ખુલી જાય છે પછી રૂહ પૂર્ણ રીતે જાહેર થવા લાગે છે અને રૂહ અવાજવાળા તથા અવાજ વગરના ઝીણા રજકણોમાં આવે છે, નામો અને શબ્દોમાં પણ, અવાજ અને સાદમાં પણ લતીફ (સુ મ) સ્વરૂપોમાં પણ, સ્વપ્ન અને વિચારો તથા જાગૃતિમાં પણ વિગેરે વિગેરે.

**રૂહની તજલ્લીઓનો હેતુ :**

<u>સવાલ ૫૫ :</u> રૂહનું આ રીતે પુષ્કળ ઝહુરાત અને તજલ્લીઓનો ખાસ હેતુ શું છે, અને એ હેતૂને પામવાના માટે શું શું કરવું જોઇએ અથવા તેની કઇ કઇ શરતો નક્કી કરેલી છે ?

<u>જવાબ :</u> રૂહાની ઝહુરાત અને તજલ્લીઓનો ઊચ્ચ હેતુ છે ઈલ્મ અને મારફત, અને તેને પામવા માટેની બે શરતો છે. ઈલ્મ અને નેક અમલ, એટલે કે એવું જ્ઞાન કે જે દીનની પ્રત્યેક વાતને ખાત્રીવાળી કરી દયે અને એવો અમલ કે જેમાં દીનના સઘળા કાર્યો એકઠા થઇ જાય.

**નૂરની બદલી (મુન્તકીલી) :**

<u>સવાલ ૫૬ :</u> હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)થી રૂહ અથવા નૂર મૌલા અલી (અ.સ.)માં કઇ રીતે બદલી થયું ? ઈમામથી તેના વારસદારમાં નૂર કેવી રીતે જાય છે ? ઈમામના નૂરથી કોઇ પ્રકાશ (રોશની) મુરીદમાં આવી શકે છે કે નહી ? જો આવી શકે છે તો કઇ રીતે ?

<u>જવાબ :</u> આ વિષે સૌથી પ્રથમ એ જાણવું જરૂરી છે કે "શબ્દ" (કલમા)નો ખાસ અર્થ હકીકતો અને મારફતની કુંજી (ચાવી) છે અને કલમાના ચાર અક્ષરો છે કાફ, લામ, મીમ, હે એ જ પ્રમાણે કલમાથી ચાર પ્રકારના અર્થો થાય છે એટલે કે તેનો અર્થ અમર (આજ્ઞા) પણ છે, રૂહ પણ છે, ઈસ્મે આઝમ પણ છે, અને કેળવણી (તાલીમ) પણ છે. દાખલા તરીકે પવીત્ર કુરાન કહે છે કે "અલ્લાહ તઆલાએ પોતાની રૂહ બીબી મરીયમમાં ફૂંકી દીધી

(૬૬/૧૨) તેની તાવીલ એ છે કે પયગમ્બર અથવા ઈમામે હઝરત બીબી મરીયમને ઇસ્મે આઝમ દીધું. તમો કુરાનમાં જુઓ છો કે હઝરત ઈસા (અ.સ.) ખુદાના કલમા અને તેની રૂહની હેસીયતે તેમની માતાની પેશાની (કપાળ)માં મોકલાવાય છે કેમકે નૂરનું ઠેકાણું કપાળ છે (૪/૧૭૧).

આજ રીતે હઝરત પયગમ્બર રહેમતે આલમે (સ.અ.સ.) મૌલા અલી (અ.સ.)ને ખુદાનો કલ્મો દીધો. તે કલ્મો કે જે ખુદાનો અમર એટલે કે ખુદાની આજ્ઞા પણ છે અને તેની રૂહ પણ, ઈસ્મે આઝમ પણ છે અને આસમાની કેળવણી પણ, આમ દરેક ઈમામ પોતાના વારસદારમાં આજ પ્રમાણે નૂરની બદલી કરી દે છે.

ઈમામના પવીત્ર નૂરથી મુરીદોને સામાન્ય રીતે પણ અને ખાસ પ્રકારે પણ (રોશની) પ્રકાશ મળી શકે છે અને તેની રીત દીનના કાયદાથી કંઇ જુદી નથી. મુરીદ ઈમામના રૂહાની ફરજંદ હોય છે અને એ જ રૂહાની સગપણમાં બંન્ને દુનિયાની ખુશનસીબીઓ છુપાયેલી છે.

**સગપણનો અંત (ખાત્મો) :**

<u>સવાલ ૫૭ :</u> "પછી જ્યારે સૂર ફુંકાશે ત્યારે ન તો તેમનામાં સગપણ રહેશે અને ન એકબીજાને પૂછશે." (૨૩/૧૦૧). સવાલ છે કે ક્યામતના દિવસે સગપણ શા માટે અંત પામશે (મટી જશે) અને તે પણ અસરાફીલનો સૂર ફુંકાશે ત્યારે ?

<u>જવાબ :</u> આમાં દીન અને રૂહાનીયતનો એક મહાન ક્રાંતીકારી ભેદ છુપાયેલો છે, જો કહું તો મુશ્કીલ જો ન કહું તો મુશ્કીલ (અગર

બગોયમ–મુશ્કીલ ! અગર નગોયમ–હમ મુશકીલ !) ઈશારો જરૂરી છે કે આનો જવાબ એક એવી આયતમાં મોજૂદ છે, કે જેમાં સૂર ફૂંકવાનો ઉલ્લેખ પણ છે અને તેમાં બીજાં શબ્દોની સાથે એક એવો શબ્દ પણ છે જેનું અસલ નુન સીન લામ છે. આ સિવાય હું તમો મિત્રો સાથે કદાચ મોઢામોઢ વાત કરી શકું (લખીને નહિ).

આ પુસ્તકમાં અમોએ આગળ ત્રણ યુગની વાત કહેલ છે જે દ્વારા આજ મહાન ભેદ તરફ ઈશારો કરેલ છે. હોશમંદ મોમન આ ખાસ ભેદોને સમજી શકે છે. ખુદાવંદે આલમ સઘળા મોમીનોને તૌફીક અને હિમ્મત અર્પણ કરે ! આમીન !!

**પક્ષીઓની બોલી કે રૂહોની ભાષા :**

<u>સવાલ ૫૮ :</u> કુરાનમાં (૨૭/૧૬) ફરમાવેલું છે કે હઝરત સુલેમાન અલૈહીસ્સલામ પક્ષીઓની બોલી જાણતા હતા, તમોએ સવાલ નંબર ૫૦માં તેની તાવીલ એમ બતાવી છે સુલેમાન પયગમ્બર રૂહોની ભાષા જાણતા હતા, કેમકે પક્ષીઓનો મતલબ છે રૂહો, અમો જરૂર એ વાતને માનીએ છીએ પણ તેમાં આ નાનકડો સવાલ બાકી રહી જાય છે કે શું હઝરત સુલેમાન જાહેરી પક્ષીઓની બોલી જાણતા હતા કે નહિ ? વળી અહી તમોને પૂછવું એ છે કે (જેમ કુરાનમાં છે) ખુદાએ દરેક વસ્તુને બોલતી કીધી (૪૧/૨૧) એટલે કે બોલવાની શક્તિ દીધી, તો આ મોઅજીઝો ક્યારે અને ક્યાં થયો ? જો કે અમો જોઈએ છીએ કે માનવી (ઈન્સાન) સિવાય ખુદાની જે પણ રચના (જે પણ મખ્લુક) છે તે હંમેશાથી બે–ઝબાન (મુંગી) અને બોલવા માટે અસમર્થ છે.

<u>જવાબ :</u> એમાં કોઈ શંકા નથી કે હઝરત સુલેમાન

અલૈહીસ્સલામ ન ફક્ત રૂહોની ભાષા જાણતા હતા બલ્કે તેની સાથે સાથે જાહેરી અને શારીરિક પક્ષીઓની બોલી પણ જાણતા હતા અને સઘળા પાક પવીત્ર પયગમ્બરો (અંબીયાઓ) અને ઈમામો અલૈહીસ્સલામ આ મોઅજીઝાવાળા અને રૂહાની ઈલ્મમાં એક જેવા જ છે, કેમકે ખુદાઇ નૂરથી આ સંપૂર્ણ (દરેક રીતે પ્રવીણ) માનવીઓના સંબંધોનું ઈલમી અને ખુદાઇ ઓળખાણનું પરિણામ એક જેવું હોય છે. સ્પષ્ટ છે કે તમો કોઇ પયગમ્બર કે ઈમામ હરગીઝ નથી પરંતુ ધારો કે ખુદાવંદતઆલા પોતાની અપાર રહેમતોથી તમોને મારફતના નૂરનો પ્રકાશ અર્પણ કરે છે, તો તે વખતે તમો રૂહાનીયતના રસ્તા ઉપર ખુદાના રસુલ (સ.અ.સ.) અને ઈમામે ઝમાન (અ.સ.)ની પાછળ પાછળ ચાલતા હશો અને દરેક પગલે નબુવ્વતના અને ઈમામતના નૂરના અજબ અને વિચિત્ર તથા ચમત્કારોનું એક નવું જગત તમારી સામે હશે. તે વખતે તમો અસંખ્ય અલૌકિક (દૈવી) બનાવોનો અનુભવ અને અભ્યાસ કરી રહ્યા હશો અને એ જ સ્થિતિમાં, (એજ હાલતમાં) તમો જીવંત અને મૃત લોકોની રૂહોથી વાતચિત પણ કરશો અને પક્ષીઓની બોલી પણ સમજી શકશો. આવી રૂહાનીયત વગર કોઇ સંપૂર્ણ મારફત નથી અને ન તો તેના સિવાય બીજો કોઇ રસ્તો છે.

જી હા ! અલ્લાહ પાકે દરેક વસ્તુને બોલનારી કીધી એટલે કે તેણે પોતાની સંપૂર્ણ કુશળ કુદરતથી દરેક વસ્તુને બોલતી કરવાનો મોઅજીઝો બતાવી દીધો અને તેની અમલી સાક્ષી (શહાદત) હંમેશથી રૂહાનીયતના મુકામ ઉપર મોજૂદ છે, એટલે સુધી કે દરેક નિર્જીવ અને મૂંગી વસ્તુઓ બે પ્રકારે મોઅજીઝાવાળી વાતચિત કરે છે. એક તો એ

કે એ વાતચિતમાં ફક્ત તે વસ્તુની રૂહ મોજુદ હોય છે અને બીજું એ કે તે વસ્તુ એટલે કે જાનવર વિગેરે શારીરિક હાલતમાં સામે હોય છે અને હકીક્ત એ છે કે તેમાં (તેમ થવામાં) પવીત્ર રૂહનો હાથ હોય છે, માટે એ જરૂરી નથી કે જો કોઇ નિર્જીવ વસ્તુ અથવા કોઇ સજીવ વસ્તુ તમારી રૂહાનીયતના મુકામ પર કંઇ બોલી રહી છે તો તેને પોતાના એ બોલવાની જાણ અને ભાન પણ હોય.

**રૂહાની હુદ હુદ :**

<u>સવાલ ૫૯ :</u> હવે અમો તમારા કહેવા મુજબ એ માનીએ છીએ કે હઝરત સુલેમાન (અ.સ.) રૂહાની પક્ષીઓની બોલી પણ જાણતા હતા અને શારીરિક પક્ષીઓની બોલી પણ જાણતા હતા, પરંતુ આના લીધે એક બીજો સવાલ એ ઉદ્દભવે છે કે હઝરત સુલેમાન (અ.સ.) અને મલેકાએ સબા-(રાણી બીલ્કીસ)ના કુરાનમાં આપેલા કીસ્સામાં જે હુદ હુદનો ઉલ્લેખ છે, તે રૂહાની અને તાવીલી પ્રકારે હતું કે પછી ભૌતિક હાલતમાં ? આ સુલેમાન (અ.સ.)નું પક્ષી સબા ગામની શાહઝાદીના સંબંધે જે ખબર લાવ્યું, જેમકે હઝરત સુલેમાન (અ.સ.)નો પત્ર તેમને પહોંચાડ્યો અને એ જ વિષયમાંના અન્ય બનાવો, શું આ સઘળી રૂહાનીયતની વાતો છે કે જાહેરી મોઅજીઝા (ચમત્કાર) છે ?

<u>જવાબ :</u> જાણવું જોઇએ કે આ હુદ હુદ ભૌતિક રીતે નહી પણ રૂહાનીયતમાં હતું, અને તેનું સઘળું કાર્ય બાતિની અને રૂહાની હતું. સબાની મલેકાના કીસ્સાના બે પાસા છે. એક જાહેરી અને બીજો બાતિની તથા તાવીલી, અને તાવીલ પણ કેટલાંય પ્રકારની છે, જે દરેક

તાવીલોમાંની એક એ છે કે જે અમો અહી વર્ણવીએ છીએ, તે એમ છે કે આ કીસ્સામાં શોધખોળ–તપાસ કરનાર રૂહનું નામ જુદ જુદ બતાવવામાં આવ્યું છે, કેમકે અસલમાં સુલેમાનનું રાજ્ય રૂહાની રાજ્ય છે જેમાં રહેમાની (ખુદા રહેમાન છે–તેના) રાજ્યનો સઘળો બંદોબસ્ત પ્રાપ્ત હતો.

હઝરત સુલેમાન (અ.સ.)નું લશકર કે જે જીન, માનવી અને પક્ષીઓનું હતું, તે સઘળાં રૂહોના સ્વરૂપમાં હતા (૨૭/૧૭) હવા કે (જેને તેમણે જીતી લીધેલી હતી) જે તેવણના તાબામાં હતી, તે એક રૂહાની મોઅજીઝાની વાત છે (૩૪/૧૨) જીન રૂહાનીયતમાં બીજાં ઘણાં કામોના સિવાય રૂહાની ચિત્રકારી પણ કરતા હતા (આકૃતિઓ બનાવતા હતા) (૩૪/૧૩) અર્શ એટલે કે સિંહાસનની તાવીલ અહી મનુષ્યના ઝીણા (લતીફ) સ્વરૂપ અને રૂહાની હસ્તી છે (૨૭/૨૩) કેમકે માનવીનું અહમ (તેની અના) અને તેનું સ્વમાન તેના રૂહના સિંહાસન ઉપર કાયમ છે અને રૂહ અસલમાં એક લતીફ નૂરાની છબી છે. આજ વખતે જો આપણે ઈલાહી સિંહાસનની વાત પણ કરીએ તો સારૂં હશે, અને તે એ કે ખુદાવંદતઆલાનું સિંહાસન પણ માનવીના સ્વરૂપનું છે, અને જ્યારે તમો રૂહાનીયતના ઊંચા ઠેકાણા ઉપર બાતિની નજરોથી મહાન અને પવીત્ર એવા ઈમામ (અ.સ.)ની નૂરાની હસ્તીનો અનુભવ કરશો તો તે સિંહાસનનું ઠેકાણું (તે સિંહાસનની જગ્યા) હશે. કુરાનમાં જ્યાં (૨૭/૨૩)માં સબાની મલેકાના સિંહાસનનો ઉલ્લેખ થયો છે ત્યાં (૨૭/૨૬)માં "અલ અર્શીલ અઝીમ" એટલે કે ફનાલિલ્લાહના મુકામના બાદશાહના (અલ્લાહના) સિંહાસનનો ઉલ્લેખ પણ ફરમાવેલ છે કે જેથી અકલ અને જ્ઞાન વાળા લોકો તેમાં ગંભીરપણે ધ્યાન આપે–

વિચાર કરે.

## કઈ રૂહની કઈ આદત ?

<u>સવાલ ૬૦ :</u> જ્યારે મનુષ્યમાં વનસ્પતીની રૂહ, હેવાની રૂહ અને ઈન્સાની રૂહ એકઠી થઈને (મળીને) રહેલી છે તો તેની (મનુષ્યની) એવી ભેળસેળવાળી–એક બીજાથી મળેલી હસ્તીમાં કેવી રીતે જણાશે કે કઈ રૂહની કેવી આદત છે અને ક્યું કાર્ય કઈ રૂહનું છે ?

<u>જવાબ :</u> આ વાતોને જાણવાનો સિદ્ધાંત એ છે કે આપણે સૌથી પહેલાં વૃક્ષ, જાનવર અને મનુષ્યની વચ્ચે જે તફાવત છે, જે જુદાપણું છે તેને તપાસીએ, અથવા એમ કહેવું જોઈએ કે આપણે વૃક્ષ અને જાનવરના ગુણો વિષે થોડું વિચારીએ કે કેની અંદર કઈ વસ્તુ છે, કે જેથી મનુષ્યની વનસ્પતિની રૂહ અને હેવાની રૂહની આદતો–આવડતોની ઓળખાણ થઈ જાય અને તે પછી માનવીના જે ગુણો બાકી હશે તે સ્પષ્ટ છે કે ઈન્સાની રૂહના સંબંધે હશે.

☆ ☆ ☆

# ચોથું પ્રકરણ

## દીવો અને દીવાની ચીનગારી (જ્યોત) :

સવાલ ૬૧ : તમો આથી અગાઉ એ તો બતાવી ચૂક્યા છો કે રૂહુલ્લાહ અને નુરૂલ્લાહ એક જ હકીક્ત છે. જેમકે કુરાનની સુરહ (૪૨)માં ફરમાવેલું છે જેનો સાર એમ છે કે હઝરત મુહમ્મદ (સ.અ.સ.)ના તરફ જે રૂહ વહી (તરીકે) મોકલવામાં આવી હતી તેને જ નૂર ગણાવવામાં આવ્યું હતું. શું અમો તેના પરિણામમાં એમ કહી શકીએ છીએ કે હઝરત ઈસા (અ.સ.) કે જેઓ ખુદાની રૂહ હતા તેઓ હઝરત બીબી મરીયમના (ગર્ભમાં) પેટમાં હતા તે વખતે પણ ખુદાનું નૂર હતા ? શું એમ કહેવું પણ વ્યાજબી છે કે જ્યારે હઝરત ઈસાનો શારીરિક જન્મ થયો ત્યારે બીબી મરીયમ ખુદાની રૂહ એટલે કે નુરૂલ્લાહથી ખાલી થઇ ગયા કારણ કે રૂહુલ્લાહ તો ફક્ત હઝરત ઈસા (અ.સ.) હતા ? આ વિષયમાં ખુલાસો જોઈએ.

જવાબ : અલ્લાહતઆલાએ પોતાના પવીત્ર નૂરની ઉપમા અને નમૂનો એક પ્રકાશિત દીવાના રૂપે આપેલ છે. દીવો એક તો વાસણ છે, જેમાં તેલ અને વાટ (રૂની વાટ જે બળે છે) હોય છે અને બીજું ચીનગારી છે, (જ્યોત છે) કે જે તે વાસણના કીનારાથી ઊંચી થઈને પ્રકાશ વેરે છે તે જ રીતે જો કે હઝરત ઈસા (અ.સ.) માતાના ઉદરમાં પરીપૂર્ણ થઇ રહ્યા હતા પરંતુ તેઓનું નૂર બીબી મરીયમ (અ.સ.)ના કપાળમાં (પેશાનીમાં)થી પ્રકાશ વેરી રહ્યું હતું અને નૂરના કેટલાંય

પાસા (કિટલીય બાજુ) હોય છે માટે એમ કહેવું પણ વ્યાજબી છે કે નૂર બન્ને પવીત્ર હસ્તીઓના સંબંધિત હતું. જે વખતે હઝરત ઈસા (અ.સ.) શારીરિક રીતે જન્મ પામ્યા તો તેમાં ફક્ત શરીરથી શરીર જુદું થયું પરંતુ નૂર (રૂહ) ભેળસેળ વગરનું અને વિશાળ છે તે માટે તે અલગ નથી થઈ શક્તું માટે જો કે નૂરનું કેન્દ્ર તો હઝરત ઈસા (અ.સ.) હતા પરંતુ તેનું એક સંપૂર્ણ પ્રતીબિંબ બીબી મરીયમની મુબારક પેશાનીમાં બાકી હતું.

## હઝરત મુસાની માતા :

<u>સવાલ ૬૨ :</u> શું હઝરત મુસાની માતા કોઈ પયગમ્બર જેવો દરજ્જો ધરાવતી હતી ? જો નહીં તો તેમને ખુદાવંદતઆલાના તરફથી વહી શા માટે આવી, જેનો ઉલ્લેખ કુરાન (૨૮/૭)માં મોજૂદ છે ? શું તેણીની અને બીબી મરીયમની રૂહાનીયત એક જેવી હતી ? શું હઝરત મુસા પણ પોતાના વખતમાં રૂહુલ્લાહ હતા ?

<u>જવાબ :</u> હઝરત મુસા અલૈહીસ્સલામની માતા ન તો કોઈ પયગમ્બર હતી અને ન તો કોઈ ઈમામ. કેમકે અલ્લાહતઆલાની હિકમત અને તેની મરજી એમ નથી કે કોઈ સ્રી પયગમ્બર કે ઈમામ હોય. પણ, બાતિની અને રૂહાની રીતે પુરૂષ અને સ્રી બંને નૂરમાં વાસલ થઈ શકે છે (મળીને એક થઈ શકે છે). હ. મુસાની માતાને જે વહી આવી હતી તે પયગમ્બરની કક્ષાની નહોતી, તે વ્યક્તિગત પ્રકારની હતી જેને રૂહાનીયત અને ઈલ્હામ (ખુદાના તરફથી દીલમાં આવેલી વાત) પણ કહી શકાય, જે પયગમ્બર અને ઈમામની નજદીકીનું પરિણામ છે.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જી હા ! હ. મુસા (અ.સ.)ની માતા અને બીબી મરીયમ રૂહાની ઊચ્ચતાના પ્રકારે એક જેવી દેખાય છે કેમકે બન્ને પવીત્ર હસ્તીઓ ઉપર આસમાની હીદાયતનો પ્રકાશ એક જેવો છે જો કે હ. મુસાની માતા વિષે કુરાનમાં એવી કોઇ બાબત (કોઇ વખાણ) જાહેરી રીતે નથી આવેલ જેમ કે બીબી મરીયમના વિષે છે તેમ છતાં તેમના સઘળાં વખાણ ત્યાં એકઠા છે કે જ્યાં તેમને વહી આવે છે. જી હા ! હઝરત મુસા પણ પોતાના વખતમાં ખુદાની રૂહ હતા.

**નીચલા ફરીશ્તા :**

<u>સવાલ ૬૩ :</u> આપણે રૂહાનીયતના એ સિદ્ધાંત ઉપર વિશ્વાસ રાખીએ છીએ કે દરેક દરજ્જાની રૂહમાં અસંખ્ય રૂહો હોય છે અને એ જ બાબત (એ જ ઉપમા) પવીત્ર રૂહ એટલે કે રૂહુલ કુદુસના માટે પણ છે. અહી અમોને એ પુછવું છે કે નબુવ્વતના સમયમાં જો રૂહુલ કુદુસ એટલે કે જીબ્રાઇલ (અ.સ.) સલમાન ફારસીના સ્વરૂપે આવતા હતા, તો તે અસંખ્ય ફરીશ્તાઓ કે જેઓ જીબ્રાઇલની સાથે રહેતા હતા (તેના સાથી હતા) તેઓ કેવા કેવા સ્વરૂપમાં હોતા હતા?

<u>જવાબ :</u> રૂહાનીયતનો કાયદો એ છે કે જ્યાં ઊચ્ચ મોમીનની રૂહ જીબ્રાઇલની ફરજ પૂરી કરે છે ત્યાં બીજાં ઘણાં મોમનોની રૂહો (પછી તે જીવંત હોય કે મૃત મોમનોની હોય) ઝેલી ફરીશ્તા અથવા બીજાના કારણે કામ ચલાવનાર ફરીશ્તાનું કામ કરે છે અને રૂહ જેની હોય તેની સમાન સ્વરૂપની હોય છે.

**મોમનનું ઉડ્ડયન (પરવાઝ) :**

<u>સવાલ ૬૪ :</u> "મેં જાફર (બીન અબુ તાલીબ)ને જન્નતમાં

ફરીશ્તાઓની સાથે ઉડતો જોયો (હદીસ)" શું આ ઉચ્ચતા ફક્ત હઝરત જાફરના માટે ખાસ છે કે સાથે મળીને (એકબીજાની સાથે રહીને મળતો) ઉચ્ચ દરજ્જો છે ? શું ફરીશ્તાઓ પક્ષીઓની જેમ ઉડ્ડયન કરે છે કે કોઇ અન્ય સ્થિતિમાં ?

<u>જવાબ :</u> જન્નતમાં ફરીશ્તાઓની સાથે ઉડવાનો દરજ્જો ફક્ત હઝરત જાફર તૈયારના માટે જ ખાસ નથી પણ એટલું જરૂર છે કે તેઓ આ ઉચ્ચતાને માટે મોમીનોના માટે એક દાખલા અને નમૂના રૂપ છે, અને આ દરજ્જો પ્રાપ્તીના માટે સૌની સામે જ છે. ફરીશ્તાઓનું ઉડવું પક્ષીઓથી ઘણું જ જુદું છે, આ તો રૂહાની ઉડ્ડયન છે જે ફક્ત ઈલાહી ઝીકરથી શક્ય છે, જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે ફરીશ્તાઓને (પોતાનો) સંદેશવાહક (એલચી) બનાવનાર, જેની બે-બે અને ત્રણ-ત્રણ અને ચાર-ચાર પાંખો હોય છે" (૩૫/૧) અર્થાત ફરીશ્તાઓમાં એક સાથે બે નામોનું ઝીકર પણ ચાલતું રહે છે. ત્રણનો સીલસીલો પણ ચાલે છે અને ચારનો પણ.

**બહેશ્તમાં ઈબાદત :**

<u>સવાલ ૬૫ :</u> શું બહેશ્તમાં ઈબાદત બંદગી છે ? જો નહી તો ત્યાં ફરીશ્તાઓનું ઉડ્ડયન ખુદાના ઝીકરથી કેવી રીતે થઇ શકે છે ? શું કુરાન મુજબ (૧૫/૯૯) ઈબાદત મોતના આવવા સુધી મર્યાદિત નથી ?

<u>જવાબ :</u> બહેશ્તમાં એવી કોઇ તકલીફની ઈબાદત હરગીઝ નથી કે જે આજે આપણે દુનિયામાં ખુદાવંદતઆલાની ગુલામીની કલ્પનાથી કરીએ છીએ અને એ પણ નથી કે જે દોઝખની બીક અને જન્નતની

ISW Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

ઈચ્છાથી કરવામાં આવે છે, પણ હા ! બહેશ્તમાં ખાસ અને ઊચ્ચ ઈબાદત જરૂર છે, જે કોઈ પણ જાતની મહેનતના વગર અતી ઘણી ખુશી અને પરવરદીગારના પ્રેમ અને મિત્રતામાં કરવામાં આવે છે. આવી ઈબાદત અથવા અલ્લાહનો ઝીકર જન્નતમાં રૂહાનીયતની ઊંચાઈ ઉપર આવેલો છે, તે આરીફાના એટલે કે ખુદાના પ્રેમની મસ્તીમાં મસ્ત સ્થિતિમાંનો અને ફરીશ્તાની સ્થિતિમાંનો ઝીકર છે જે ફક્ત ઈરાદા અને ઈશારાથી પોતે પોતે જ ચાલવા લાગે છે, જેમાં રૂહ અને અક્કલથી સંબંધ રાખતી લીજ્જતો, મિઠાશ અને આનંદ મોજૂદ છે. આ અક્લ અને રૂહના ખોરાક તરીકે છે અને નામ તથા ક્લમાઓમાં જે ઈલ્મી અને ઈરફાની (ખુદાના પ્રેમની મસ્તીના) ખજાનાઓ છુપાયેલાં છે અને જે રૂહાનીયતની ચિત્રવિચિત્રતાઓ છે તેને નિહાળવા માટે છે. જેમ હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે કે "લા હોલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હીલ અલીય્યીલ અઝીમ" એ બહેશ્તના ખજાનાઓમાંનો એક ખજાનો છે. આનો એ અર્થ થયો કે જન્નતના અન્ય ખજાનાઓ પણ આવાં જ પ્રકારના કંઈક નામો અને ક્લમાઓના છે.

ઈબાદત મોતના આવવા સુધી નથી કેમકે ઈબાદતનો હેતૂ એ હરગીઝ નથી કે મોત આવી જાય અને મોત મળી જાય, તેનો હેતૂ વિશ્વાસ (ખાત્રી)નો છેવટનો દરજ્જો છે એટલે કે "હક્કુલ યકીન" કે જે ઘણો જ ઊચ્ચ મરતબો છે અને તમે જણાવેલી આયાત (એટલે કે ૧૫/૯૯)માં મોતનો નહી પણ ખાત્રી-વિશ્વાસનો ઉલ્લેખ છે.

## જન્નતમાં ઉડ્ડયન કેવું ?

<u>સવાલ ૬૬ :</u> જો માનવામાં આવે કે બહેશ્ત કે જે આખરતના

જગતમાં છે તે લા–મકાન છે અને તેમાં જાહેરી દુનિયાની જેમ ભૌતિક પ્રકારનું અંતર (છેટાપણું) નથી, તો પછી તેમાં પક્ષીઓની જેમ ઉડ્ડયન કેવી રીતે થઇ શકે છે ?

જવાબ : એ વાત વ્યાજબી અને સાચી છે કે બહેશ્ત રૂહાની અને લા–મકાની સ્થિતિમાં છે અને તેમાં ભૌતિક અને મકાની (આ જગતમાંના સ્થળો જેવું) અંતર નથી માટે ફરીશ્તાઓ અને રૂહાનીઓનું ઉડવું શારીરિક અને દુન્યવી ઉડ્ડયનથી તદ્દન જુદું અને અલગ છે અને તે એ કે જન્નતની અજાઇબીઓ અને ઝહુરાત તથા તજલ્લીઓનો અનંત ક્રમ ખુદાના ઝીકરથી સંબંધિત છે જેથી ઇલાહી યાદ અને નામ ના રટણની સાથે સાથે જન્નતના ઘણા બધા જલ્વાઓ અને પ્રકાર પ્રકારની ન્યામતો પોતે પોતે જ સામે આવતી રહે છે.

અમારા જવાબનું બીજું પાસું એ છે કે આપણે અમુક વખતે સ્વપ્નાઓના જગતમાં એક જગ્યાથી બીજી જગ્યા ઉપર ઊડી જઇએ છીએ, જો કે સ્વપ્નાઓની દુનિયા કોઇ આ જગતના ભૌતિક સ્થળ જેવી એટલે કે મકાન નથી પણ લા–મકાન જ છે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે લા મકાનની ભૌતિક ન હોય તેવી અને લતીફ ઉપમાઓ પણ છે.

આ સિવાય અહી એ મુદ્દો પણ યાદ રાખવાનો છે કે જો ફરીશ્તા કે રૂહો લતીફ શરીર કે લતીફ રજકણોની સાથે છે તો તે વેળાએ તે બેશક શારીરિક પ્રકારે ઉડ્ડયન કરે છે, જે રીતે ઉડતી રકાબી આશ્ચર્ય પમાડનારી રીતે ઊડે છે.

## ઉડતી રકાબી :

<u>સવાલ ૬૭ :</u> ઉડતી રકાબી (**FLYING SAUCER**) કેવી મખ્લુક છે (ખુદાની કેવી રચના છે) ? શું આ કોઇ બીજાં ગ્રહનો પ્રગતી સાધેલ માનવી છે કે ફરીશ્તો અથવા જીન છે ? તેનો આ ધરતીની તરફ આવવાનો હેતૂ શું છે ? આ વિષે તમો અમને કંઇક ફાયદાકારક જાણકારી આપો.

<u>જવાબ :</u> આજકાલ પશ્ચિમી દેશોમાં ઉડતી રકાબીને યુ.એફ.ઓ. (**U.F.O.**) કહેવામાં આવે છે, અર્થાત (**UNIDENTIFIED FLYING OBJECT**) જેનો સાર એમ છે કે એક એવી ઉડનારી વસ્તુ જેની ઓળખાણ અત્યાર પર્યંત નથી થઇ શકી. અમોએ ૪૭ નંબરના સવાલના જવાબમાં જે કંઇ લખ્યું છે તે પરથી તમોને આ વિષયમાં જાણકારી પ્રાપ્ત થઇ શકે છે, એ સિવાય તમો મારા પુસ્તક "સચ્ચાઇનું ત્રાજવું" (ઉર્દુમાં જેનું નામ છે મીઝાનુલ હકાઇક) પાના નંબર ૨૬થી ૨૭ને જોઇ જાઓ.

મારો વિશ્વાસ છે કે ઉડતી રકાબીઓ કાયનાતને તાબે કરેલ અલૌકીક જીવંત કુર્તા (પહેરણ) છે કે જેનો ઉલ્લેખ કુરાનમાં (૧૬/૮૧) ફરમાવેલ છે જેનો અનુવાદ એ છે કે

"અને ખુદાએ જ તમારા (આરામના) માટે પોતાની પેદા કરેલી વસ્તુઓના પડછાયા બનાવ્યા અને પર્વતોમાં ગુફા બનાવી અને કુર્તા (પહેરણ–કપડા) બનાવ્યા જે તમને ગરમીથી અને જંગથી (હથીયારથી) સુરક્ષિત રાખે. આ રીતે ખુદા પોતાનો ઉપકાર તમારા ઉપર પૂરો કરે છે કે જેથી તમો ફરમાનબરદાર બનો (૧૬/૮૧).

આ અસર ધરાવનારા (આશ્ચર્ય કરનારા) જીવંત લુગડાને આપણે આસમાની શરીર, લતીફ શરીર, જુસ્સાએ ઈબ્દાઈયા ઓસ્ટરલ બોડી વિગેરે પણ કહી શકીએ છીએ અને બીજાં ગ્રહનો પ્રગતી કરેલ માનવી, ફરીશ્તો અને જીન પણ. કેમકે એ (અખતરા) પ્રયોગ (કોઈ નવા સંશોધન)ની સ્થિતિ છે, તેનું ધરતીની તરફ આવવું ખુદાની આજ્ઞાથી છે, કે જેથી દુનિયામાં રૂહાની ક્રાંતિ લાવવામાં આવે અને પૂરા વિશ્વની કોમો એક થઈ જાય.

**અર્શ (સિંહાસન) કે રૂહ :**

સવાલ ૬૮ : આ કાયનાતને હસ્તીમાં લાવવાથી પહેલાં અલ્લાહ તઆલાનું સિંહાસન પાણીના એક વિશાળ સમુદ્ર ઉપર કાયમ હતું, (વ કાન અર્શોહુ અલલ માઈ) (૧૧/૭) તે વખતે ઈન્સાની રૂહ ક્યાં હતી ?

જવાબ : તે વખતે ઈન્સાની રૂહ અર્શે અઝીમ (મહાન સિંહાસન)ના સ્વરૂપમાં હતી, અને એ સિંહાસન આકારમાં ન તો ચોરસ હતું ન લંબચોરસ અને ન તો ગોળાકાર, તે ન તો હીરા-મોતીઓથી બનેલું હતુ ન સોના ચાંદીથી અને ન તો બીજી નિર્જીવ વસ્તુથી બનેલું હતું બલ્કે તે અક્લ અને જાનનું મૂળ ઝરણું અને જ્ઞાન તથા હિકમતનો વિશાળ ખજાનો હતું તેથી તે નૂર પણ કહેવાતું હતું અને કલમ પણ. તે સૌથી મહાન ફરીશ્તો હતું પણ તે પરીપૂર્ણ-પ્રવીણ માનવીના સ્વરૂપમાં અને તે સમુદ્ર કે જે ઉપર ખુદાતાલાનું સિંહાસન કાયમ હતું તે ઈલાહી ઈલ્મ હતું, ભૌતિક પાણી નહોતું.

કુરાનમં જે આવેલું છે કે "ખુદાનું સિંહાસન પાણી ઉપર હતું"

તે તાવીલી હિકમતોથી ભરેલું જ્ઞાન છે, માટે જરૂરી નથી કે તે કરતાં અગાઉ કાયનાત અને તેમાં મૌજૂદ વસ્તુઓ (તે સમયે) પોતાના હાલના આકાર કે સ્વરૂપમાં જાહેર ન હોય, પરંતુ હા ! આ કલ્પનામાં રબ્બે કરીમના તરફથી એક ઘણી મોટી ઇલ્મી અને ઇરફાની કસોટી નો હેતૂ જરૂર છે, કે દીન અને મઝહબવાળાઓ "અર્શ" (સિંહાસન) અને "પાણી"ની હિકમતને સમજે છે કે નહિ.

જાણવું જોઇએ કે સિંહાસનનો ઇશારો ખુદાવંદતઆલાની તે મહાન બાદશાહીના તરફ છે, જેનો ન તો કોઇ આરંભ છે અને ન તો કોઇ અંત અને બાદશાહીમાં સર્વ કાંઇ મોજૂદ હોય છે.

બીજી હિકમત "પાણી"ના શબ્દમાં છે જે જ્ઞાનના અર્થમાં છે અને જ્ઞાન જગત (કાયનાત)ના વર્તમાન સ્વરૂપે અને સ્થિતિમાં છે, અને તેના વગર જ્ઞાનની હસ્તી જ નથી બનતી. જો આપણે અહી પાણીને તાવીલ વગર જાહેરી પાણી સમજીએ, તો સવાલ ઉદ્ભવે છે કે તે સિંહાસન કઇ વસ્તુનું હતું, જ્યારે કે પાણી સિવાય અન્ય કોઇ વસ્તુ ત્યાં મોજૂદ નહોતી ? સિંહાસનને કોણે બનાવ્યું હતું, જ્યારે કોઇ બાદશાહ પોતાનું સિંહાસન પોતે તો નથી બનાવતો પણ કોઇ બીજાને આજ્ઞા આપીને બનાવરાવે છે ?

## રૂંવાટા ઊભા થઇ જવા :

<u>સવાલ ૬૯ :</u> રૂંવાટા ઊભા થઇ જવાનો અથવા ધ્રુજી ઊઠવાનો (કપકપીનો) ઉલ્લેખ કુરાનમાં (૩૯/૨૩) પણ છે, અને આપણે તેને પોતાની જાતમાં અથવા અન્યોમાં ઘણીવાર જોઇએ પણ છીએ. તો શું તેના જાહેરી કારણો સિવાય કોઇ રૂહાની કારણ પણ છે ? જો રૂહાનીયતમાં

તેનું કોઈ કારણ છે તો વર્ણન કરો.

<u>જવાબ :</u> હા ! આ હાલતનું રૂહાની કારણ પણ છે, પણ અમે પહેલાં તેના જાહેરી કારણો વિષે થોડાં શબ્દો વર્ણવશું. તે એ કે જ્યારે માનવીની ચામડીને સખત ઠંડી લાગે છે અથવા કોઈ ખૂબ વધારે બીકની લાગણી થાય છે ત્યારે તેના શરીરના રૂંવાટા ઊભા થઈ જાય છે અને તેની ઉપર ધ્રુજારીની સ્થિતિ અસર કરી જાય છે, જેનું કારણ હેવાની રૂહની તે અસંખ્ય રજકણો છે કે જે પૂરા શરીરમાં ભરેલી છે અને તે રૂહોને આ ગેરવ્યાજબી અને સ્વીકાર્ય ન હોય તેવી સ્થિતિથી બેચેની અને પરેશાની પેદા થઈ જાય છે માટે એ રજકણો આરામ અને શાંતિની નિંદ્રામાંથી જાગી જઈને પોતાની જગ્યા ઉપર હલનચલન કરવા લાગે છે જેનું પરિણામ રૂંવાટા ઊભા થવા અથવા ધ્રુજારીની અસર થવામાં આવે છે.

આ બનાવ જો આપણા રૂહાની સ્વરૂપમાં છે તો તેનું કારણ ઈન્સાની રૂહના તે અસંખ્ય રજકણો છે, જે ઈન્સાનની પૂરી હસ્તીમાં મોજૂદ છે અને જ્યારે કોઈ ખુશનસીબ મોમન હીદાયતના નૂરના પ્રકાશમાં ખૂબ વધારે ઝીકર અને બંદગી કરે છે તો તેનાથી તે રૂહોને શક્તિ અને આનંદ પ્રાપ્ત થઈ જાય છે અને પછી પવીત્ર રૂહ (રૂહે કુદસી)ના કિરણોના વરસવાથી તેમાં જાગૃતી અને (ખુદાથી) મેળાપની ઈચ્છા પેદા થાય છે જેથી જાણે કે રૂંવાટા ઊભા થઈ જાય છે અથવા ધ્રુજારીની અસર થાય છે.

## જીન્નાત અને ઈન્સાનનો સંબંધ :

<u>સવાલ ૭૦ :</u> શું તમો જીન, પરી અને શયતાનના વિષે કંઈક

મૂળભૂત વાતો બતાવશો ? શું તેનાથી માનવીનો કોઇ સંબંધ કે સગપણ છે કે તે જુદી મખ્લુક છે ? ઇબ્લીસ અને શૈતાનમાં શું ફરક છે ?

<u>જવાબ :</u> "જીન્ન" અરબી શબ્દ છે અને "પરી" તેનો ફારસીમાં અનુવાદ છે એટલે કે તે સઘળી વાતો જે પરીઓના સંબંધે છે તે જીન્ન જ છે. જીન્નનો મતલબ છે છુપાયેલી મખ્લુક અને તે છુપાયેલી એ માટે છે કે લતીફ–પાતળી છે ઘટ્ટ (આપણા શરીરની જેમ માંસ–લોહીથી બનેલ) નથી. જીન્નાતમાં પુરુષો પણ છે અને સ્ત્રીઓ પણ. એ જુલમ છે કે અમુક લોકોએ જીન્નાતને ભૂંડા સ્વરૂપમાં રજૂ કર્યો છે, જો કે તે વાત ખોટી છે, તેઓ તો ઘણા જ સ્વરૂપવાન, ખૂબસુરત હોય છે, એ માટે કે તેઓ શુક્ષ્મ (પારદર્શક) શરીર ધરાવે છે.

ખુદાવંદ આલમે ન ફક્ત કુરાનની આયતોમાં ગંભીરપણે વિચાર કરવા માટે ફરમાવ્યું છે બલ્કે તેનું ફરમાન એ પણ છે કે આપણે આસમાન અને ધરતીની નીશાનીઓમાં પણ તેની કુદરતો અને હિકમતોનો અભ્યાસ કરીએ. આ વિષયમાં એક નાનકડું જાનવર આપણી સામે આવે છે, તે એક કીડો છે કે જે અમુક વખત પછી પરવાનો (પતંગીયું) બની જાય છે, પછી તે પરવાનાના ઇંડાથી કીડા પેદા થઇ જાય છે. આમાં એ હિકમત ભરેલો ઇશારો છે કે રૂહાની વખતના (રૂહાની ઝમાનાના) આવવા પર ભૌતિકતા વાળી (ઘટ્ટ શરીરવાળી) મખ્લુક ખુદાના હુકમથી લતીફ–પારદર્શક મખ્લુક બની જાય છે. તેનો અર્થ એ થયો કે માનવી કે જે આજે શરીરના લીધે ઘટ્ટ (ભૌતિક) સ્થિતિમાં છે તે કાલે શુક્ષ્મ (પારદર્શક) શરીરમાં હશે અને લતીફ

શરીરના જુદા જુદા દરજ્જાઓ છે જેમકે ફરીશ્તાઓ, જીન્નાત અને શયતાનો. ફરીશ્તા તો દરેક દરેક સારાં છે, શયતાનો બધાં જ ખરાબ છે પણ જીનનાતમાં સારાં પણ છે અને ખરાબ પણ. ઈબ્લીસ શયતાનોના સરદારનું નામ છે. અલહમ્દુલિલ્લાહ, મેં આ વર્ણનમાં કે જે ઈશારાથી ભરપૂર છે, તમારા સવાલનો સંપૂર્ણ જવાબ આપ્યો છે.

**ટેલીપેથી :**

<u>સવાલ ૭૧ :</u> ટેલીપેથી (TELEPATHY) દૂરથી વિચારોનું પહોંચાડવું એટલે કે ટેલીપેથી વિષે તમો શું માન્યતા રાખો છો ? શું ભવિષ્યમાં ક્યારેય આની પ્રગતી થઇ શકે છે ? આનો સંબંધ મઝહબથી છે કે વિજ્ઞાન (સાયન્સ)થી ?

<u>જવાબ :</u> વિચારોનું પહોંચાડવું અથવા ટેલીપેથી ઉપર મારો પૂરો વિશ્વાસ છે કારણ કે અલ્લાહતઆલાએ ઇન્સાનની હસ્તીમાં ઘણી બધી ઊચ્ચ આવડતો છુપાવીને રાખી છે, જો તેને પ્રગતી દઇને (આગળ વધારીને) કામમાં લાવવામાં આવે તો માણસ ઘણા આશ્ચર્યજનક કામો કરી શકે છે. ભવિષ્યમાં ટેલીપેથીની પ્રગતી ચોક્કસ છે. મારી માન્યતા અસલ મઝહબ અને અસલ વિજ્ઞાનના એક થઇ જવાની છે માટે ટેલીપેથી બંન્નેમાં એક સરખી રીતે છે.

આજે મઝહબ અને વિજ્ઞાનના વચ્ચે જે દીવાલ ઊભી છે તે ફક્ત શબ્દો, રીતરિવાજ અને ભાષાની છે. કદાચ વિજ્ઞાનિકો કુરાનની હિકમતની ભાષાને જાણતા હોત અને રૂહાનીયતને સમજતા હોત ! કદાચ જે વાતો દીલમાં છે તે આપણે જીભ ઉપર લાવી શક્તા હોત ! કાશ ઇન્સાને કામીલ-પરીપૂર્ણ માનવીઓના ભેદોને દરેક લોકો

જાણતા હોત !

તમો આ હિકમતભરેલી આયતમાં ગંભીરતાથી વિચાર કરો. "ફ અલ્હમહા ફજુરહા વ તકવાહા" (પછી તેણે તેના માટે નરસું શું અને સારૂં શું તેની સમજ આપી) (૯૧/૮) સાર એ કે રૂહને બદકારીનું પણ અને પરહેઝગારીનું પણ જ્ઞાન આપ્યું. પણ તેની તાવીલી હિકમત એ છે કે અલ્લાહપાકે આ કાર્ય જાતે પોતે નથી કર્યું, કારણ કે તે આ વાતથી ઘણો જ પવીત્ર અને ઊચ્ચ છે કે કોઈને બદકારી અને ગુનેહ્ગારીનું જ્ઞાન આપે માટે આ કામ શૈતાને કર્યું કે જે દરેક બુરાઈઓનું સાધન છે અને ખુદા તેથી પણ પવીત્ર અને ઊચ્ચ છે કે શૈતાનનો વિરોધી બનીને કોઈ કામ કરે. માટે તે સર્વશક્તિમાન બાદશાહે સાચા હાદીને શક્તિ દીધી કે તેઓ ખૈર એટલે કે ભલાઈનું સાધન બને અને પરહેઝગારીનું જ્ઞાન આપે.

**રૂહાનીયતનો વસીલો :**

<u>સવાલ ૭૨ :</u> તમોએ એક વાર કહેલું કે રૂહાનીયત એક એવો વસીલો છે કે જે નબુવ્વતના ઝમાનાની બોલનારી રૂહ અને નૂરાનીયત તથા જીવંત હકીકતોને ભવિષ્યના તરફ લાવે છે અને હાલ (વર્તમાન) તથા ભવિષ્યના મોમીનોને સાચા રસુલ સલ્લલ્લાહુ અલેહી વ આલેહી વસલ્લમથી મળાવી દયેછે. શું તમો તમારા આ દૃષ્ટિકોણ ઉપર કુરાનનો પ્રકાશ નાંખીને અમોને સમજાવશો ?

<u>જવાબ :</u> મારાં પ્રીય મિત્રો ! એ વાત તદ્દન સાચી અને વ્યાજબી છે અને આ માન્યતાનો ખુલાસો એ છે કે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) તે પવીત્ર નૂર છે જેને અલ્લાહ તઆલાએ

સદાના માટે કુરાનથી સંબંધિત કરીને મોકલ્યા છે (૫/૧૫) કે જેથી ઈમાનવાળાઓ એ જ હીદાયતના નૂરના પ્રકાશમાં કુરાન ઉપર અમલ કરતા જાય અને રસુલુલ્લાહ (સ.અ.સ.)નું એ પવીત્ર નૂર આજે ઈમામતના ક્રમ (સીલસીલાએ ઈમામ)માં મૌજૂદ અને હાજર છે. કુરાને એ તો એલાન કરતાં કહ્યું કે અલ્લાહતઆલા આસમાનો અને જમીનનું નૂર છે અને તેના નૂરની ઉપમા એક ગોખલા જેવી છે જેમાં એક પ્રકાશીત દીવો છે (૨૪/૩૫) પછી ફરમાવ્યું કે તે પ્રકાશીત દીવો હઝરત રસુલુલ્લહ (સ.અ.વ.) છે (૩૩/૪૬) અલ્લાહપાકના નૂરનો જ્યાં ઉલ્લેખ થયો ત્યાં એ પણ ફરમાન થયું કે ખુદાવંદી નૂર સમજી શકે તેવી કલ્પના "નૂરુન અલા નૂર" (૨૪/૩૫) છે જેનો અર્થ એ છે કે નૂરનો ખલીફા અને વારસદાર ફક્ત તેજ શખ્સ થઇ શકશે જે પોતે પણ પહેલાંથી જ નૂર બની ચૂક્યો હોય.

આ મુજબ ઈમામે ઝમાનમાં ખુદા અને રસુલ (સ.અ.સ.)નું પવીત્ર નૂર મોજૂદ છે. હવે આ વાતને માટે રૂહાનીયતનો વસીલો જોઇએ કે જેથી આપણે જ્ઞાનના શહેર અને હિકમતના ઘરમાં દાખલ થઇ શકીએ અને બાતિનની આંખોથી નબુવ્વતના નૂરના ઇલ્મી અને ઇરફાની મોઅજીઝાઓનો અનુભવ કરીએ, અને નબુવ્વતના ઝમાનાની બોલનારી પવીત્ર રૂહ અને નૂરાનીયત અને જીવંત હકીક્તને જોઇએ.

અમો તમને હવે પછીની કોઇ મજલીસમાં સુરહ "જુમ્મા"ની એક એવી આશ્ચર્યજનક અને આનંદ ભરપૂર હિકમતનું વર્ણન કરશું કે જેથી તમો ભરોસો કરશો કે અમે ઈમામતના નૂરના વસીલાથી નબુવ્વતના મરતબાની ઓળખાણ પ્રાપ્ત કરી શકીએ છીએ અને એ વાતમાં સઘળા ઇશારાઓ મોજૂદ છે.

**બે (૨)ની મહત્ત્વતા :**

<u>સવાલ ૭૩ :</u> તમોએ એક દિવસ પોતાની ઈલ્મી વાતચિતમાં કહ્યું હતું કે પવીત્ર કુરાનમાં "એક"ના પછી "બે"ની મહત્ત્વતાનો ઈશારો છે, માટે અમો એ જાણવાઈચ્છીએ છીએ કે 'બે'ની મહત્ત્વતા કુરાનમાં ક્યાં ક્યાં છે અને કેવી રીતે અથવા ક્યા અર્થમાં છે ?

<u>જવાબ :</u> આ વિષયમાં સર્વ પ્રથમ અમો કહીશું કે ખુદાવંદ તઆલા એક પણ છે અને એકથી વધીને પણ. તે પછી આપણે બેની વાત કરીએ છીએ કે ઝાતે સુબ્હાન (ખુદા) સિવાય જે કંઇ પણ છે તે બેબેની જોડીમાં છે (૩૬/૩૬) દુનિયા અને આખરત બે છે (૨/૨૦૧) અલ્લાહતઆલાની ઈબાદતના માટે જીન અને ઈન્સાન બે મખ્લુક છે (૫૧/૫૬) ભલાઇ અને બુરાઇ (ખૈર અને શર) મનુષ્યની કસોટીના બે સાધનો છે (૨૧/૩૫) હિકમત એમાં જ છે કે બહેશ્તના ફળ બેબેની જોડીઓમાં મળશે (૫૫/૫૬) રૂહાની હિકમતનું જ્ઞાન ત્યાં મળે છે, જ્યાં બે દરિયા (સમુદ્રો) એક બીજાથી મળે છે (૧૮/૬૦) પૂર્વ અને પશ્ચિમ બે બે છે (૫૫/૧૭). આકાશ અને ધરતી એટલે કે ઊંચતા અને નીચાપણું બે છે (૨૪/૩૫) નૂર એટલે કે પ્રકાશ અને અંધકાર બે છે (૩૫/૨૦) જીંદગી અને મોત બે છે (૬૭/૨) દિવસ અને રાત બે છે (૧૭/૧૨) આત્મા અને શરીર બે બેની જોડી હશે (૮૧/૭) વિગેરે વિગેરે.

બેના આંકડામાં ઘણી બધી હિકમતો છે. તે "એક" અને "વધારે"ની વચ્ચે છે. તે "આરંભ નહી" અને "અંત નહી"નો વસીલો છે. યુગલ અને જોડીઓ આ જ આંકડામા છે, વિરોધી અથવા

વિરોધપણું આ જ આંકડાથી બને છે કે જેથી એક બીજાની ઓળખાણ થાય (તરફેણ અને વિરોધ) નકાર અને સ્વીકારની હિકમત આમાં જ છે. આ ઈન્સાફના ત્રાજવાનો દાખલો છે અને છેલ્લી વાત એ છે કે મખ્લુકાતમાં એટલે કે આ સર્વે રચનામાં કોઇ વસ્તુ બેની હિકમત અથવા બેના સિદ્ધાંત (કાયદા)ના વગર નથી અને આમ આત્મા અને શરીર પણ બે બે છે, જેમ કહેવામાં આવ્યું હતું કે રૂહના બે છેડા છે એટલે કે આપણે એક ઊચ્ચ અહંમ (અનાએ ઉલવી) ધરાવીએ છીએ અને એક નીચલો અહંમ (અનાએ સીફલી).

## ખુદાને ત્યાં ભુત અને ભવિષ્ય (કાળ) નથી:

<u>સવાલ ૭૪ :</u> મને એ વાત બરાબર રીતે યાદ નથી કે મેં મૌલાના રૂમની મસ્નવીમાં કે તમારા કોઇ પુસ્તકમાં એ જોઇ લીધું હતું કે ખુદાતઆલાની હુઝુરમાં ન તો વિતેલો સમય એટલે કે ભૂતકાળ છે અને ન તો ભવિષ્યકાળ. ત્યાં બસ વર્તમાન જ વર્તમાન છે. શું આ રૂહાનીયતની વાત છે કે આખરતની ? આ કેમ શક્ય થઇ શકે છે કે કોઇ ઠેકાણે ભૂતકાળ પણ ન હોય અને ભવિષ્યકાળ પણ, ફક્ત અને ફક્ત વર્તમાન કાળ જ મોજૂદ હોય ?

જવાબ : ભૂતકાળ તેનો હોય છે કે જેની દૃષ્ટિમાંથી સમય અને સ્થળના બનાવો આગળ ગુજરી ચૂક્યા હોય છે અથવા એ કે તેને લાંબા અરસા વિત્યા પછી અથવા વર્ષોના અંતર પછીના કોઇ કારણથી ભૂતકાળની જરા પણ ખબર જ નથી હોતી અને ભવિષ્ય કાળ પણ તે જ માણસનો હોય છે કેમકે આવનારા બનાવો (સ્થિતિઓ) હજુ તેના સુધી પહોંચ્યા નથી અને તે (માણસ) એ સ્થિતિઓ સુધી



ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science knowledge for united humanity

પહોંચવા માટે અશક્ત છે, પણ ખુદા કે જે પોતાના નૂરથી સમય અને સ્થળ ઉપર છવાયેલો છે તેના માટે કોઇ ભૂતકાળ કે ભવિષ્યકાળ નથી. તેની દ્રષ્ટિમાં દરેક ગાયબ (ગેબી) વસ્તુ હાજર છે અને દરેક વિતી ગયેલ અને આવનાર બાબત વર્તમાન એટલે કે હાલ છે. આ તેનું નૂર છે કે જે કાયનાત અને તેમાં રહેલી મોજૂદ વસ્તુઓના સઘળા બનાવો અને સ્થિતિઓને અસલ સ્વરૂપમાં સુરક્ષિત રાખે છે.

અલ્લાહતઆલાની હુઝુરમાં હોવાનો હેતૂ છે રૂહાનીયત, અને રૂહાનીયત જ એ મુકામ છે જ્યાં વિતી ગયેલ વખત અને આવનારો વખત બંને વર્તમાન એટલે કે હાલના વખતના સ્વરૂપમાં હાજર છે જેનો દાખલો એ મુજબ લઇએ કે જો તમો રૂહાનીયતમાં ચાલ્યા જાઓ તો આદમ (અ.સ.)ના બનાવને અને ક્યામતના બનાવને તમો હાલ એટલે કે વર્તમાન સમયમાં જ જોશો. બસ આ હાલત રૂહાનીયત પણ છે અને આખરત પણ.

## શુક્ષ્મ (ઝીણા) અને ઘટ્ટનું વર્તુળ :

<u>સવાલ ૭૫ :</u> કુરાન કહે છે કે અલ્લાહ તઆલાએ જીન્નાતોને ઇન્સાન કરતાં પહેલાં આગથી પૈદા કર્યા છે (૧૫/૨૭) પરંતુ તમોએ સવાલ-૭૦માં એ તાવીલ કરી છે કે ઇન્સાનમાંથી ફરીશ્તા, જીન્નાત અને શયતાનો બની જાય છે, એ કેમ શક્ય છે ? અમને આનો ખુલાસો જોઇએ.

<u>જવાબ :</u> તમારા સવાલની પાછળ બે વાત ખાસ છે એક છે "પહેલાં" (અગાઉ) અને એક છે "આગ". તો જાણવું જોઇએ કે આ દુનિયામાં દિવસ અને રાતની જેમ એક બીજાની પછવાડે ચાલનારા

બે મહાન સમય (દૌર) ફરી રહ્યા છે. એક છે લતીફ એટલે કે રૂહાની અને બીજોછે કશીફ એટલે કે શારીરિક અથવા જીસ્માની. જો તમો આ પૂરાં વર્તૂળને જોવા ઇચ્છો છો તો આ પ્રકારે લતીફ સમય અને કશીફ સમયમાંથી કોઇ આગળ અને કોઇ પાછળ નથી પરંતુ જ્યાં તમો જીસ્માની વખતમાં રહો છો તો તે સ્થિતિમાં રૂહાની વખતને અગાઉનો (પહેલાંનો) સમય કહેવો વ્યાજબી છે.

હવે રહ્યો આગનો સવાલ તો તે પવીત્રતા અથવા નાજુકપણાના અર્થમાં છે. એટલે કે જે વખતે રૂહાની વખત આવે છે તે વખતે જે લોકો ઇલ્મ અને અમલમાં ઊચ્ચ છે તેઓ દરજ્જાવાર રીતે ફરીશ્તા બની જાય છે. જેઓ વચલા પ્રકારના છે તેઓ જુદા જુદા દરજ્જાના જીન્નાત બની જાય છે અને જેઓ તોફાની છે તેઓ શૈતાન બની જાય છે.

જીન્નાત અને ઇન્સાનની રચના (બનાવટ)નો દાખલો એ મુજબ છે કે જેમ કોઇ હકીમ કહેતો હોય કે (રેશમના) કીડાને કસાફત (ઘટ્ટપણા)થી પેદા કરવામાં આવ્યો છે અને પતંગીયાને તેથી પહેલાં. લતાફત અથવા બારીક હાલતથી પેદા કરવામાં આવ્યો છે તો તેનાથી જે સમજદાર માણસ છે તે મતલબને સમજી લ્યે છે કે લતાફત કીડાની હતી અને કસાફત પતંગીયાની.

હઝરત આદમ અ.સ. બીબી હવ્વા અને તેમના અસંખ્ય સાથીદારો બહેશ્તમાં જવા પહેલાં ઘટ્ટ એટલે કે કશીફ હાલતમાં (શરીરમાં) હતા પણ બહેશ્તમાં જાતાં જાતાં પવીત્ર (લતીફ) બની ગયા, જ્યારે બહેશ્તથી કાઢી મૂકવામાં આવ્યા તો કશીફ શરીરમાં બદલાઇ ગયા અને

પછી પાછા બહેશ્તમાં જઈને લતીફ થઈ ગયા.

**એક આશ્ચર્ય પમાડનારી હિકમત :**

સવાલ ૭૬ : તમોએ સવાલ નંબર ૭૨ના છેવટમાં એ વાયદો કર્યો હતો કે તમો અમને સુરહ જુમ્માની એક એવી આશ્ચર્ય પમાડનારી આનંદિત કરનાર હિકમતનું વર્ણન કરી બતાવશો કે જેનાથી અમોને પૂરો ભરોસો થઇ જાય કે ઈમામતના નૂરના વસીલાથી આપણે નબુવ્વતની ઓળખાણનો મરતબો પ્રાપ્ત કરી શકીએ છીએ. શું તમો તે હિકમતનું વર્ણન કરશો ?

જવાબ : જી હા ! આ એ જ ક્રમ છે જેના આરંભમાં કહેવામાં આવ્યું હતું કે રૂહાનીયતનો વસીલો જ વર્તમાન અને ભવિષ્યના મોમીનોને બરહક રસુલથી મળાવી દયે છે. અને સુરહ જુમ્મા (૬૨)ની બીજી આયતમાં અલ્લાહતઆલાની તે અસંખ્ય રહેમતો અને મહેરબાનીઓનો ઉલ્લેખ થયો છે, જે નબુવ્વતના સમયના મોમીનોને પ્રાપ્ત હતી, દાખલા તરીકે રસુલ સલ્લલ્લાહો અલૈહી વસલ્લમનું તેઓની સામે ખુદાની આયતોનું પઢવું, તેઓને પાક અને પવીત્ર કરી દેવું, પુસ્તક અને હિકમત શીખવાડી દેવું અને આ સઘળી અસલમાં રૂહાનીયતની વાતો છે.

ત્રીજી આયતમાં "આખરીન"ના વિષે ઉલ્લેખ થયો છે, કે જે માનવાવાળાઓ નબુવ્વતના સમયમાં હજુ પેદા નહોતા થયા, તેઓ આવનારા વખતમાં પેદા થઈ જવા છતાં હીદાયતના નૂર અને રૂહાનીયતના વસીલાથી હ. રસુલ્લાહ (સ.અ.સ.)ના સમયના મોમીનોથી જઇ મળશે આ સર્વ કાંઇ હિકમતની ભાષામાં છે, જેની સાબિતી આયતના છેવટના

ભાગમાં "અલ અઝીઝુલ હકીમ" છે, અર્થાત તે જબરદસ્ત હિકમત વાળો છે, તેથી તે આમ કરે છે.

ચોથી આયતમાં ઈશારામાં ફરમાવેલું છે કે હીદાયત અને રૂહાનીયત ખુદાવંદતઆલાનો ફઝલ છે (તેની રહેમત છે તે જેને ચાહે છે અર્પણ કરે છે અને ખુદા મહાન ફઝલનો માલિક છે.

**અતીશય મહાન ભેદ :**

સવાલ ૭૭ : "ખલક કુમ મિન નફસીન વાહીદતીન સુમ્મ જઅલ મીન્હા ઝવજાહા" (૩૯/૬). તેણે જ તમો સર્વેને એક જ જાન (એક જ રૂહ)થી પેદા કર્યા પછી તેનાથી તેની સ્ત્રીને પેદા કીધી. ઘણા લાંબા સમયથી આ આયત વિષે વિચારતો આવ્યો છું, પણ કોઇ અર્થ સમજમાં નથી આવતો કેમકે જો અહી "નફસીન વાહીદ"થી હેતુ હ. આદમ લેવામાં આવે તો એકલા એક માનવીથી ઔલાદનું પેદા થવું, અને સ્ત્રીની પેદાશ તે પછી થવી એ અશક્ય વાત છે, માટે મહેરબાની કરીને તમો અમને બતાવો કે આમાં શું ભેદ છે ?

જવાબ : ખુદાવંદની તૌફીક અને મિત્રતાથી અને તેનેજ કારસ્સાઝ માનતા કહું છું કે ખરેખર અહી એક અતીશય મહાન ભેદ છુપાયેલો છે, તે એ છે કે ઉપર જણાવેલ આયતમાં નફસે કુલ્લી (સર્વવ્યાપક રૂહ)નો ઉલ્લેખ છે, જેની પાછળ ચોક્કસપણે અક્લે કુલ્લ પણ છે અને આ બંન્ને દીની હિકમતની ભાષામાં આદમ અને હવ્વાના અર્થમાં જ આવે છે, અને નફસે વાહીદા (એટલે અક્લેકુલ્લની રૂહાની સ્ત્રી)થી પાછલા મહાન યુગોના સઘળા નફસો પેદા થઇ ગયા, અને તે યુગોના અંતમાં આ નફસે કુલ્લ, અક્લે કુલ્લના દરજ્જા ઉપર બિરાજમાન થઇ

ગયો જેનો તાવીલી દાખલો એમ થયો કે આ મહાન ફરીશ્તો જે પાછલા યુગમાં માતાનો દરજ્જો ધરાવતો હતો તે હવે આવનારા વખતના નફસોનો પિતા બની ગયો, તે માટે ખુદાએ તેનાથી તેની સ્ત્રીને પેદા કરી એટલે કે તેની મર્યાદા (શક્તિ)માંથી એક મહાન હદ (શક્તિ)ને નફસે કુલ્લ બનાવી દીધી કે જેથી આ બંને મહાન ફરીશ્તાઓના આ રૂહાની નીકાહથી રૂહોની એક નવી દુનિયા હસ્તીમાં આવે.

**સીતારાઓની રૂહ :**

<u>સવાલ ૭૮ :</u> જ્યારે દરેક નાની મોટી વસ્તુની એક રૂહ હોય છે અને જ્યાં આ મહાન કાયનાતની એક સર્વવ્યાપક રૂહ છે તો શું આ પૃથ્વી (ધરતી)નો ગ્રહ, ચંદ્ર અને જેટલાં પણ સીતારાઓ છે તેમની પણ રૂહો હોય છે ? જો તમો કહો કે 'હા', ગ્રહો અને સીતારાઓનીરૂહો છે તો તેની કોઇ અકલમાં આવે તેવી દલીલ રજૂ કરવામાં આવે.

<u>જવાબ :</u> મને આ સવાલ ન જાણે કેમ, ખૂબ જ ઉમદા અને સુંદર લાગી રહ્યો છે. કદાચ આમાં ખુદાની કોઇ રહેમત છે. પ્રીય મિત્રો! કાયનાતની પ્રત્યેક વસ્તુ રૂહોના રૂહના સર્વત્ર છવાયેલાં સમુદ્રમાં ડૂબેલી છે એજ રીતે સઘળાં ગ્રહો અને સીતારાઓ જાહેરી રીતે અને બાતિની રીતે રૂહના સમુદ્રમાં ડૂબેલાં છે, જેને કારણે તેમાંના દરેકના રૂહાની સ્વરૂપ અને ચહેરા નક્કી થઇ જાય છે અને પૃથ્વીના ગ્રહનું રૂહાની સ્વરૂપ (રૂહાની ચહેરો) ધરતીના જેવું જ છે જેમ કોઇ મહાન ફરીશ્તાએ ખુદાના હુકમથી આ હિકમત ભરપૂર અને જીવંત ફીલમ બનાવી હોય, ધરતી (પૃથ્વી)ના રૂહનો આ એક સમજમાં આવનાર દાખલો છે.

હવાનું સ્વરૂપ પોતાના પ્રકારે કંઇ નક્કી નથી પણ જ્યાં તે (પાણીની) મશકમાં છે તો ત્યાં મશકના સ્વરૂપ જેવી છે, બાટલીમાં છે તો બાટલી જેવી છે અને જ્યારે ટાયરમાંછે તો ટાયર જેવી છે. આ જ સ્થિતિ દરેક વસ્તુ એટલે કે દરેક સીતારાઓની રૂહાની સ્વરૂપની છે પરંતુ તેમાં એક ઘણો મોટો તફાવત એ છે કે રૂહાની સ્વરૂપ એક જીવંત અને બોલનારી રૂહ હોય છે, અને હવા જ્યાં પણ હોય રૂહાની ગુણોથી ખાલી હોય છે.

ખુદાવંદે આલમીને પોતાના પ્રીય પુસ્તકમાં સીતારાઓના પડી જવાના કસમ ખાધા છે (૫૬/૭૫) એ સીતારાઓની રૂહો છે, જે વ્યક્તિગત ક્યામતમાં મોમીન ઉપર પડી જાય છે, અને તે ફક્ત રજકણોના સ્વરૂપમાં હોય છે.

## કીડા અને પતંગીયાનું વર્તુળ :

<u>સવાલ ૭૯ :</u> કશીફ મખ્લુક (દુનિયામાં મોજૂદ ઇન્સાન) અને લતીફ મખ્લુક (ફરીશ્તા વિગેરે) ઉપર ધ્યાનપૂર્વક વિચાર કરવાને માટે તમોએ જે કીડા અને પતંગીયાનો દાખલો આપ્યો છે, તે કુદરતના પુસ્તકની એક મોં બોલતી નીશાની છે. અને એનાથી અમો ઘણું સમજી શકીએ છીએ. તેની સાથે સાથે અમો એ પણ ઇચ્છીએ છીએ કે તમો અમને પવીત્ર કુરાનના પ્રકાશમાં કંઇક સમજાવો.

<u>જવાબ :</u> ખુદાવંદતઆલાએ આ બ્રહ્માંડને–કાયનાતને–છ દિવસમાં બનાવ્યો એટલે કે તેણે દીન (મઝહબ) છ મહાન પયગમ્બરોના વખતમાં સંપૂર્ણ કરી દીધો, એ જ રીતે પરવરદીગારે માનવીના મૌજૂદ (નજરે દેખાતાં) શરીરની રચના અને તેને સંપૂર્ણ કરવાનું કામ છ



ISW Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

દરજ્જાઓમાં કર્યું, તે એ કે સુલાલા (માટીનો ખુલાસો), નુતફા, અલકા, મુઝ્ફા, અઝામ અને લહમ. આમ મનુષ્ય કશીફ એટલે કે ઘટ્ટ શરીરમાં સંપૂર્ણ થયો અને દુન્યવી રીતે જીંદગી ગુઝારી પછી ખુદાવંદતઆલાએ તેને આખરતની રચના (લતીફ શરીર–પાતળું શરીર) બનાવ્યો. (૨૩/૧૨થી ૧૪)

"ફ તબારકલ્લાહુ અહેસાનુલ ખાલીકીન" (૨૩/૧૪) તો ખુદા ઘણો જ બરકતવાળો છે જે સઘળામાં સર્વોત્તમ સર્જનહાર છે. અહી એ સચ્ચાઈની તરફ ઈશારો છે કે "ખલ્કે આખીર" સૌથી ઉપરની રચના છે, અને તે જુસ્સાએ ઈબ્દાઈયા (જીસ્મે લતીફ)ની રચના છે અને જો એ વાત ન હોત તો અહી અલ્લાહની ઘણી જ બરકતો અને સર્જનશક્તિની ખૂબીઓ તરફ ઈશારો ન હોત.

યાદ રહે કે કુરાને હકીમના અર્થોના સંબંધનો સિદ્ધાંત ખૂબ જ હિકમતવાળો છે માટે આપણે "સુમ્મ અશ્શાનહુ ખલકન આખર" (૨૩/૧૪)માંથી "અશ્શાનહુ"ની તફસીર અને ખુલાસો કોઈ બીજી આયતમાં જોવા ઈચ્છીએ છીએ તો તે માટે આ આયત મળે છે "ઈન્ના અશ્શાનહુન્નીનશા ફ જઅલના હુન્ન અબકારન" (૫૬/૩૬) અમોએ તે (હુરોને) પેદા કરી જેમકે પેદા કરવાનો હક છે. અર્થાત તેઓને પહેલાં દુનિયામાં પેદા કર્યા અને ઝીદગીમાં જુદા જુદા દરજ્જાઓથી પસાર કર્યા, પછી અમોએ તેમને કુમારીકાઓ બનાવી એટલે કે તેમને લતીફ શરીર આપ્યું. આ પરથી એ હકીકત તેની ખૂબીઓ સહીત જાણમાં આવી જાય છે કે દુનિયાનું શરીર દુનિયામાં જ રહી જાય છે અને આખતરના માટે પાતળું (લતીફ) શરીર છે.

## રૂહના છેડા બે છે :

<u>સવાલ ૮૦ :</u> આપણી રૂહ (જાન)ના બે છેડા કઇ રીતે છે અને નફસની જોડી ક્યા અર્થમાં છે ?

<u>જવાબ :</u> એ વાત સારી રીતે યાદ રહે કે આપણી રૂહનું અસલ મૂળ ખુદાઇ નૂર અને બહેશ્તમાં છે. આપણે ત્યાંથી પૂર્ણપણે નહી પરંતુ અમુક અંશના પ્રમાણમાં અહીં આવ્યા છીએ, જેમ સુર્ય પોતાની જગ્યાએ કાયમ છે પણ તેની કીરણો, પ્રકાશ અને ગરમી ધરતીની સપાટી સુધી પહોંચતી રહે છે. જો આપણે આપણી સામે સુર્યના પ્રકાશમાં કોઇ અરીસો અથવા પાણીવાળું (ભરેલું) કોઇ વાસણ રાખીએ તો તેમાં સુર્યનું મધ્યમ પ્રતીબિંબ નજરે પડશે. આ આપણી રૂહાનીયત અને જીસ્માનીયતની બે પાસાવાળી હસ્તીની એક સુંદર અને સમજી શકાય તેવી ઉપમા છે. આ જ અર્થમાં કહેવામાં આવ્યું છે કે આપણી રૂહના બે છેડાં છે અથવા એમ કે આપણી બે ખુદી યાને અના છે.

કુરાનમાં (૬/૯૮) આવ્યા મુજબ, કે જ્યારે ખુદાની આજ્ઞાથી સઘળા ઇન્સાનો નફસે કુલ્લથી પેદા કરવામાં આવ્યા, તો તે વખતે સઘળાને બે બે રૂહો અર્પણ થઇ. એકનું નામ મુસ્તકર છે અને બીજીનું નામ મુસ્તવદા. મુસ્તકર ખુદાની પાસે (આલમે અમરમાં) રહી અને મુસ્તવદે આ દુનિયામાં (આલમે ખલ્કમાં) આવી. હવે અહીં જે લોકો ખુદા તથા રસુલ અને સાહેબે અમ્રની તાબેદારીનો હક જે રીતે અદા કરવો જોઇએ તે મુજબ અદા કરે અને તેઓને પોતાના નફસની ઓળખ (મારફત) પ્રાપ્ત થાય તો તે લોકો પોતાની મુસ્તકર રૂહથી

જઈને મળશે. જેમકે રસુલુલ્લાહ (સ.અ.સ.) પોતાના છેલ્લાં વખતમાં આ સચ્ચાઈની તરફ ઈશારો ફરમાવતા "રફીકિ આલા" (ઉચ્ચ મિત્ર) (મુસ્તકર રૂહ)થી જઈને મળવાની દુઆ માંગી હતી.

આ વર્ણનમાં અમોએ તમારા સવાલનો ઘણે ભાગે જવાબ દીધો છે.

☆ ☆ ☆

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# પાંચમું પ્રકરણ

## ખાકી શરીર (માટીનું શરીર) હંમેશનું નથી :

<u>સવાલ ૮૧ :</u> હઝરત ઈદરીસ (અ.સ.)ને ખુદા તઆલાએ ખાકી શરીરની સાથે જ બહેશ્તમાં ઉપાડી લીધા (૧૯/૫૭). હઝરત ખીઝર (અ.સ.) આ શરીરમાં હંમેશને માટે આ દુનિયામાં જીવંત રહ્યા અને ખુદાએ હઝરત ઈસા (અ.સ.)ને આ જ શરીર સહીત જીવતા જ આકાશ ઉપર ઉપાડી લીધા. શું આ ઉપમાઓ (દાખલા) છે કે સત્ય ? સાચી બાબત જે પણ હોય તેને ખુલાસાથી વર્ણન કરો.

<u>જવાબ :</u> આ તો હિકમતની ઉપમાઓ છે (દાખલા છે) અને આ દાખલાઓને સમજવામાં હિકમત તથા સચ્ચાઇ ગુપ્ત રહેલાં છે, તેથી એ જાણવું જોઇએ કે અલ્લાહ તઆલાએ હઝરત ઈદરીસ (અ.સ.)ને આ દુનિયાની જીંદગીમાંજ બહેશ્ત અને રૂહાનીયતનો અનુભવ અને ઓળખાણ કરાવ્યા, જેવી રીતે હંમેશા પરવરદીગારની રહેમતથી રૂહાની જન્નતનો આ અનુભવ અંબીયા, ઓલીયા અને નેક બંદાઓને થતો રહ્યો છે (૪૭/૬) આ પરથી એ હકીકત સ્પષ્ટ છે કે અલ્લાહ પાકે હઝરત ઈદરીસ (અ.સ.)ને રૂહાનીયતના મુકામ ઉપર ઉપાડી લીધા હતા પછી ખુદાના હુકમથી, વખત આવવા ઉપર તેવણ મૂળ શરીરને છોડીને જન્નતમાં દાખલ થઇ ગયા કેમકે આ શરીરની સાથે પ્રકાર પ્રકારની તકલીફો સંબંધ ધરાવે છે માટે તે હંમેશની બહેશ્તમાં નથી રહી શકતું, જો કે ખુદાના ખાસ બંદાઓને આજ શરીરમાં એટલે કે

મોતથી પહેલાં રૂહાનીયતની બહેશ્તનો અનુભવ, ભાન અને ઓળખાણ થઇ જાય છે.

હઝરત ખીઝર (અ.સ.) સંબંધે જ્યાં કોઇ સાચી રીવાયત કે કોઇ દાખલો હોય તો તેની તાવીલ એ છે કે તેવણ સાહેબ રૂહાની રીતે હંમેશ માટે જીવતા થઇ ગયા છે. ખુદાવંદ તઆલા એ જરા પણ નથી ઇચ્છતા કે તેના પસંદ કરેલાં બંદાઓ નક્કી કરેલાં સમયથી વધુ આ મૂળ (માટીના) શરીરનો બોજો ઉપાડતાં ફરે. આ જ વર્ણનમાં હઝરત ઈસા (અ.સ.) સંબંધે સવાલનો જવાબ પણ મળી જાય છે તેમ છતાં બીજાં ખુલાસા માટે તમો પુસ્તક ઇલ્મી ખજાનો-નંબર (૨)માં "હઝરત ઈસા રૂહ છે કે શરીર?"ના વિષય પરના નિબંધને તપાસો.

**જન્નતની મારફત :**

સવાલ ૮૨ : હમણા હમણા તમોએ બહેશ્તની મારફતનો ઉલ્લેખ કર્યો. દીલ ઇચ્છે છે કે જન્નતની મારફતના વિષે વધુ મુદ્દાઓ સાંભળીએ. શું તમો મહેરબાની કરીને અમારી જાણકારીમાં વધારો કરશો ?

જવાબ : "મારફત" એ ઇસ્લામ મઝહબમાં સૌથી ઊચ્ચ અને બહોળા અર્થવાળી બાબત છે. માટે સઘળા ગુણો અને હકીકતો તેના અર્થરૂપે એમાં જ એકઠાં થઇ જાય છે, જેનો પહેલો દાખલો એ છે કે ઇસ્લામની સઘળી જાહેરી આજ્ઞાઓ (જાહેરી રીતે કરવાના કામ) શરીયતના વર્તુળમાં મોજૂદ છે, એ જ સઘળી ખૂબીઓ સાથે તરીકત, શરીયતનું મગજ છે. હકીકત એ તરીકતનું બાતિન છે મારફત હકીકતની

રૂહ તથા પ્રકાશ છે. આ જ રીતે દીનની સઘળી જીવંત રૂહ મારફતમાં સમાયેલી છે.

બીજો દાખલો એ છે કે મારફત અસલમાં ખુદાની ઓળખાણને કહે છે. આ ઓળખાણ જાહેરી પ્રકારના ગૂણમાં ખુદાના દીદાર થવા વગર શક્ય નથી. આ સૌથી મોટું સદ્‌ભાગ્ય તે વખતે પ્રાપ્ત થઇ જાય છે જ્યારે મોમીન પોતાની રૂહને ઓળખી લ્યે છે. રૂહની ખોળખ અને ખુદાવંદી દીદારમાં જ્યાં પ્રાપ્ત થઇ શકે છે તે જન્નત છે. જન્નતનો રસ્તો હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)ના સદ્‌વર્તનના સુંદર નમૂનામાં છૂપાયેલો છે, જેની સફળ રહેનુમાઇ (જે માટે સફળ રીતે આગળ વધવાનો રસ્તો બતાડવાનું કામ) ઝમાનાનો ઈમામ જ કરી શકે છે.

કુરાનના એ હિકમત ભરપૂર શબ્દો ઉપર કુરબાન થઇ જઇએ, કારણ કે દરેક હિકમતવાળા શબ્દમાં ઘણી હકીકતો એકઠી થયેલી હોય છે અને ઉપર જણાવેલી સઘળી હકીકતો અને મારફતો "અર્રફહા લહુમ"માં એકઠી થયેલી છે. (ખુદાએ તેમને પહેલેથી એ જન્નતની ઓળખ આપી દીધી છે. (૪૭/૬) આ વર્ણનથી સ્પષ્ટ થયું કે મારફત એ સર્વ કાંઇ છે જે જન્નત છે અને તેને મેળવવાની શરત એ છે કે મોમીનો દીનની સલામતી અને પ્રગતીના માટે એવી જરૂરી ખીદમતો કરે જેવી શહીદોની શહાદત પાછલા સમયોમાં (ભૂતકાળમાં) જરૂરી હતી.

## (REFLECTED) પરીવર્તન પામેલું (પાછું વળેલું) નૂર :

<u>સવાલ ૮૩ :</u> નૂરનો શાબ્દિક અર્થ છે પ્રકાશ, પરંતુ અમો એ

જાણવા માગીએ છીએ કે જ્યારે અલ્લાહ તઆલા મારફતવાળાઓની રૂહોને સંપૂર્ણ નૂર વડે મુનવ્વર (પ્રકાશિત) કરી દ્યે છે તો એ પાછા વળી જનાર પ્રકાશની શું સ્થિતિ અને હાલત હોય છે ? શું રૂહાની પ્રકાશ તદ્દન ભૌતિક પ્રકાશની જેમ છે કે બંનેમાં મોટો તફાવત જોવા મળે છે ?

જવાબ : એ સાચું છે કે નૂરનો શાબ્દિક અર્થ પ્રકાશ છે, પરંતુ તેનો હેતૂ ઈન્સાનીયતના મુકામ ઉપર કમાલના દરજ્જા અને ઊચ્ચ મરતબાની હીદાયત છે અને હીદાયતની ત્રણ શાખાઓ છે, અકલની હીદાયત, રૂહની હીદાયત અને જીસમ (શરીરની) હીદાયત. અકલની હીદાયત ઈલ્મ-જ્ઞાન અને હિકમત તથા જાહેરી કાયનાત અને વ્યક્તિગત જગતના છૂપાં ભેદ વિષે પહેલાંથી જાણકારી દેવાના સ્વરૂપમાં છે, રૂહાની હીદાયત બંદગીના શોખ-ખુશી, ઝીકરની મીઠાશ, દીનદારીની લાગણી અને નેકીની સદ્દબુદ્ધિ જેવી મરજીમાં છે અને શરીરની હીદાયત શારીરિક આવડતોના આગળ વધવામાં છે એટલે કે સબર (ધીરજ), હિંમત, બહાદુરી અને મર્દાનગી જેવા ઊચ્ચ ગુણોનું વધારે પ્રમાણમાં અમલમાં આવવું (જાહેર થવું) એ ખુદાની હીદાયત છે.

નૂર નીચલા દરજ્જાઓમાં હેરાન કરી મૂકનાર (અવાચક કરી દેનાર) રંગીનીઓથી ભરપૂર છે અને ઊપરના દરજ્જાઓમાં તે અગર તો દરમ્યાનની પરિસ્થિતિ ઉપર અથવા સ્વરૂપ અને રંગથી અલગ છે, અને આ રંગ અને બે-રંગની સ્થિતિનું નામ "સીબ્ગતુલ્લાહ" (૨/૧૩૮) છે.

જાહેરી નૂર એક ઉપમા છે અને બાતિની નૂર તે અસલ છે

જેની ઉપમા આપવામાં આવે, માટે ભૌતિક (જાહેરી) પ્રકાશ પોતાના એ અસલના સામે (તેના મુકાબલામાં) ઘણું જ નીચું (હલકું) અને નિર્જીવ તથા હકીક્ત વગરની વસ્તુ છે, જ્યારે કે બાતિની નૂર અકલ અને જ્ઞાનના કમાલીયતના ગૂણો ધરાવનારૂં છે "ચે નીસ્બત ખાક રા બા આલમે પાક." તમો પુસ્તક "મેઅરાજે રૂહ"માં "નૂરની સ્થિતિ અને હકીક્ત"ના વિષયને પણ વાંચી જુઓ.

**અઝરાઈલ અને રૂહનું કબ્જે કરવું :**

<u>સવાલ ૮૪ :</u> જ્યારે કોઇ માણસનો મોતનો સમય આવે છે તો તેમાં શું તેની રૂહ પોતે પોતે જ શરીરથી નીકળી જાય છે કે અઝરાઈલ તેને કબ્જે કરી લ્યે છે ? જો મલ્કુલ મૌત રૂહને કબ્જે કરે છે તો કઇ રીતે ? શું અઝરાઈલ એક છે કે વધારે ? રૂહના નીકળવાનો રસ્તો ક્યો છે ?

<u>જવાબ :</u> મોતના વખતે રૂહ પોતે પોતે જ નથી નીકળતી બલ્કે હઝરત અઝરાઈલ અલૈહીસ્સલામ તેને કબ્જે કરી લ્યે છે. આ કબ્જો કરવાની સ્થિતિ એમ છે કે મલ્કુલમૌત મરનારાના કાનમાં દાખલ થઈને અલ્લાહતઆલાના એક મહાન–બુઝુર્ગ નામનું સતત રટણ કરે છે અને અઝરાઈલની એ જ ચમત્કારિક અવાજથી રૂહની રજકણો માણસના માથાની તરફ હલનચલન કરે છે જેના પરિણામે માણસમાં મુર્દાપણાં (મોત)ની સ્થિતિ પગથી શરૂ થઇ જાય છે અને રૂહ ધીમે ધીમે માથાના ઉપલા ભાગથી નીકળી જાય છે.

અમુક લોકો છેલ્લા શ્વાસની સાથે રૂહના નીકળી જવાનો ખ્યાલ ધરાવે છે, પણ એવું નથી. આ ફક્ત એ બનાવની નીશાની

છે કે રૂહ છાતીને (શરીરના ભાગને) છોડીને માથામાં (મગજમાં) સ્થિર થઇ ગઇ. એ સવાલ જુદો છે કે રૂહ કેટલી વાર સુધી માથામાં રોકાય છે.

અઝરાઈલ ખુદાના હુકમથી ફક્ત એક જ અવાજથી પણ કોઈની જાનને એકાએક કબજે કરી શકે છે. અઝરાઈલ અસલ દરજ્જામાં એક છે પરંતુ તેના લશ્કરમાં દરેક માણસના માટે એક અઝરાઈલ મોજૂદ છે.

## નફસની મોત અને શરીરની મોત :

સવાલ ૮૫ : જો એ સાચું છે કે "મુતુ કબ્લ અન તમુતુ" (અર્થાત શારીરિક રીતે મરવાથી પહેલે નફસની રીતે મરી જાઓ)ની આજ્ઞા પણ છે તો શું આ આજ્ઞા ઉપર અમલ કરવાની સ્થિતિમાં વ્યક્તિગત ક્યામત આવી શકે છે ? જો કોઇ મોમન ઉપર આવી વ્યક્તિગત પ્રકારની ક્યામત આવી જાય છે તો તે (મોમન) ક્યામતના તે અહેવાલનો અનુભવ કેવી રીતે કરી શકે છે, જેનો સંબંધ દુનિયાભરના લોકોની સાથે છે ? શું નકીર અને મુન્કીરના નામે બે ફરીશ્તાઓ ખરેખર છે ?

જવાબ : હા ! હકીકી મોમનની સફળતા એમાં જ છે કે નફસની પવીત્રતાના વસીલાથી શારીરિક મોત કરતાં પહેલા રૂહાની રીતે મરી જાય અને હા, એ પણ સાચું છે કે એ સ્થિતિમાં તેની વ્યક્તિગત ક્યામત આવી જાય છે પરંતુ તેમ છતાં તે મોમન ક્યામતના એ સઘળા અહેવાલોનો અનુભવ કરે છે કે જે સમૂહગત ક્યામતના સંબંધે છે, કેમકે ખુદાવંદતઆલાને ત્યાં એક (નાના નાના) કણોનું જગત પણ

છે જેમાં ન ફક્ત સઘળા ઝમાનાના લોકો કણોના સ્વરૂપમાં મોજૂદ છે પણ કાયનાત અને મોજૂદ જગતની દરેકે દરેક વસ્તુ પણ નાના કણોના સ્વરૂપમાં હાજર છે માટે એવા બંદા ઉપર કે જે વ્યક્તિગત ક્યામતનું દશ્ય જોઇ રહ્યો છે, સમૂહગત ક્યામતની સઘળી સ્થિતિ વિતી જાય છે.

જી હા ! નકીર અને મુનકીર બે ફરીશ્તાઓ ખરેખર છે, પણ એ મુદ્દો સારી રીતે યાદ રાખો કે રૂહાનીયતમાં એક જ વસ્તુના કેટકેટલાં નામ અને કેટકેટલા કામ હોય છે, માટે એ જરૂરી નથી કે આ ફરીશ્તાઓ ફક્ત એ જ નામોથી આવે.

**કણોનું જગત (આલમે ઝર) :**

<u>સવાલ ૮૯ :</u> કણોના જગતનો શું અર્થ થાય છે ? તે ક્યાં છે ? શું તે શારીરિક છે કે રૂહાની ? જો તે કોઇ શારીરિક જગત છે તો તેને દરેક માણસ કેમ જોઇ નથી શક્તો ?

<u>જવાબ :</u> એનો અર્થ છે (ઝીણા ઝીણા) કણોની દુનિયા જેનો હેતૂ છે રૂહોની રજકણ. તે આ જ દુનિયામાં મોજૂદ છે જે ઝીણા (લતીફ) શરીર અને રૂહો બન્નેના બનેલા હોય છે; અને તેના એવાં ગુણમાં મહાન હિકમત છુપાયેલી છે, તેને દરેક માણસ નથી જોઇ શક્તો જ્યાં સુધી કે દીલની આંખો પ્રકાશિત (રોશન) નથી થઇ જતી.

અલ્લાહતઆલાએ રૂહો પાસેથી પોતાના રબ્બ હોવા વિષે જે વાયદો લીધો હતો તે આ કણોની દુનિયામાં જ થયું હતું કે "શું હું તમારો પરવરદીગાર નથી" અને લોકોએ અરજ ગુઝારી કે "શા માટે નહિ." (૭/૧૭૨)

## રૂહાની યુદ્ધ :

<u>સવાલ ૮૭ :</u> આ એક કુરાની આયાત (૬/૧૧૨)ની સમજૂતી છે કે શૈતાનો ન ફક્ત જીન્નાતમાંથી હોય છે બલ્કે ઈન્સાનોમાંથી પણ થયા કરે છે અને તે એક બીજાના દીલમાં લલચાવનારી એટલે કે અંદરથી ખોટી પણ બહારથી સાચી લાગતી વાતો નાંખે છે, કે જેથી એવી વાતોથી લોકોને ફરેબ દઈને સીધા રસ્તાથી ફેરવી શકે અને એ જ મતલબનો આ એક ખુલાસો છે કે શૈતાન કે જે જીન્નાતમાં પણ છે અને ઈન્સાનોમાં પણ, તે લોકોના દીલોમાં સીધી રીતે (DIRECTLY) વસવસો નાખી શકે છે (૧૧૪/૪થી ૬) પણ સવાલ છે કે મોમીનોની રૂહો કે જે સામેની દિશામાં (વિરોધી દિશામાં) છે તે આ રૂહાની યુદ્ધમાં કંઇ પણ નથી કરી શક્તી ? તો પછી શું અમોને એ કહેવું જોઇએ કે બદી એટલે કે ખોટાઇના હાથ તો રૂહાની મેદાનમાં વિશાળ અને આઝાદ છે પરંતુ નેકીના હાથ સખ્તાઇથી બાંધી દીધેલા છે ?

<u>જવાબ :</u> જી હા ! શારીરિક અને રૂહાની શૈતાનો આ સર્વ કાંઇ કરી શકે છે, પણ તેમ છતાં ઈમાનવાળાઓની રૂહાની આવડતો–શક્તિઓના વિષે જરા પણ નિરાશા જેવું નથી કારણ કે મોમીનો હીઝબુલ્લાહ છે એટલે કે ખુદાનું લશ્કર છે અને જીત ખુદાનાજ લશ્કરની થાય છે (૫/૫૬).

કુરાનમાંનો આ દાખલો રૂહાનીયતની હિકમતોથી ભરપૂર છે કે મોમીનો ખુદાના લશ્કર છે અને તેમાં સૌથી પહેલો ઈશારો તો એ છે કે આ લશ્કરની રૂહાની શક્તિઓ ખુદાના ફઝલથી શૈતાની શક્તિઓથી

વધીને છે, એ જ કારણ છે કે હીઝ્બુલ્લાહ બાતિન અને રૂહાનીયતમાં હંમેશાં સર્વોપરી રહે છે. તમો શૈતાનના લશ્કર વિષે પણ તપાસી શકો છો (૫૮/૧૯).

**ખુદાઈ લશ્કર :**

સવાલ ૮૮ : અલ્લાહ તઆલાના લશ્કરનો દાખલો ખરેખર ઘણો જ ઈમાન વધારનાર અને સુંદર છે હવે અમો ઈન્શાઅલ્લાહ કુરાનની એ આયતો ઉપર ધ્યાન આપીશું કે જે ખુદાઈ લશ્કર વિષે છે તેમ છતાં તમો એ બતાવો કે સુરેહ ફતહમાં જે રીતે ખુદાવંદે આલમના લશ્કરનો ઉલ્લેખ આવેલો છે તેનાથી મોમીનોનો શું સંબંધ છે., જ્યારે કે આ અલ્લાહનું લશ્કર છે ?

જવાબ : આ વિષયમાં સુરેહ ફતહનું પહેલું ફરમાન એ છે કે "(ખુદા) એ જ તો છે કે જેણે મોમીનોના દીલો ઉપર (રૂહાનીયતનું) સાંત્વન નાઝીલ ફરમાવ્યું કે જેથી તેઓના ઈમાનની સાથે ઈમાન હજુ વધુ વધે, અને આસમાનો તથા જમીનના લશકર (સઘળા) ખુદાના જ છે, અને ખુદા જાણવાવાળો (અને) હિકમતવાળો છે (૪૮/૪) અહીં આસમાનનો અર્થ રૂહાની જગત છે અને "આસમાનો"નો ઈશારો બહુવચનમાં રૂહાની દરજ્જાઓ તરફ છે જ્યારે કે ઝમીન શારીરિક જગત છે. આમ આ ઈલાહી ફરમાનના ખુદાના રૂહાની અને શારીરિક લશકર (મોમીનો અને મોમીનોના રૂહ)નો ઉલ્લેખ એ માટે આવેલો છે કે રબ્બે કરીમની આજ્ઞાથી લશ્કરના સરદાર (પયગમ્બર અને ઈમામ અ.સ.) અને લશ્કર જ તે વસીલો છે કે જેનાથી દરેક મોમન ઉપર જ્ઞાન અને અમલ મુજબ રૂહાની સાંત્વન નાઝીલ થાય છે જેમકે અમો આ

પુસ્તકમાં અગાઉ એ ખુલાસો કરી ચુક્યા છીએ કે વહીના મુકામ ઉપર રૂહુલ કુદુસ (પવીત્ર રૂહ) એકલી નથી આવતી પણ તે પોતાના સઘળા લશ્કરની સાથે હોય છે, જેમાં મલાયકો પણ છે અને રૂહો પણ. માટે અહીં જે શાન સહીત ઈલાહી લશ્કરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો સંબંધ મોમીનોથી એ છે કે મોમીનો જ રૂહો અને શરીરોમાં મહાન ખુદાના લશ્કર છે કેમકે એ જ લોકો બાતિનમાં રૂહાનીયતના આસમાનો ઉપર છે અને જાહેરમાં શારીરિક ઝમીન ઉપર.

બીજું ફરમાન આયત ૭માં છે અને તેના મુબારક શબ્દો પણ એ જ છે, અને તેનો હેતૂ અને ઈરાદો પણ એ જ છે કે મોમીનોના ટોળા દ્વારા જાહેર અને બાતિનમાં લશ્કરનું કામ લ્યે છે.

શૈતાન ક્યા હથિયારથી ડરે છે ?

સવાલ ૮૯ : એક મોટો મહત્ત્વનો સવાલ એ સામે આવ્યો છે કે દીની યુદ્ધમાં મોમીનોની પાસે જે શસ્ત્રો છે તેમાંથી શૈતાન ક્યા હથિયારથી વધારે ડરે છે અને એ માટે તે ક્યા હીલા (બહાના)થી કામ લ્યે છે ?

જવાબ : મોમનની પાસે જે સૌથી મોટું અને શક્તિશાળી હથિયાર મોજૂદ છે તે છે ખુદાનો ઝીકર. તેનાથી જ શૈતાન ઘણો જ ડરતો રહે છે, માટે તે દરેક વખતે એ જ પ્રયત્નોમાં ગુંથાયેલો રહે છે કે કોઈ પણ રીતે મોમીનને ખુદાની યાદ ભૂલાવી દ્યે, જેથી તે મોમીન ઉપર હુમલો કરી શકે (૫૮/૧૯). આની તાવીલી હિકમત એ છે કે ખુદાનું નામ અને ઈલાહી યાદ ઈમામે ઝમાન (સલ્વાતુલ્લાહ અલૈહી) છે, જે મોમીનોની સઘળી જાહેરી અને બાતિની શક્તિઓનું મૂળ છે.

એ માટે શારીરિક અને રૂહાની શૈતાનો (૬/૧૧૨) દરેક વખતે ઈમાન અને જ્ઞાનમાં કમજોર મોમીનોની પાછળ લાગ્યો રહે છે કે જેથી તક મળતાં પવીત્ર ઈમામના મુબારક છેડાથી કોઇ એવા મુરીદનો હાથ છોડાવી શકે. મોમીનનું આ જ સૌથી મોટું રૂહાની અને ઈલ્મી હથિયાર છે અને આ જ છે શૈતાનના કારણે ખુદાની યાદ-ઝીકર ભૂલી જવાની તાવીલ.

**યૌમે અકીમ (ક્યામતનો દિવસ):**

<u>સવાલ ૯૦ :</u> આમ તો કુરાનમાં ક્યામતના સેંકડો નામ છે, જેનો અંદાજો કુરાની ઈન્ડેક્ષથી થાય છે અને દરેક નામમાં કેટકેટલી હિકમતો છુપાયેલી હોઇ શકે છે પરંતુ અમો અહી ફક્ત એ જાણવા ઈચ્છીએ છીએ કે ક્યામતને જે "યૌમે અકીમ" કહેવામાં આવેલ છે તેની શું તાવીલ છે ?

<u>જવાબ :</u> મારાં પ્રીય મિત્ર ! ક્યામતનું નામ "યૌમે અકીમ" (૨૨/૫૫) એ માટે છે કે તે વખતે સઘળા લોકોનો વંશ કપાઇ જશે સિવાય રસુલ (સ.અ.સ.)ના ખાનદાનના, કારણ કે તે ધરતી ઉપર ખુદાનો ચહેરો છે જેનો ઉલ્લેખ કુરાનમાં (૫૫/૨૬-૨૭) છે. તમો આ પુસ્તકમાં સવાલ ૪૩-૪૪ અને સો સવાલ પુસ્તકના પહેલા ભાગમાં સવાલ નંબર ૨૪ને તપાસી જુઓ.

**ઈબ્રાહીમ (અ.સ.)ના ચાર પક્ષી :**

<u>સવાલ ૯૧ :</u> જો પક્ષીની તાવીલ રૂહ છે, જેમકે તમોએ સવાલ ૫૦માં જણાવ્યું છે, તો પછી તે પરથી એ સવાલ પણ ઊભો થાય છે કે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના ચાર પક્ષીઓની શું તાવીલ છે (૨/૨૬૦) તેમાં ચારની સંખ્યાની શું મહત્ત્વતા છે ?

જવાબ : હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના ચાર પક્ષીઓ જે જીવતા થઈને આવી ગયા તે તેવણ નામદારના ચાર નજદિક (ખાસ) હુજ્જતોની રૂહો છે એ એ જ ચાર રૂહો તેવણ નામદારના જીબ્રાઈલ, મેકાઈલ, અસરફીલ અને અઝરાઈલ અલૈહીમુસસલામ હતા. જેમકે અમો આથી અગાઉ જણાવી ચુક્યા છીએ કે તાવીલની ભાષામાં પક્ષી, રૂહ અને ફરીશ્તાઓને કહેવામાં આવે છે, ચારની મહત્વતા એ માટે છે કે ખાસ ફરીશ્તાઓ ચાર છે અને હુઝુરી હુજ્જત પણ ચાર છે, જેનો ઉલ્લેખ થયો છે.

મુસ્તજીબ હોય કે માઝુન, શક્તિના હિસાબે પક્ષી (રૂહ–ફરીશ્તો) હોય છે. ઈબ્રાહીમે (અ.સ.) ખુદાના હુકમથી એવા દરજ્જાઓમાંથી ચારને લઈને ખાસ કેળવણી અને રૂહાનીયતના ભેદો (બતાવવા) માટે તેમનાથી વચન લીધું, આ તેવણ નામદારના ચાર પક્ષીઓને ઝુબેહ કરવાની તાવીલ છે કાપકૂપ કરવી એ રૂહાની રીતે પરીક્ષા કરવાને કહે છે. પર્વત ઉપર રાખવું એ રૂહાની ઊંચાઈનો ઈશારો છે. આ સર્વકાંઈ કર્યાં પછી જ્યારે હઝરત ઈબ્રાહીમે પોતાની રૂહાનીયતમાં તેઓને બોલાવ્યા ત્યારે ઉપર જણાવેલાં તેઓ ચાર દરજ્જાઓમાં તેવણની રૂહાની મદદના માટે હાજર થયા. અલ્લાહતઆલાનો આ ચમત્કાર કે તે મોમીનોને ગફલત અને અજ્ઞાનતાની મોતથી ઉપાડીને રૂહાનીયતની ઊંચાઈઓ ઉપર ખાસ ફરીશ્તાઓની જીંદગી અર્પણ કરે છે તે એ બાબત કરતા ઘણું જ વધારે સારૂં છે કે કોઈ શારિરિક મડદાને જીવતા કરે.

**સલમાન–બહેશ્તનો દરવાજો :**

સવાલ ૯૨ : "અસ્સલમાનુ બાબુમ્મીન અબવાબીલ જન્નતી"

અર્થાત સલમાન બહેશ્તના દરવાજાઓમાંથી એક દરવાજો છે." તમો અમને આ હદીસ સંબંધે કંઇ હિકમતો વર્ણવો.

જવાબ : જાણવું જોઇએ કે ધરતી ઉપર નાતિક અને અસાસ રૂહાનીયત અને નૂરાનીયતની જીવંત બહેશ્ત તરીકે માણસના સ્વરૂપમાં (માનવીના પોષાકમાં) હતા અને એ જ કારણ છે કે જન્નતના દરવાજા પણ જીવંત અને બોલનારા માનવીઓના સ્વરૂપમાં હતા અને જન્નતના તે બરક્તવંતા દરવાજાઓમાંથી એક દરવાજો સલમાન ફારસીની હેસીયતમાં હતો. જગતના કોઇ પણ બાગ-બગીચામાં એ ગુણો ક્યાં છે કે તેની ધરતી અકલ અને જાન તથા જ્ઞાન અને હિકમતના મૂળ ધરાવતી હોય અને તેના ફળ-ફૂલ ખુદાઇ ભેદોની મીઠાશ એ ખુદાની એક્તાની સુગંધ વડે હંમેશા હંમેશાને માટે ખીલેલાં રહે, પણ હૈયાત અને હાજર ઈમામના વ્યક્તિત્વમાં હઝરત મુહમ્મદ (સ.અ.સ.) અને હઝરત અલી (અ.સ.)નું પવીત્ર નૂર જ જીવંત બાગે બહેશ્ત છે જેનો ખુલાસો અને જેના વખાણ આવા વર્ણનમાં નથી સમાઇ શક્તા.

સલમાન ફારસી આ પવીત્ર વ્યક્તિત્વની જીવંત બહેશ્તનો દરવાજો એ અર્થમાં હતા કે તેઓ હકના પ્રચારનું એક સાધન, નૂરનો રસ્તો, હકીકી પ્રેમનો નમૂનો, ઈમામના ઈલમનો એક ભંડાર, મારફતનો ખજાનો અને રૂહાનીયતનો અરીસો હતા.

કુરાનની (૨૯/૬૪)નો ખુલાસો એ છે કે આખરતનું ઘર, પછી તે બહેશ્તમાં હોય કે દોઝખમાં, દરેક સ્થિતિમાં જીવંત છે, એનો એવો અર્થ થાય છે કે દીનના અમુક ઊંચા દરજ્જાઓ (હદૂદ) બહેશ્ત છે એટલે કે અકલે કુલ, નફસે કુલ, નાતિક અને અસાસ બહેશ્ત આઠ છે

અને તેમાંથી દરેકના બે દરજ્જા છે. બીજાં દરજ્જાઓ દરવાજાની હેસીયતે છે અને ત્રીજા દરજ્જાઓ તે લોકોના છે કે જે તે દરવાજાઓથી બહેશ્તમાં દાખલ થશે. તમો પુસ્તક "વજહે–દીન"માં આ વિષયના ખુલાસાને તપાસી જુઓ.

**તખ્લીક (રચના)ની કલ્પના :**

<u>સવાલ ૯૩ :</u> જો (કોઇ વસ્તુ) પેદા થવાની ઈસ્લામી કલ્પના, જેમકે હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (સલ્વાતુલ્લાહ અલૈહી)નું ફરમાન છે, એક હંમેશનો અને નિરંતર બનતો બનાવ છે શું તમો આ બાબતમાં કુરાનની કોઇ દલીલ રજૂ કરશો ?

<u>જવાબ :</u> પવીત્ર કુરાનમાં સુર્ય અને ચંદ્રનું એક ધારૂં ઉદય થવું અને અસ્ત પામવું તથા દિવસ અને રાત્રીનું કાયમી ફરતા રહેવું, જેની ઉપમા દીધા પછી કુદરતના સિદ્ધાંતના આ સૌથી મહાન ભેદ તરફ ઈશારો કરવામાં આવ્યો છે અને તે છે "વ કુલ્લુ ફી ફલકીય્યસબહુન" (૩૬/૪૦) "અને સઘળા પોત પોતાના વર્તુળમાં તરી રહ્યા છે." જાણવું જોઇએ કે કુરાનમાં એક વિષય એવો પણ છે જેને "કાનૂને કુલ" કહેવો જોઇએ, કેમકે તેમાં કાયનાત અને તેમાં મોજૂદ વસ્તુઓની સંપૂર્ણતાનો ઉલ્લેખ છે અને તે સંબંધે આયાતની એક સામાન્ય નીશાની એ છે કે તે (આયતો)માં "કુલ"નો શબ્દ મોજૂદ હોય છે. માટે ઉપર આવેલી આયાત કુલના સિદ્ધાંતનો એક સામાન્ય કાયદો છે કે દરેક વસ્તુ એક વર્તુળ ઉપર ફરતી રહે છે, અને રૂહ પણ એ જ સિદ્ધાંત હેઠળ છે પણ તેમાં એ સવાલ અલગ છે કે શા માટે અને કઇ રીતે ?

ખુદાવંદ આલમીને કુરાનની આયાત સિવાય જગતની જે અન્ય નીશાનીઓ (આયતો)માં ધ્યાન દેવાને માટે ફરમાવ્યું છે તેમાંથી પણ એ જ હકીક્ત સ્પષ્ટ થાય છે કે દરેક વસ્તુની અતીઘણી મુસાફરી એક વર્તુળ ઉપર ચાલી રહી છે (૨/૧૬૪) જેમકે દિવસ અને રાત્રીનું એક ધારી રીતે આવવું જવું હોડીનું વારંવાર દરિયા–સમુદ્રમાં જતા રહેવું, વરસાદ વરસવાની પરંપરા, દર વર્ષે સુકાઇ ગયેલી (મરી ગયેલી) ધરતીનું જીવંત થવું અને નાના મોટા જનાવરોનું વર્ષે વર્ષે જીવતા થવાનું ચક્કર હવાનું એક ધારૂં ચાલતા રહેવું અને વાદળોનું હંમેશા સમુદ્રથી પેદા થઇ જવું અને પછી નદીના સ્વરૂપમાં ખોવાઇ જઇને સમુદ્રમાં જઇ મળવું.

## કુરાનની રુહાનીયત :

સવાલ ૯૪ : જો કુરાનની એક મહાન રૂહ છે, જે જ્ઞાન અને અગમવાણીની એક પ્રકાશિત દુનિયાના માટે થઇ છે, તો તેના ફાયદા અને બરક્તો પ્રાપ્ત કરવાને માટે આપણે શું શું કરવું જોઇએ ? તમોએ આ સવાલ–જવાબના ક્રમના ૭મા અને ૧૧મા સવાલમાં કુરાનની રૂહના વિષે જે ઉલ્લેખ કર્યો છે તેના સંબંધે જ આ સવાલ છે.

જવાબ : તમો આ પુસ્તકના સવાલ ૧૫માં જુઓ કે દૂધ પીતા બાળકમાં બોલનારી રૂહ ક્યાંથી આવે છે અને કેવી રીતે ? એ સત્ય સ્પષ્ટ છે કે બચ્ચામાં બોલનારી રૂહ મા–બાપ અને કુટુંબની અન્ય વ્યક્તિઓથી આવે છે, બિલ્કુલ એ જ રીતે પવીત્ર કુરાનની બોલનારી રૂહ તેના રૂહાની પિતાના ઘરથી મળી શકે છે, જેનો અર્થ એ છે કે તમો અન્ય કોઇ પાસેથી રૂહાની જ્ઞાન મેળવવાના દાવેદાર

ન બનો બલ્કે હઝરત રસુલ (સ..વ.)ના ખાનદાન એટલે કે ઈમામે ઝમાનના પાક રૂહાની ઘરના દૂધ પીતાં બાળક બનો કે જેથી તમારા રૂહાની મા–બાપની વહાલ ભરેલી વાતચિત થકી તમારામાં ધીરે ધીરે કુરાની રૂહ આવી જાય, કેમકે કુરાનની રૂહ પયગમ્બર (સ.અ.સ.) પછી ફક્ત ઈમામે ઝમાન (અ.સ.)થી જ મળી શકે છે.

બીજી ઉપમા એ છે કે તમો તમારા દીલના અરીસા પરથી ગફલતનો કાટ, અજ્ઞાનતાની ધૂળને દૂર કરીને તેને એવો પાક–પવીત્ર બનાવી લ્યો કે તેમાં કુરાનના નૂરનો પ્રકાશ ચમકવા લાગે, અને દીલની એ પવીત્રતા પણ ફક્ત ઈમામે ઝમાનના જ મુબારક હાથો વડે થઈ શકે છે. જેમ આ એક સત્ ય છે કે નબુવ્વતના સમયમાં ફક્ત ખુદાના રસુલ જ મોમીનોને પાક પવીત્ર કરી દેતા હતા, જેનો ઉલ્લેખ કુરાનની ઘણી આયાતોમાં આવેલો છે.

**ઈસાનો મોઅજીઝો :**

<u>સવાલ ૯૫ :</u> એ વાતની શું તાવીલ છે કે હઝરત ઈસા માટીમાંથી ચકલીની મૂરત બનાવતા હતા, પછી તેની ઉપર ફૂંક મારતા હતા તો ખુદાના હુકમથી તે એક ચકલી બની જતી હતી ?

<u>જવાબ :</u> માટી કે જેને અરબીમાં "તુરાબ" કહે છે અને ગારો જેને "તેન" કહેવાય છે એ મોમીનોના બે દરજ્જાઓ છે. એક દરજ્જો માન્યતા અથવા તો પ્રાથમિક પ્રકારના ઈમાનનો છે જે પ્રચાર કરનારાઓ માટે મૂળભૂત મહત્ત્વતા ધરાવે છે જેની ઉપમા માટીથી આપવામાં આવી છે અને બીજો ઈલ્મ–જ્ઞાન સાથેના ઈમાનનો છે, જેની ઉપમા ગારાથી આપવામાં આવી છે. હઝરત ઈસા (અ.સ.) ગારો

લઈને પક્ષીની મૂરત બનાવતા હતા એટલે કે ઈમાન અને થોડાં ઈલ્મવાળા મોમનની માઝૂનના માટે નીમણુંક કરતા હતા. તે વેળાએ એ માણસ પોતાના મસ્તબાની ફક્ત એક ખામોશ કલ્પનાથી વધુ કંઈ હોતો નહતો, પછી તે મૂરતમાં હઝરત ઈસા (અ.સ.) કંઈક પઢીને ફૂંકતા તો ખુદાના હુકમથી તે એક ચકલી બની જતી હતી જેનો અર્થ એ છે કે તેવણ સાહેબ એ માઝૂનમાં ધીરે ધીરે તેને મદદરૂપ થનાર જ્ઞાનની રૂહ ફૂંકતા હતા જેનાથી તે રૂહાની, પક્ષી એટલે કે રૂહ અને ફરીશ્તો બની જતા હતા. હઝરત રસુલુલ્લાહે (સ.અ.વ.) મૌલા અલી (અ.સ.)ને અબુતુરાબ (માટીનો બાપ)નો ટાઈટલ આપ્યો હતો અને તેની તાવીલ એ છે કે તેઓ સાહેબ (અ.સ.) ખુદાના રસૂલ (સ.અ.સ.) પછી મોમીન મર્દ અને મોમીન સ્ત્રીઓના રૂહાની પિતા છે કેમકે માટીનો અર્થ છે ઈમાનવાળાઓ.

## ઝાડ ઉપર નૂર :

<u>સવાલ ૯૬ :</u> શું આ કોઈ દાખલો (નમૂનો) છે કે સત્ય, કે હઝરત મૂસા જેવા આગની શોધમાં નીકળ્યા કે તરતજ અચાનક તેમને ખુદા મળી ગયો ? શું તેવણે ખુદાના નૂરનો અનૂભવ (દીદાર) જાહેરી આંખોથી કર્યો કે બાતિની આંખોથી ? જો આ બનાવ તાવીલના પ્રકારનો છે તો ઝાડ (જેની ઉપર નૂર હતું)ની તાવીલ શું છે ?

<u>જવાબ :</u> આમાં ઉપમાનું પાસું સ્પષ્ટ છે કે આગનો હેતૂ છે નૂર, ઝાડનો મતલબ છે ઈસ્મે-આઝમ (૧૪/૨૪), અને ફક્ત એક દિવસમાં અચાનક નૂરનો અનુભવ નથી થયો બલ્કે હઝરત મૂસા (અ.સ.) પહેલાંથી જ રૂહાની રસ્તા ઉપર ચાલી નીકળ્યા હતા.

તેવાણને મીસરમાં જ હીજરતથી અગાઉ રૂહાની કેળવાણી મળતી હતી. તેવાણની રૂહાની માતા મીસરમાં હઝરત શોએબ (અ.સ.)ના એક દાઇ હતા. હઝરત મૂસા (અ.સ.) હીજરત પછી સીધી રીતે હઝરત શોએબ (અ.સ.)થી પણ રૂહાનીયત પ્રાપ્ત કરતા હતા.

ખુદાના નૂરનો અનુભવ માથાની આંખોથી નહી, દીલની આંખોથી થયા કરે છે અને જ્યારે જાહેર અને બાતિનની ઇંદ્રીયો એક થઇ જાય છે, તો તે વખતના અનુભવો પણ બાતિની બનાવ ગણાય છે. જેનો અર્થ એ થયો કે અંબીયા અને ઔલીયાઓની જાહેરી ઇંદ્રીયો ઉપર બાતિની ઇંદ્રીયો ઉપરવટ થઇ જાય છે.

**આસમાનની આગ :**

સવાલ ૯૭ : "ઇલ્મનો ખજાનો" ભાગ ૩ના પાના ૩૮ ઉપર લખેલું છે કે "હાબીલે એક બકરો લઇ જઇને પહાડ ઉપર રાખ્યો અને કાબીલે ખેતરમાંથી અમુક ડૂંડા લઇને રાખ્યા, તે પછી રિવાજ પ્રમાણે આકાશથી આગની એક જવાળા ઊતરી અને હાબીલની કુરબાનીને ખાઇ ગઇ." શું તે આગ ભૌતિક આગ હતી, જે દુનિયામાં સૌની સામે જાહેર છે, કે પછી તે કોઇ અન્ય વસ્તુ હતી ? શું રૂહાનીયતમાં એવી કોઇ પવીત્ર અને ચમત્કારિક આગ હોઇ શકે છે ? જો આ કુરબાનીમાં તાવીલ છે તો બકરાનો શું અર્થ છે ? આકાશી આગનો એ ચમત્કાર ક્યાં સુધી ચાલતો રહ્યો ?

જવાબ : જાણવું જોઇએ કે કુરાનની વાતો (કીસ્સાઓ) તાવીલી હિકમતથી ભરેલાં છે. દુનિયાની આગમાં એ જવાળા ક્યાં છે કે જે ફક્ત પરહેઝગારની જ કુરબાનીને કબૂલ કરીને તેની સત્યતાની સાબિતી

રજૂ કરે, માટે એ ભૌતિક આગ નહોતી બલ્કે રૂહાનીયતની પવીત્ર અને ચમત્કારી આગ હતી, જે અંબીયા અને ઈમામો (અ.સ.)ના રૂહાની મોજીઝાઓમાં સમાયેલી છે (૩/૧૮૩) બકરાનો અર્થ છે હેવાની રૂહ, હઝરત હાબીલે પોતાના નફસની કુરબાની રજૂ કરી હતી, અને ખુદાના મિત્રો હંમેશા એમ જ કરે છે. આ મહાન રૂહાની મોજીઝાની એક નાનકડી ઉપમા એ છે કે તમો અથવા કોઈ અન્ય મોમીન ક્યારે ક્યારે ઈલમ અને ઈબાદત તથા નેક વિચારોની અસરમાં અંદર અંદર જ બળવાની લાગણી ધરાવે છે, તે વખતે ન તો તે અકલ કે ન તો રૂહાની રીતે (એટલે કે ઈન્સાની રૂહથી) તે બળતો હોય છે. બલ્કે ફક્ત તેના હેવાની રૂહની કુરબાની થઈ જાય છે, જેનાથી એવા માણસમાં સુધારો આવે છે આમ આસમાની આગનો આ રૂહાની મોજીઝો હંમેશાથી છે અને હંમેશાને માટે ચાલી રહ્યો છે.

**મલ્કુત-રૂહાનીયત :**

<u>સવાલ ૯૮ :</u> મલ્કુતનો શું અર્થ છે, અને તે કઈ દુનિયા છે ? શું તેનો ઉલ્લેખ કુરાનમાં મળે છે ? જો મળે છે તો ક્યાં છે અને કેવી રીતે ? આ વિષયમાં કંઈક સિદ્ધાંતિક જ્ઞાનની જરૂરત છે.

<u>જવાબ :</u> મલ્કુતના ઘણા અર્થો છે. દાખલા તરીકે બુઝુર્ગી, કુદરત, સર્વોપસ્તિા, ઊચ્ચતા, બાદશાહી વિગેરે અને એનો અર્થ છે મલાયકોના રૂહનું જગત. મલ્કુતનો ઉલ્લેખ કુરાનની ૬/૬૫, ૭/૧૮૫, ૨૩/૮૮, ૩૬/૮૩માં મોજૂદ છે. તે માટે ફરમાવવામાં આવ્યું છે કે "અને એ રીતેજ અમો ઈબ્રાહીમ (અ.સ.)ને આસમાનો અને ઝમીનની રૂહાનીયત દેખાડતા રહ્યા કે જેથી તે ભરોસો કરનારાઓમાંનો થઈ જાય

(૬/૭૫) આ રૂહાનીયતનો અનુભવ તેઓ બાતિનની આંખોથી પોતાની અંદર જ કરતા હતા અને તેજ "ઐનૂલ યકીન"નું સ્થાન છે અને તેનો હેતૂ હક્કુલ યકીનનો છે.

એક તરફ આસમાન અને ઝમીનની બાતિની અને રૂહાની વસ્તુઓ છે અને બીજી તરફ જાહેરી અને શારીરિક વસ્તુઓ. તો ખુદાવંદ આલમીને એક જ આયતમાં બંને વસ્તુઓનો ઉલ્લેખ ફરમાવ્યો કે જેથી અક્કલવાળો મોમન મલ્કુતની કલ્પના અલગ કરે અને નાસુત (મનુષ્યની સંબંધિત)ની કલ્પના અલગ. તમો સુરહ નંબર ૭, આયત ૧૮૫માં ખૂબ ધ્યાનથી તપાસ કરો. સુરહ ૨૩ની આયત ૮૮માં ઈશારો છે કે દરેક વસ્તુની રૂહાનીયત (મલ્કુત) ખુદાના હાથમાં છે, અને પનાહ તથા નજાત એજ રૂહાનીયતની મારફતમાં છે. સુરહ ૩૬, આયત ૮૩ની હિકમત એ બતાવે છે કે જે પવીત્ર હસ્તીની કુદરતના કબ્જામાં દરેક વસ્તુની રૂહાનીયત સુરક્ષિત છે, તે પોતે તો દરેક વસ્તુથી પાક અને જુદો છે, માટે મલ્કુત દરેક અર્થમાં મોમીનોના માટે છે. ભૌતિક સ્વરૂપમાં સઘળી વસ્તુઓ નાસુત છે અને તેની રૂહાનીયત મલ્કુત છે.

દુનિયાઓ :

સવાલ ૯૯ : નાસુતનો શું અર્થ છે ? જબરૂત અને લાહુત શું છે ? ઉલવી જગત ક્યું જગત છે અને સીફલી જગત ક્યાં છે ? અમર જગત અને ખલ્ક જગત વિષે કંઈ જણાવો.

જવાબ : નાસુત શબ્દ નાસ (લોકો)થી છે. જેનો અર્થ આ દુનિયા, જેમાં લોકો (નાસ) રહે છે. મલ્કુત રૂહ અને રૂહાનીયત તથા મલાયકનું જગત છે, જેનો ઉલ્લેખ થઈ ચૂક્યો. જબરૂત અલ્લાહતઆલાની કુદરત અને ઊંચાઈનું જગત છે, લાહુતનો અર્થ છે ખુદાની ખુદાવંદી.

આલમે ઉલવી એ રૂહાની જગત છે અને સીફલી શારીરિક જગત. આલમે અમર (અમર જગત) તે જગત છે કે જે ખુદાની બાદશાહીની હેસીયતે કદીમ છે, જ્યાં સઘળી વસ્તુઓ કોઇ આરંભ કે અંત વિના હંમેશા મોજૂદ છે તેથી ત્યાં રચના (તખ્લીક)ની કોઇ શક્યતા નથી, તેમાં તો ફક્ત અમર એટલે કે આજ્ઞાથી જ જરાયે વિલંબ વિના વસ્તુઓ જાહેર થતી રહે છે અથવા એમ કહેવું જોઇએ કે ઇચ્છા અને ધ્યાનની સાથે જ અદૃશ્ય (ગાયબ) વસ્તુઓ હાજર થઇ જાય છે. આ વાતો બંદાથી સંબંધ રાખે છે ન કે ખુદા સંબંધે કેમકે તેની પવીત્ર હસ્તીના માટે જાહેર બાતિન અને હાજર–ગાયબ એક જેવાં જ છે. આલમે ખલ્ક (આ જગત) અમર જગતથી વિરૂદ્ધ છે, જે હાદીસ (અચાનક પૈદા થયેલ) છે એટલે કે હંમેશાથી નથી જેમાં કોઇ વસ્તુ હંમેશા નથી રહી શક્તી. જુદા જુદા સમયમાં વસ્તુઓ પેદા થઇ જાય છે, પછી ફના થઇ જાય છે. તખ્લીક એટલે કે રચનાનું કારખાનું આજ જગત (દુનિયા) છે.

યાદ રહે કે જગત ફક્ત બે જ છે, જે છે દુનિયા અને આખરત અને આ વિષયમાં જેટલાં પણ વધારે શબ્દો છે તે અથવા તો તે બંનેના જુદા જુદા નામ છે અથવા તેના મરતબાઓને જાહેર કરે છે.

**યદુલ્લાહની હિકમત :**

<u>સવાલ ૧૦૦ :</u> આ છેલ્લો સવાલ છે, અને કદાચ ઘણો મહત્ત્વનો છે. તે એ છે કે "યદુલ્લાહ"ની શું તાવીલ છે અલ્લાહના હાથમાં મુલ્ક (૬૭/૧) મલ્કુત (૩૬/૮૩) અને ખૈર (૩/૨૬) હોવાનો શું ઇશારો છે ? શું સઘળી વસ્તુઓ લોહે મહફૂઝમાં છે (૬/૫૯) કે

ઈમામે મુબીનમાં (૩૬/૧૨) શું દરેક વસ્તુ એક પુસ્તકમાં મર્યાદિત નથી (૭૮/૨૯) ?

<u>જવાબ :</u> ખુદાના હાથની તાવીલ છે કબ્જો, કુદરત, અધિકાર, કન્ટ્રોલ, લેવું દેવું, વસ્તુનો પોતાના માટે કે બીજાના માટે ઉપયોગ કરવો. વસ્તુઓને એકત્રિત, પ્રાપ્ત અને હાજર રાખવી વિગેરે. ખુદાના હાથની સમૂહ પ્રકારની, એકંદર તાવીલ પયગમ્બરે અકરમ (સ.અ.સ.) અને પાક ઈમામ (અ.સ.) છે, માટે ખુદાના હાથની સઘળી તાવીલો એ જ પવીત્ર હસ્તીના સંબંધે છે કેમકે તેઓના મુબારક હાથ ઉપર બૈયત કરવી, અલ્લાહના હાથ ઉપર બૈયત કરવી એમ છે (૪૮/૧૦).

પરવરદીગારે આલમના હાથમાં મુલ્ક અને મલ્કુત તથા ખૈર હોવાનો અર્થ એ છે કે તે સઘળી વસ્તુઓ પયગમ્બરે ઈસ્લામ (સ.અ.સ.) અને બરહક ઈમામના કબ્જામાં મોજૂદ છે જ્યારે કે માનવીના સ્વરૂપમાં એ જ બે મહાન ફરીશ્તાઓ ખુદાના હાથ પણ છે અને ઈલાહી ભંડાર પણ (૧૫/૨૧).

લોહે મહેફૂઝ, ઈમામે મુબીન અને પુસ્તક એક જ હકીકત છે અને સઘળી વસ્તુઓ એક જ ઠેકાણે એકઠી થયેલ છે અને તે રૂહાનીયતનું સ્થાન છે, જે ખુદાતઆલાના બરકતવંતા હાથનો દરજ્જો ધરાવે છે. તે મુહમ્મદ (સ.અ.સ.) અને અલી (અ.સ.)નું પવીત્ર નૂર છે, જેમાં સર્વ કાંઈ મોજૂદ છે મુલ્ક પણ છે અને મલ્કુત પણ. અલહમ્દુલિલ્લાહ અલા અહેસાના.

(શનિવાર ૧૭ શાબાન ૧૪૦૧ હીજરી–(૨૦–૬–૮૧) અનુવાદ ૨૫–૩–૯૪)

☆ ☆ ☆

خانهٔ حکمت